TATA IPL
તા. 21-04-2025
કોલકાતા V/s ગુજરાત
કોલકાતા • સાંજે 7.30 કલાકે

jung-e-gujarat (Daily)

# જંગ-એ-ગુજરાત

R.N.I. NO. GUJGUJ/2004/15636
દૈનિક અખબાર
સોશિયલ મિડીયા આવૃત્તિ
• તંત્રી : ધનંજય યુ. ઝવેરી • સુરત બ્યુરો ચીફ : અશેષ મોદી
• ભરૂચ બ્યુરો ચીફ : અંકિતા પાટણવાડિયા • નર્મદા બ્યુરો ચીફ : ભરત શાહ

વર્ષ : ૫ । અંક : ૨૩૯ । સોમવાર । ૨૧-૦૪-૨૦૨૫ । છૂટક નકલ : કિંમત રૂા. ૩ । વાર્ષિક લવાજમ : કિંમત રૂા. ૫૦૦ । E-mail : info@jungegujarat.in । મો. નં. ૯૯૭૮૪૦૬૨૫૭

### મૂશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ

# જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદઃ કુલ ૮ના મોત

### ભારે તારા[illegible], ૧૦૦થી વધુનું રેસ્ક્યૂ : પરિવહન સેવાઓ ખોરવાઈ, સેકડોં વાહનો ફસા[illegible]ાઃ જરૂરી વસ્તુઓનો પુરવઠો પણ મળી રહ્યો નથી અનેક ઘરોમાં પાણી ફરી વળ્યાઃ બાળકો, વરિષ્ઠો અને બીમાર લોકોની સ્થિતિ વધુ દયનીય બની છે





**જમ્મુ-કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લો કુદરતના કહેરનો સામનો કરી રહ્યું છે. સતત મૂશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે.

જિલ્લાના અનેક હિસ્સામાં પુરની સ્થિતિ સર્જાઈ છે. આભ ફાટતાં અનેક ઘર ધરાશાયી થયા છે. અત્યારસુધીમાં આઠના મોત નીપજ્યા છે. જ્યારે ૧૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ધર્મકુંડ ગામમાં ૪૦-૫૦ ઘરો ધરાશાયી થયા છે.

જમ્મુ-શ્રીનગરની જીવન રેખા ગણાતા નેશનલ હાઈવે ૪૪ પર ઠેર ઠેર કાદવ-કીચડ અને પથ્થરોનો ખડકલો ઉભો થયો છે. જેના કારણે હાઈવે લગભગ બંધ થયો છે. પરિવહન સેવાઓ ખોરવાઈ છે. સેકડોં વાહનો ફસાયા છે. જરૂરી વસ્તુઓનો પુરવઠો પણ મળી રહ્યો નથી. અનેક ઘરોમાં પાણી ફરી વળ્યા છે. બાળકો, વરિષ્ઠો અને બીમાર લોકોની સ્થિતિ વધુ દયનીય બની છે.

કાશ્મીરમાં બપોરે બરફના કરાં પડવાની અને વાવાઝોડું ફૂંકાવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વર્તમાન સિસ્ટમ પર નજર રાખતાં હવામાન વિભાગે આજના દિવસે રેડ એલર્ટ જારી કર્યું છે. આવતીકાલથી હવામાનમાં સુધારો થવાની શક્યતા દર્શાવી છે. અરનાસ વિસ્તારના લમસોરા નંબર બેના એક ખાનાબદોષ પરિવાર પર વીજળી પડી છે. જેમાં વધુ બે લોકોના મોત નીપજ્યા છે. એક મહિલા ઘાયલ થઈ છે. વીજ પડવાથી ૪૦-૫૦ ઘેટાં-બકરાંઓના પણ મોત થયા છે. બાગનામાં પણ ઘર પાણીમાં વહી જતાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી મૂશળધાર વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે શનિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી ભારે વરસાદ થઈ રહ્યો છે. રામબન વિસ્તારોમાં ઘર જમીન-દોસ્ત થયા છે. માન બનિહાલમાં ૭૧ mm, કાજી કુંડમાં ૫૩ mm, કુકરબાગમાં ૪૩ mm, પહેલગામમાં ૩૪ mm, શ્રીનગરમાં ૧૨ mm વરસાદ થયો છે. શ્રીનગર દક્ષિણમાં ૮૦-૧૦૦ mm વરસાદ પડ્યો છે.

ભારે વરસાદના કારણે રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર હાઈવે પર ભયાવહ ભૂસ્ખલન થયુ છે. જેના લીધે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. હજારો ખાનગી વાહનો રસ્તા પર છોડવા લોકો મજબૂર બન્યા છે. સ્થાનિક સત્તાધીશોએ લોકોને સુરક્ષિત સ્થળે જવા અપીલ કરી છે. તેમજ હાઈવે પર મુસાફરી ન કરવા કહ્યું છે.

## નેપાળમાં હિન્દુ રાષ્ટ્ર અને રાજાશાહી જાહેર કરવા હજારો સમર્થકો PM આવાસ પહોંચ્યા

### ૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી

**નેપાળ**

નેપાળમાં પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહના સમર્થકોએ ફરી વિરોધ શરૂ કરી દેશને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા તેમજ રાજાના હાથમાં સોંપવાની માંગ સાથે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. રાજાશાહીના રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી ના હજારો નેતાઓ અને કાર્યકર્તાઓ આજે (૨૦ એપ્રિલ) વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થા અને સંસદ ભવન પહોંચ્યા હતા, જ્યાં તેમણે દેખાવો સાથે રેલી કાઢી હતી.

સમર્થકો દેશને રાજાશાહીના હાથમાં સોંપવા તેમજ દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની માંગ કરી રહ્યા છે.

આરપીપી પાર્ટીના અધ્યક્ષના નેતૃત્વ હેઠળ યોજાયેલા દેખાવોમાં લગભગ ૧૫૦૦ દેખાવકારો બિજુલીબાજાર-બાનેશ્વર વિસ્તારમાં એકત્ર થયા હતા અને 'ગણતંત્ર વ્યવસ્થા મુર્દાબાદ, અમને રાજાશાહી પાછી જોઈએ, ભ્રષ્ટ સરકાર મુર્દાબાદ, નેપાળને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરો, જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

પાર્ટીના અધ્યક્ષ રાજેન્દ્ર, વરિષ્ઠ નેતા પશુપતિ શમશેર રાણા અને પૂર્વ પોલીસ મહાનિરીક્ષક ધ્રુબ બહાદુર પ્રધા સહિત અન્ય લોકોએ પણ દેખાવો અને રેલીઓમાં જોડાયા હતા. દેખાવકારોએ ચીમકી આપી છે કે, તેઓ સરકારના આદેશની અવગણના કરશે અને પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ કરશે.

આ પહેલા ૨૮ માર્ચની સવારે કાઠમાંડૂના તિનકૂને વિસ્તારમાં રાજાશાહી સમર્થક રેલી શરૂ થઈ હતી. આ રેલી સંસદ ભવન નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી. ૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી.

સમર્થકોએ અનેક ઘર, ઈમારતો અને દુકાનોને આગ ચાંપી હતી. આ દરમિયાન હજારો લોકોએ દેખાવો કર્યા હતા. જેમને રોકવા માટે નેપાળ સરકાર પોલીસ અને સેનાનો બળ પ્રયોગ કર્યો હતો. જેના કારણે દેશના અનેક વિસ્તારોમાં સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગ લગાવી દીધી હતી. ટોળાને વિખેરવા માટે પોલીસે આંસુ ગેસનો મારો ચલાવ્યો હતો સાથે જ રબરની ગોળીઓ ચલાવી હતી. આ ઘર્ષણમાં બેનાં મોત જ્યારે ૩૦ને ઈજા થઈ હતી.

હજારો પ્રદર્શનકારીઓએ નેપાળનો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને પૂર્વ રાજા ગ્યાનેંદ્ર શાહની તસવીર સાથે સાથે રાજા આવો દેશ બચાવો, ભ્રષ્ટ સરકાર મુર્દાબાદ, હમે રાજાશાહી વાપસ ચાહીએ જેવા નારા લગાવ્યા હતા.

સ્થિતિને ધ્યાનમાં રાખીને હાલ હિંસા ભડકાવનારા અનેક લોકોની અટકાયત કરાઇ હતી, જ્યારે કરફ્યૂના ઉલ્લંઘન બદલ અનેક યુવાઓની ધરપકડ પણ કરાઇ હતી.

વર્ષ ૨૦૦૮માં નેપાળ સરકારે સંસદમાં કાયદો પસાર કરીને રાજાશાહીને ખતમ કરી નાખી હતી. જેને પગલે નેપાળ ભારતની જેમ એક લોકશાહી શાસનવાળો દેશ બની ગયો હતો. એવામાં હવે હાલની સરકારના ભ્રષ્ટાચાર અને નપળા શાસનને કારણે ફરી રાજાશાહીની માગણી તિવ્ર બની છે.

નેપાળમાં વર્ષ ૨૦૦૮થી અત્યાર સુધી ૧૩ વખત સરકારો બદલાઇ ચુકી છે, વારંવાર સરકારો બદલાવી અને ભ્રષ્ટાચાર, નબળી આર્થિક સ્થિતિ, બેરોજગારી, ગરીબી આ બધી બાબતોને કારણે જનતાનો લોકશાહી પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે અને તેથી રાજાશાહીની માગણી સાથે વિરોધ પ્રદર્શન હવે હિંસક સ્વરુપ લઇ ચુક્યું છે.

### બેંગ્લોર એરપોર્ટ પર સ્ટાફમાં અંધાધૂંધી મચી ગઈ

## પાર્ક કરેલા ઈન્ડિગો પ્લેન સાથે ટેમ્પો ટ્રાવેલર અથડાયુ

### અકસ્માતમાં ટેમ્પો ટ્રાવેલરની છતને ભારે નુકસાન થયું હતુંઃ ગાડીનો કાચ તૂટી ગયો હતો અને ડ્રાઈવરને ઈજા થઈ હતી

**બેંગલુરુ**

બેંગલુરુ એરપોર્ટ પર થયેલા અકસ્માતની માહિતી સામે આવી છે. જોકે આ અકસ્માત શુક્રવાર, ૧૮ એપ્રિલના રોજ થયો હતો, પરંતુ ઈન્ડિગો એરલાઈન્સે અકસ્માત અંગે માહિતી આપતું નિવેદન બહાર પાડ્યું છે. બન્યું એવું કે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક LFA પાર્કિંગ બે ૭૧ માં ઈન્ડિગો એરલાઈન્સનું વિમાન પાર્ક કરવામાં આવ્યું હતું ત્યારે અચાનક એક ટેમ્પો ટ્રાવેલર વિમાનના આગળના ભાગ સાથે અથડાયું.

આ અકસ્માતમાં ટેમ્પો ટ્રાવેલરની છતને ભારે નુકસાન થયું હતું. ગાડીનો કાચ તૂટી ગયો હતો અને ડ્રાઈવરને ઈજા થઈ હતી. વિમાન અને ટેમ્પો વચ્ચેની ટક્કર જોઈને એરપોર્ટ સ્ટાફમાં ગભરાટ ફેલાઈ ગયો. સુરક્ષા કર્મચારીઓ, સ્ટાફ, ઈજનેરો અને અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને બચાવ કામગીરી શરૂ કરી. ઈન્ડિગો એરલાઈન્સના અધિકારીઓને પણ અકસ્માતની જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને નુકસાનનો અંદાજ કાઢ્યો.

## સમગ્ર અમેરિકામાં ટ્રમ્પનો વિરોધઃ લોકો માર્ગો પર ઊતર્યા, ૭૦૦થી વધુ ધરણાં-રેલી યોજ્યાં

**વોશિંગ્ટન**

અમેરિકામાં ફરી એકવાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ લોકોનો રોષ ભભૂક્યો હતો. સમગ્ર અમેરિકામાં શનિવારે હજારો દેખાવકારો ફરી એકવાર માર્ગો પર ઊતરી આવ્યા હતા.

આ લોકોએ ટ્રમ્પની નીતિઓ સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી અનુસાર ન્યુયોર્ક, વોશિંગ્ટન અને શિકાગો જેવા શહેરોમાં ૫ એપ્રિલે યોજાયેલા દેખાવોની તુલનાએ ભલે આ વખતે ઓછા લોકો દેખાવોમાં સામેલ થયા હતા. પરંતુ આ વખતે જેક્સનવિલે, ફ્લોરિડાથી લઈને લોસ એન્જેલસ સુધી ૭૦૦ થી વધુ ધરણાં-રેલીનું આયોજન કરાયું હતું. દેખાવકારોએ ઈમિગ્રેશન, સંઘીય નોકરીમાં મોટો કાપ, આર્થિક નીતિઓ અને ટેરિફ વૉર જેવા અન્ય મુદ્દાઓ પર ચિંતાનો હવાલો આપતાં ડોનાલ્ડ ટ્રમ્પ સામે નાગરિકોની સ્વતંત્રતા અને કાયદાના શાસનને કચડી નાખવાનો આરોપ મૂક્યો હતો. વોશિંગ્ટનની રેલીમાં એક વ્યક્તિએ કહ્યું કે મને એ વાતની ચિંતા છે કે તંત્ર કોઈ યોગ્ય પ્રક્રિયાના પાલન વગર ગેરકાયદે પ્રવાસીઓને દેશમાંથી કાઢી મૂકતા રોકાશે નહીં અને અમેરિકાના નાગરિકોને પણ જેલભેગા કરશે તથા દેશમાંથી કાઢી મૂકશે.

Market4u (OPC) Pvt. Ltd.
MARKET 4U
ISO 9001:2015 Certified Company
દ્વારા ઉત્પાદિત
બાયો મેગ્નેટીક મેટ્રેસ કિટ
"જટિલ રોગો અનેક, ઈલાજ માત્ર એક"
ડાયાબિટીસ | સાંધાના દુ:ખાવા | કોલેસ્ટ્રોલ | ગેસ-એસીડીટી
બ્લડ પ્રેશર | સ્નાયુના દુ:ખાવા | માયગ્રેન | ચામડીના રોગો
થાઈરોઈડ | કમરનો દુ:ખાવો | પેરાલીસીસ | અનિંદ્રા
સીંગલ બેડ : રૂા. ૩૮૦૦ + GST
ડબલ બેડ : રૂા. ૭૬૦૦ + GST
ભરૂચ : ૧૩, પ્રિતમ સોસાયટી-૧, કસક
કમર, પીઠ, બાવડા અને ઘૂંટણના દુ:ખાવાથી છુટકારો આપતો અકસીર કમર-ઘૂંટણ બેલ્ટ
9978406923 - 9904734000

"ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ" સાથે જોડાવા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો, યુટ્યુબરો સહિત ગુજરાતના નાગરિકો ને પણ ડોનર મેમ્બર તરીકે જોડાવા આવકારતા આનંદ અનુભવી છીએ.
અમારી સંસ્થાને મળેલ ડોનેશન માંથી જોડાયેલ તમામ સભ્યોને અકસ્માત મૃત્યુ સહાય તરીકે એક લાખ ચુકવવામાં આવશે જેથી દાનવીરો વધુમાં વધુ ડોનેશન આપે તેવી અપેક્ષા.
BPVP ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ
CIN : U85300GJ2022NPL137457 • PAN : AALCB2751K • TAN : BRDB04432B
મિડિયા મેમ્બરશીપ ડોનેશન - Rs. 1100/-
ડોનર મેમ્બરશીપ ડોનેશન - Rs. 550/-
આઇકાર્ડ આપવામાં આવશે.
www.bpvp.org માં એક વર્ષ ઓનલાઈન જાહેરાત ફ્રી મૂકી શકાશે
ધનંજય ઝવેરી ચેરમેન
99047 33000, 99047 34000
Account Details :- Bharatvarsh Patrakar Vikas Parishad
Act No. 20509905899 IFSC code : SBIN0009164
State Bank Of India, Pritam Nagar Branch, Bharuch - 392001.
Web : bpvp.org - Email : dbmarket4u@gmail.com
હેડ ઓફીસ:-13 પ્રીતમ સોસાયટી-1 કસક.ભરૂચ - 392001

ભરૂચની 24 કલાક પેથોલોજીસ્ટ ડોકટર દ્વારા સેવા આપતી એક માત્ર લેબોરેટરી
Ami Laboratory
Since 1996
(Computerised Laboratory)
Manoj Shah (Director) 98241 56125
Dr. Nishith Thakor (M.D. Pathology)
Dr. Rupal Vasava (M.B., D.C.P.)
Dr. Prashant Rabadia ( M.B.,D.C.P. )
(Full time Night pathologist)
Khyati Patel (Microbiologist)
Kalindi Shah (Microbiologist)
• Blood Test • Covid-19 RTPCR • Culture Test
• Urine Test • Biopsy report (Blood, Urine,
• Stool Test • cancer marker test Stool, Sputum)
અધતન મશીનરી દ્વારા તમામ પ્રકારના લોહીના, યુરીન, ગળફાના ટેસ્ટ કરી આપવામાં આવે છે.
Main Branch: 4-5-6-7, Ground Floor, Status Hub, Nr. O.N.G.C. Dispensary, Falshruti Nagar, Station Road, Bharuch - 392001 • Mo. No. : 83205 83138
On Panel : ONGC & LIC
Zadeshwar Branch: 107, Sundaram Residency, Nr. Jyotinagar Water Tank, Zadeshwar Road, Bholav, Bharuch. 90231 44964
Panchbatti Branch: Under Zain Hospital, B/h. Janta Market-II, Sunrise Park Lane, Panch Batti, Bharuch. 70690 22492

તંત્રી લેખ

# ધનખડના સવાલ

તમિલનાડુના રાજ્યપાલ તરફથી વિધાનસભાથી પસાર વિધેયકોને રોકવા પર સુપ્રીમ કોર્ટના હાલના ચુકાદાએ જે ચર્ચા શરૂ કરી હતી, તેને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની એ કઠોર ટિપ્પણી વધુ ગરમાવશે કે ન્યાયપાલિકા 'સુપર સંસદ' બનવાની કોશિશ ન કરે. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલોને વિધેયકો પર ત્રણ મહિનામાં ફેંસલો લેવાનો આદેશ આપતાં એમ પણ કહ્યું હતું કે જો રાજ્યપાલ કોઇ વિધેયકને ગેરબંધારણીય માનતાં રાષ્ટ્રપતિ પાસે મોકલે તો તેઓ ન્યાયપાલિકાની સલાહ લે, તેથી એ સવાલ ઊભો થયો કે તેને આવો આદેશ આપવાનો અધિકાર છે? આ સવાલ એટલા માટે પણ ઊઠ્યો, કારણ કે ચુકાદો સુપ્રીમ કોર્ટની બે સદસ્યોની પીઠે આપી દીધો, નહીં કે બંધારણીય પીઠે! આ સવાલ વચ્ચે એવા સંકેત આપવામાં આવ્યા કે સરકાર આ ચુકાદાની સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટ જઈ શકે છે. સરકાર સુપ્રીમ કોર્ટ જશે કે નહીં, આ પ્રશ્ન એની જગ્યાએ ઊભો જ રહેશે કે શું સુપ્રીમ કોર્ટ રાજ્યપાલોને વિધેયકો પર નિર્ણય લેવા માટે સમયસીમામાં બાંધતાં રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે? આ પ્રશ્ન વચ્ચે એની અવગણના ન થવી જોઇએ કે આ આદર્શ સ્થિતિ નથી કે રાજ્યપાલ વિધેયકો પર કોઈ નિર્ણય લીધા વિના તેમને લાંબા સમય સુધી દબાવી રાખે. એ સામાન્ય વાત નથી કે તમિલનાડુના રાજ્યપાલ લગભગ એક ડઝન વિધેયકો રોકીને બેઠા હતા. તેમાંથી કેટલાક વર્ષો પહેલાં પસાર કરવામાં આવ્યા હતા. એવું નહોતું થવું જોઇતું.

રાજ્યપાલે ગુણ-દોષના આધાર પર વિધેયકો પર કાં તો ખુદ નિર્ણય લેવો જોઇએ કે પછી તેને રાષ્ટ્રપતિ પાસે મોકલવા જોઇએ. વિધેયક દબાવીને બેસવાનો અર્થ છે, રાજ્ય સરકારના શાસન કરવાના અધિકાર અને જનતાના હિતોની અવગણના કરવી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર ઉપરાષ્ટ્રપતિ ધનખડના વાંધાનો પોતાનો આધાર હોઈ શકે છે, પરંતુ એ પણ ઠીક નથી કે રાજ્યપાલ વિધેયકો પર નિર્ણય જ ન લે. મહત્ત્વપૂર્ણ અને રાજ્યપાલ જેવા બંધારણીય પદો પર બેઠેલા લોકો પાસે એ જ અપેક્ષિત હોય છે કે તેઓ સમય પર નિર્ણય લે. જ્યારે એવું નથી, ત્યારે જ સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરાનો મોકો મળે છે, પરંતુ એ પણ ન થવું જોઇએ કે તે હસ્તક્ષેપના નામે પોતાના અધિકારોના દાયરાથી બહાર જતી દેખાય. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો સાથે રાષ્ટ્રપતિને જ સમયસીમામાં નથી બાંધ્યા, બલ્કે તમિલનાડુના એ વિધેયકોને મંજૂરી પણ આપી દીધી, જેને રાજ્યપાલે રોકી રાખ્યાં હતાં. આના પહેલાં આવું ક્યારેય નથી થયું. આ પહેલી વાર નથી, જ્યારે અધિકારોને લઈને ન્યાયપાલિકા, કાર્યપાલિકા અને વિધાયિકામાં તકરાર થઈ હોય. આવી તકરાર ત્યાં સુધી થતી રહેશે, જ્યાં સુધી આ ત્રણેય પોતાનું કામ સમય પર અને યોગ્ય રીતે નહીં કરે અને તેનાં દુષ્પરિણામ ભોગવે છે જનતા.

# ગંભીર કેસોમાં ન્યાયાધીશો પાસે વધુ સંવેદનાની આશા

હાલમાં એવી ઘટનાઓ વધતી દેખાઈ રહી છે, જેમાં હાઇકોર્ટો સંવેદનહીન ટિપ્પણી કરે છે અને સર્વોચ્ચ અદાલત તેની ઝાટકણી કાઢે છે. ગત દિવસોમાં અલ્હાબાદ હાઈકોર્ટમાં બળાત્કારના એક કેસની સુનાવણી દરમ્યાન કહેવામાં આવ્યું કે ફરિયાદકર્તાએ પોતે જ મુસીબત નોંતરી, જેના પર સર્વોચ્ચ ન્યાયાલયે વાંધો ઉઠાવ્યો. આરોપીના બોલાવવાથી કોઈ યુવતીનું તેના ઘરે જવું માત્ર ઔપચારિકતા છે, આમંત્રણ નહીં. સ્ત્રી-પુરુષ સાથે ખાય-પીવે, વાતો કરે, એક સાથે બેસી શકે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે પુરુષ સહમતિ વિના યૌનાચાર (અપરાધ) કરે અને જો એવું થાય છે તો અદાલતનું કામ છે કે તે યોગ્ય સજા સંભળાવે. પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટ એ આશા પર ખરી ન ઉતરી શકી. ૧૭ માર્ચે તેણે એક અન્ય કેસની સુનાવણી કરતાં કહ્યું હતું કે કોઇ મહિલાના સ્તન પકડવા કે તેની સલવારનું નાડું ખેંચવું બળાત્કારની દાનત સાબિત કરવા માટે પૂરતું નથી! આ તો ભયાવહ ટિપ્પણી હતી, જેની સ્વાભાવિક જ સાર્વજનિક નિંદા થઈ. નવા કાયદામાં એવું કરવું દુષ્કર્મની કોશિશ માનવામાં આવ્યું છે.

અસલમાં ભારતીય ન્યાયપાલિકામાં ત્રણ સ્તર (નીચલી, ઉચ્ચ અને સર્વોચ્ચ અદાલત)વાળી વ્યવસ્થા એટલા માટે બનાવવામાં આવી, કારણ કે એ માનવામાં આવ્યું તું કે એક જ સ્તર પર હોવાથી તથ્યોને એકત્ર કરવા, તેની વ્યાખ્યા કરવી અને અંતિમ ચુકાદો આપવો ઘણું મુશ્કેલ થઈ શકે છે. આ કોઈ એકકોર્ટથી સંભવ નથી. તેથી નીચલી અદાલતોમાં પોલીસની મદદથી તથ્યો (પુરાવા) એકત્ર કરવામાં આવે છે અને એક નિશ્ચય પર પહોંચીને ફેંસલો આપવામાં આવે છે. જ્યારે, ઉચ્ચ ન્યાયાલયમાં તમામ તથ્યોને કાયદાના ત્રાજવા પર તોલીને, અલગ-અલગ ચિંતન પ્રક્રિયા દ્વારા ન્યાય કરવામાં આવે છે. અસલમાં દરેક વ્યક્તિની પ્રતિભા અને તેનો પરિવેશ અલગ હોય છે. લાલન-પાલન અને પૃષ્ઠભૂમિને કારણે જ કેટલાક જજોમાં અતિવાદી માનસિકતા દેખાય છે. એનાથી ચુકાદાઓમાં કંઇક ખામી રહી શકે છે. પરિણામે લોકો સર્વોચ્ચ અદાલત તરફ જાય છે, જેથી વધુ પરિપક્વ અને દરેક પાસા પર કામ કરી ચૂકેલા ન્યાયાધીશ યોગ્ય ચુકાદો આપી શકે.

સવાલ છે, હાલની વ્યવસ્થામાં સુધાર કઈ રીતે લાવવામાં આવે? થવું તો એ જોઇએ કે મુખ્ય ન્યાયાધીશને, જે તમામ ન્યાયાધીશોને વિભિન્ન પ્રકારના કેસો સુનાવણી માટે સોંપે છે, એ સુનિશ્ચિત કરવું જોઇએ કે બાળકો અને સ્ત્રીઓના કેસો તેના પ્રત્યે વધુ સંવેદનશીલ અને આ કેસોના ગહન જાણકાર ન્યાયાધીશોને જ સોંપવામાં આવે. એમ પણ જે પ્રકારે આજકાલ ઘરથી માંડીને બજાર, સંસ્થા, ત્યાં સુધી કે હોસ્પિટલો અને પોલીસ ચોકીઓ સુદ્ધાંમાં મહિલાઓને નિશાનો બનાવવામાં આવે છે, ત્યારે એ જરૂરી છે કે જજોમાં સંવેદનશીલતા વધે. એ જ રતે પોલીસ, ન્યાયાધીશ અને અધિકારીઓને બાળ અને મહિલા હિતેષી કાયદાની જાણકારી, વ્યાખ્યા, નિકાલ અને ચુકાદાઓને લઈને ખાસ પ્રશિક્ષણ આપવું જોઇએ. એવું ન થાય કે એક કોર્ટને બીજી કોર્ટ દ્વારા રોજ ઝાટકણી કાઢવામાં આવે. શાલીનતાથી આવા કેસોનો નિકાલ થવો જોઇએ, જેથી પીડિતોને ન્યાય મળે.

તલાક, દહેજ ઉત્પીડન વગેરે કેસો પણ અદાલતોમાં જથ્થાબંધ ભાવે પહોંચી રહ્યા છે. ફરિયાદી સ્ત્રીઓ સામે વકીલો ત્રણ-ચાર કેસોમાં ફસાવી દેવાના વિકલ્પ આપે છે અને સ્ત્રીઓ એવું કરે પણ છે. આવા કેસોમાં પણ અદાલતોએ સંવેદનશીલતા રાખવાની જરૂર છે. એક જ જગ્યાએ કેસ થવો જોઇએ, જેથી આરોપી યુવક આ કેસોમાં અલગ-અલગ ઝઝૂમતો ન રહે. કેટલાય એવા કેસ આવ્યા છે, જેમાં આવા કેસોથી ગભરાઈને આરોપીએ આત્મહત્યા પણ કરી લીધી હોય.

# "કાળકેય"નો વધ કરવાં કુંભજ ઋષિ એક જ અંજલિમાં આખાં સમુદ્રનુ જળ પી જાય છે.

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઋષિઓ એ સદીઓ પહેલાં માનવીય જીવન કેવું હતું? તેનાં પર વૈદિક શાસ્ત્રો લખીને આપણી સંસ્કૃતિની રચના કરી છે, એમ પણ કહી શકાય. એટલે કે આવનારી પેઢીએ કઈ રીતે જીવવું એનો સ્પષ્ટ સંદેશ વર્ણવ્યો હોય, અથવા તો એના પરથી નિયમો બનાવ્યા હોય, તેને પરંપરા કહેવામાં આવે છે. ઘણીવાર પરંપરાનું આંધળું અનુસરણ જડતા પણ લાવી શકે, એટલે એ ઋષિમુનિઓના કહેવાનું તાત્પર્ય સમજીને એ મુજબ પરંપરાને પ્રવાહી બનાવવી જોઈએ. ઈતિહાસમાં નજર કરીએ તો હિંદુ સંસ્કૃતિના પાયામાં રહેલા ઋષિઓના જન્મ તેમજ તેમના જીવન ઘણીવાર વિચિત્ર કહી શકાય, એવું પણ તેના પરથી ફલિત થાય. છતાં જેનો મુખ્ય ઉદ્દેશ, માનવીય જન્મમાં ઈશ્વરની સાધના કરી લેવી, એ જ જેનું જીવનનું મહત્વનું કર્મ હોય, તેને ઋષિ કહી શકાય. પછી તે યુગ ગમે તે હોય, કળિયુગમાં પણ જેનું સૌથી મહત્વનું કાર્ય, હરિ રૂપે રહેલા આ જગતને પ્રેમ કરવાનું છે. અથવા તો તત્વતઃ ચૈતન્યના ચિદવિલાસ આગળ સમગ્ર સૃષ્ટિ સંચાલિત છે, એવું જ્ઞાન પ્રાપ્ત થતાં મનના તમામ વિકારો ધીરે ધીરે ઓગળી જાય, અને હૃદયમાં પરમ તત્વ પ્રત્યે પૂર્ણ પ્રેમ પ્રગટ થાય, આવું જ્ઞાન પ્રાપ્ત થયાં પછી જે કોઈ નિર્મળ નિર્મોહી થઈ સંસારમાં ત્યાગ બલિદાન અને સમર્પણ જેવા અદકેરા ગુણો થકી જીવન વ્યતીત કરે, તે આજેપણ ઋષિ છે. આપણે ત્રેતા કાળમાં થઈ ઋષિઓ વિશે ચિંતન કરી રહ્યા છીએ અને એ જ સમયગાળામાં થઇ ગયેલા અન્ય એક ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિ વિશે વાત કરીશું.

આમ તો કુંભજ નામ પરથીજ સૌને ખ્યાલ આવી જાય કે તેનો જન્મ કુંભ દ્વારા થયો હશે. મિત્રા અને વરુણ એક દિવસ ભગવાન આદિત્યના યજ્ઞમાં હાજરી આપવા જાય છે, અને ત્યાં આગળ સ્વર્ગની સર્વશ્રેષ્ઠ સુંદર એવી અપ્સરા ઉર્વશીને જોઈને વરુણનું તેજ સ્ખલિત થઇ જાય છે, જેમાંનું અર્ધું એક કુંભમાં પડે છે, અને આમ મિત્રા વરુણ અને માતા ઉર્વશીના સંતાન તરીકે કુંભમાંથી એક બાળક જન્મે છે,તે કુંભજ ઋષિ તરીકે પ્રસિદ્ધ છે. વિજ્ઞાન આજે કળિયુગની આટલી સદીએ પણ હજી એટલી પ્રસિદ્ધિ પામ્યું નથી, ત્યારે મહર્ષિનાં તેજથી આ રીતે પુત્ર જન્મ પણ થતાં હતાં,એ છે આપણી સંસ્કૃતિની મહત્તા,જો કે સાથે સાથે અન્ય ગુણ તરફ પણ નિર્દેશ કરે છે. ખેર કુંભજ ઋષિએ પોતાના જીવનમાં ઈશ્વર સાધના સિવાય લોક ઉપયોગી ઘણાં સારાં કાર્યો કર્યા છે.

પુરાણમાં બતાવ્યાં મુજબ એ સમયે સુર અને અસુર વચ્ચે વારંવાર યુદ્ધો થતાં હતાં, અને અસુરો પોતાનું સામ્રાજ્ય વધારવા માટે વારંવાર પ્રજાને પરેશાન કરતા હતાં, અને એમાં પણ સાગર પાન કરનારા અસુરો સંતાઈને સમુદ્રનું પાણી ચૂસી લેતા હતાં, અને પ્રજા ત્રાહિમામ પોકારી જતી હતી. એ સમયે ઈન્દ્રએ અસૂરો ના વધ માટે અગ્નિ અને વાયુને સમુદ્રનું પાણી શોષી લેવાની આજ્ઞા કરી. પરંતુ તે બંને એ ઈન્દ્રની આજ્ઞા માની નહીં, આથી ઈન્દ્રએ તેને શ્રાપ આપ્યો, અને પછીના મન્વંતર માં અગ્નિ અને વાયુ બંને મિત્રાવરુણ ના સંતાન તરીકે એક જ દેહમાં જન્મ લે છે. કાળકેય નામનો અસુર, કે જે સંમુદ્રમા સંતાઈ ગયો હોય છે. તેનો વધ કરવા,કુંભજ ઋષિ એક જ અંજલિમાં સારાં સમુદ્રનું જળ પી જાય છે, અને તે અગસ્ત્ય નામે પણ ઓળખાય છે.

વિંધ્યાચળ નામનો પર્વત ખૂબ જ વધતો હતો અને આ રીતે સૂર્ય નાં માર્ગમાં રુકાવટ ઊભી કરતો હતો. વિંધ્યાચળ પર્વત અગસ્ત્ય મુનિ નો શિષ્ય હતો, આથી દેવો પોતાને વ્યથા સંભળાવવા અગસ્ત્ય મુનિ પાસે આવે છે, અને વિંધ્યાચલ અને સમજાવવાનું



સદગુરુ કૃપા હી કેવલમ.
પરિચય- ફાલ્ગુની વસાવડા.
શીર્ષક- ચિંતનની ક્ષણે.

કહે છે. અગસ્ત્ય ઋષિ વિંધ્યાચળ પાસે આવે છે, તેમને જોઈને વિંધ્યાચળ દંડવત પ્રણામ કરે છે. અગસ્ત્ય મુનિ વિંધ્યાચળને કહે છે કે, તું હવે આમ જ રહેજે, હું દક્ષિણના પ્રવાસે જઈ ને પાછો આવું ત્યાં સુધી તું ઊભો થતો નહીં, અને આમ વિંધ્યાચળ ગુરુના પાછા આવવાની રાહ જોઈ રહે છે, પરંતુ ગુરુ પાછા આવતા નથી. તેથી મિથ્યા વાયદાને અગત્યના વાયદા સાથે પણ સરખાવવામાં આવે છે.

એકવાર સ્વપ્નમાં ઋષિએ પોતાના પિતૃઓને ખાઈમાં ઉંધામાથે લટકતા જોયાં, તેમણે તેમને પૂછ્યું કે તમારી આ દશા કોણે કરી? ત્યારે તેમણે તેને જણાવ્યું કે તને જ્યારે બાળક થશે ત્યારે જ અમારી આ દશા માંથી મુક્તિ થશે. અગસ્ત્ય ઋષિએ લગ્ન કરવાનો વિચાર કર્યો પરંતુ સારા સંસારમાં તેને પોતાને લાયક કોઈ સ્ત્રી દેખાતી નથી આથી તેણે પોતાના તપના બળે મેળે જ એક સુંદર કન્યા બનાવી,અને તેનું નામ લોપામુદ્રા રાખ્યું. છૂપી રીતે આ કન્યાને વિદર્ભ રાજાના મહેલમાં મૂકી આવે છે અને તે કન્યા મોટી થતાં તેની સાથે લગ્ન કરે છે અને તેનાથી તેને દૃઢાસ્ય દૃઢસ્યુ નામના બે પુત્રો થાય છે.

રામચંદ્રશ્રીરામજી જ્યારે સીતાજીની ખોળ કરતાં-કરતાં ત્યાં આવ્યા ત્યારે અગત્સ્ય ઋષિએ તેમને થોડા દિવસ તેમના આશ્રમમાં જ પ્રેમથી રોક્યા. વળી તેમણે ભગવાનને વિરજા નામની શૈવદીક્ષા આપી જેમા એમાં આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવું, રુદ્રાક્ષ ધારણ કરવા અને શિવમંત્ર જપવાનો હોય છે. તેમની પાસે અનેક અમોઘ અને અજોડ શસ્ત્રાસ્ત્ર હતા તે ભગવાન રામને વિદાય થતી વેળા સોપ્યા.


ઈંદ્રને શાપિત થતાં 1000 વર્ષ માટે ગાદી છોડવી પડી અને નહુષ રાજાને દેવોએ થોડો વખત ઈંદ્રની ગાદી સંભાળવા બોલાવેલા. તે વેળા તેણે આળસુ થઈ સાત ઋષિઓ પાસે પાલખી ઉપડાવેલીને ઋષિઓને ચાલતાં વાર લાગી ત્યારે પાલખીમાંથી સર્પ, સર્પ એટલે જલદી ચાલો, જલદી ચાલો એમ તે બોલતો. આ સાંભળી અગસ્ત્યે તેને શાપ આપ્યો કે તું સર્પ થઈ પૃથ્વી પર પડ.

અગસ્ત્ય મુનિ એટલે કે કુંભજ ઋષિનો દક્ષિણમાં નિવાસ વધુ રહ્યો હોવાથી, તેમણે દ્રવિડમાં ઘણા શાસ્ત્રોની રચના કરી છે. અગત્ય ગીતા નામે એક ગ્રંથ પણ બહુ પ્રચલિત છે, આ ઉપરાંત તમિલ ભાષાના તે શોધક ગણાય છે. તેમણે નૌકા શાસ્ત્રની પણ રચના કરી છે, અને પહેલવહેલી હોડી પણ બનાવી હતી, અને દેશોદેશ મુસાફરી કરી સમુદ્ર માર્ગે ઘણા દેશની શોધ પણ તેમણે કરી હતી. આ ઉપરાંત અગસ્ત્ય મત નામના શાસ્ત્ર એ રત્ન શાસ્ત્ર છે, જેમાં રત્નો વિશેની માહિતી આપવામાં આવી છે. રત્નની ઉત્પત્તિ તથા તેનાં લક્ષણ, ગુણ અને પરીક્ષાનું વર્ણન છે.અગસ્ત્ય સંહિતા એ વિષ્ણુ પૂજન કરવાની રીતિ દર્શાવતું શાસ્ત્ર છે, જેની રચના અગસ્ત્ય મુનિએ કરેલી.આદિત્યહૃદયમ સ્તોત્ર તેમણે ભગવાન રામને રાવણ સામે યુધ્ધ કરતા પહેલા આપ્યું હતું.તેમણે શ્રીલલિતાસહસ્ત્ર સ્તોત્રની રચના કરી હતી. અગસ્ત્ય ઋષિ તંત્રશાસ્ત્રના આચાર્ય પણ હતા અને તેમાં ઊંડુ જ્ઞાન ધરાવતા.વળી તેઓ ઉત્તમ તત્ત્વવેત્તા હતા, તેમણે બ્રહ્મપુરાણ અને વૈદવિદ્યા ઉપર ઘણું ભાષ્ય લખેલું છે.ધનુર્વિદ્યામાં પણ તેઓ પારંગત હતાં, અને હમેશ ધનુષ્ય સાથે રાખી ફરતાં હતાં. અગસ્ત્યાશ્રમ મદ્રાસ પાસે અગસ્ત્યકૂટ નામનો પર્વત આવેલો છે. એક માન્યતા મુજબ અગસ્ત્ય ઋષિ હજી હયાત છે અને તિનેવેલીમાં આવેલા આ પર્વત ઉપર રહેતા મનાય છે.

આમ અનેકોનેક સિદ્ધિ પ્રસિદ્ધિને હાંસલ કરવા વાળા ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિના જીવનમાંથી આપણે તો ફક્ત એટલી જ પ્રેરણા લેવાની છે કે, આ કાચી માટીનો કુંભ નંદવાઈ જાય, એ પહેલાં એમની જેમ એકાદ વિશિષ્ટ કાર્ય કરી લઈએ. બીજુ કંઈ નહીં તો દુઃખ હંમેશા માનવીને દરિયા જેવડુ મોટું લાગતું હોય છે, તો એ દુઃખનાં દરિયાને પી જઈને હરિનામ સ્મરણ કે ઈશ્વર અનુસંધાન બનાવી રાખીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# સુરત શહેર હોમગાર્ડઝ દ્વારા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની ઉજવણી કરાઈ





સુરત શહેર હોમગાર્ડઝ દ્વારા વિશ્વ લીવર દિવસની ઉજવણીના ભાગ રૂપે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની ઉજવણી કરવામાં આવી.

ગુજરાત સરકારના ગૃહ વિભાગના હોમગાર્ડઝ દળના કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ સાહેબના માર્ગદર્શન નીચે આજરોજ સુરત શહેર કમાન્ડન્ટ ડો. પ્રફુલ શિરોયાના માર્ગદર્શન નીચે શહેરના છ યુનિટ અને એક મહિલા યુનિટના કુલ ૧૩૭૮ હોમગાર્ડઝ ને પહેલું સુખ તે જાતે નર્યા એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો સાથે બી ઝોન વરાછા ખાતે થી ઈન્ટરવહીલ ક્લબ ઓફ સુરત ઈસ્ટ ના પ્રમુખ ડો. ઈલા મેઘાણી દ્વારા ચાર બાબતે ધ્યાન રાખવા માટે જણાવેલ

સંતુલિત આહાર-ફળો-શાકભાજી મિલેટ (આખા અનાજ અને પ્રોટીન) યુક્ત ખોરાક લેવો જોઈએ

ગળ્યું અને તળેલું જંક ફૂડ ખાવાનું ટાળો

જીવનશૈલીમાં નિયમિત કસરત, પૂરતી ઊંઘ, તણાવનું વ્યવસ્થાપન છ થી સાત કલાક ઊંઘ.

સમયસર ભોજન

કમાન્ડન્ટ ડો. શિરોયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય શ્રી જે પી નડાના માર્ગદર્શન નીચે ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ મેદસ્વિતા સામે જાગૃતિ લાવીને સ્વસ્થ ભારતનું નિર્માણ થઈ શકે છે તેમ જણાવે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે શરીર માટે બે કલાક વ્યાયામ મગજ માટે ૬ કલાકની ઊંઘ લેવાથી દવા વગર સ્વસ્થ રહી શકાય તેમ જણાવેલ.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી એ વિશ્વયુક્ત (લીવર) દિવસ પ્રસંગે એક અભિયાન શરૂ કરવા માટે જણાવ્યું હતું કે આયોજનમાં તેલનો વપરાશ ૧૦ ટકા ઘટાડવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી.

સી ઝોનમાં સેકન્ડ ઈન કમાન્ડ શ્રી પ્રણવ ઠાકર સિ ઝોનમાં ઓ.સી. ગિરીશ પટેલ અને અન્ય અધિકારી સાથે સ્ટાફ ઓફિસર તાલીમ મેહુલ મોદી, સ્ટાફ ઓફિસર મેડિકલ ડો. જીગ્નેશ પટેલ, તાપ ઓફિસર મહિલા ધર્મિષ્ઠાબેન અને ઓ.સી. એ ઝોન દિનેશ પરમાર સાથે એ ઝોન અને મહિલા યુનિટ રાંદેર ઝોનમાં સ્ટાફ ઓફિસર સ્પોર્ટ્સ કૈઝાદ વાડીયા સાથે સ્ટાફ ઓફિસર પબ્લિસિટી જીગ્નેશ ઠાકોર, રાંદેર યુનિટ ઓ.સી. રાકેશ ઠક્કર, સચિન યુનિટ અધિકારી થોમસ પઠારે, ડી ઝોન જયંતીભાઈ દવે એ કાર્યક્રમ માં ભાગ લઈને સફળ બનાવ્યો હતો.

# વલસાડ જિલ્લામાં રાષ્ટ્રગીતનું અપમાન?... રાજકીય ગરમાવો

## રાષ્ટ્રગીતના અપમાન બદલ ભાજપ રાષ્ટ્રદ્રોહનો ગુનો નોંધાવશેઃ વલસાડ સાંસદ

**વલસાડ**



વલસાડ જિલ્લાની પારડી નગરપાલિકામાં રાષ્ટ્રગીતના અપમાનનો મુદ્દો ગરમાયો છે. પારડી પાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષ તરફથી યોગ્ય જવાબ નહી મળતાં વિરોધપક્ષના નેતા બિપીન પટેલે ચાલુ રાષ્ટ્રગીત દરમિયાન હોબાળો કરી તોફાન મચાવ્યુ હતુ. બિપીન પટેલે કરેલા હોબાળાને રાષ્ટ્રગીતનું અપમાનનો મુદ્દો બનાવી ભાજપે રાષ્ટ્રદ્રોહનો ગુનો નોંધાવવાની વાત કરતાં વલસાડ જિલ્લાનું રાજકારણ ગરમાયુ છે.

પારડી નગરપાલિકાની સામાન્ય સભા તોફાની બની હતી. વિરોધપક્ષના બિપીન પટેલ રાષ્ટ્રગીત ચાલુ હતુ તે દરમિયાવ ટેબલ પર ચઢી નાસ્તાની ડીસ ફેંકી સત્તાધીશો સામે હંગામો મચાવ્યો હતો. કોંગ્રેસના સભ્યોએ સામાન્ય સભામાં પોતાના વિસ્તાર તેમજ શહેરની સમસ્યાઓ બાબતે સવાલ કર્યા હતા. આ સવાલોના સત્તાધીશોએ જવાબ નહી આપીને રાષ્ટ્રગીત શરૂ કરી દીધુ હતુ. તે સમયે બિપીન પટેલે હોબાળો કરી સમસ્યાઓ બાબતે જવાબ માગ્યા હતા. વિરોધપક્ષના સભ્યોએ કરેલા સવાલોનો જવાબ આપવાના બદલે સત્તાધીશોએ રાષ્ટ્રગીત શરૂ કરી દેતા પારદર્શક કામગીરી બાબતે સવાલ ઉઠ્યા હતા.

પારડી નગરપાલિકામાં ભાજપની બહુમતી છે. કોંગ્રેસનાં માત્ર 4 સભ્યો ચૂંટાયા છે. ચૂંટણી બાદ પારડી નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા મળી હતી. એજન્ડાના કામોની સાથે પ્રમુખ સ્થાનેથી રજૂ થતાં અન્ય કામો અંગે ચર્ચા થનાર હતી. પરંતુ અગાઉની સભાઓમાં રજૂ થયેલા કામો અંગે વિરોધ પક્ષના નેતા બીપીન પટેલે સત્તાધીશોને સવાલ કરતાં માહોલ ગરમાયો હતો. હંગામો વધતાં ભાજપના સભ્યોએ સભા પૂર્ણ કરી રાષ્ટ્રગીત શરૂ કરી દીધું હતું. જેને લઈ બિપીન પટેલે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ મુદ્દાને શાસકપક્ષના નેતાઓએ રાષ્ટ્રગીતના અપમાનનો મુદ્દો બનાવી દીધો હતો. વિરોધપક્ષના નેતાએ રાષ્ટ્રગીતની આમન્યા જાળવી નહી હોવાનો આરોપ લગાવતા રાજકારણ ગરમાયુ છે.

વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ બિપીન પટેલ વિરૂદ્ધ રાષ્ટ્રદ્રોહનો ગુનો નોંધાવવાનું કહી રાષ્ટ્રગીતનું અપમાન કોંગ્રેસની દેશવિરોધી માનસિકતા ગણાવી હતી. તેમણે વધુમાં જણાવ્યુ કે, કોંગ્રેસના મનમાં રાષ્ટ્રગીત પ્રત્યે નફરત છે. બિપીન પટેલે રાષ્ટ્રગીત ચાલુ હોવા છતાં ટેબલ પર ચડી તોફાન કર્યુ હતુ. વિરોધપક્ષના નેતાએ રાષ્ટ્રગીતની આમન્યા જાળવી નહોતી. જ્યારે કોંગ્રેસના કોર્પોરેટર અને વિરોધપક્ષના નેતા બિપીન પટેલે જણાવ્યુ કે, શાસકપક્ષે શહેરની સમસ્યાઓના જવાબ આપવા ન પડે તે માટે સામાન્ય સભા ચાલુ હોવા છતાં રાષ્ટ્રગીતનું ગાન શરૂ કરી દીધુ હતુ. અમે જવાબ માગતા તેને રાષ્ટ્રગીતના અપમાનનો મુદ્દો બનાવી દીધો છે.

# શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહેલી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાને હવે માત્ર એક સપ્તાહનો સમય બાકી

**નર્મદા પરિક્રમા ગત તા. ૨૯ માર્ચથી શરૂ થઈને આગામી ૨૭મી એપ્રિલ સુધી ચાલશે, લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ-ભક્તોએ માં નર્મદાની પરિક્રમા કરી ધન્યતા અનુભવીઃ નર્મદા પરિક્રમાનું લોકોને ઘેલું લાગ્યું રાત-દિવસ પરિક્રમા શ્રદ્ધાળુઓ કરી રહ્યા છે ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સવારે ૮ કલાકે ૧૧,૬૦૦ અને ૮ થી ૧૨ બપોરના કલાકમાં ૧૩૨૩ હેડ કાઉન્ટ ટોટલ પરિક્રમાવાસી ૭,૧૪,૭૮૧ નોંધાયા**





**રાજપીપલા**

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરાઘાટથી શ્રી રણછોડરાયના મંદિર અને તિલકવાડાથી પ્રારંભ થતી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા પંચકોશી શાંતિપૂર્ણ માહોલમાં સરળ અને સ્મૂથ રીતે ચાલી રહી છે. આ ૧૪ કિ.મી.ની પરિક્રમા કરવા માટે લોકોનું ઘોડાપુર ઉમટી પડે છે અને શનિ-રવિના રજાના દિવસોમાં લોકો મોટી સંખ્યામાં આવે છે. જેને પગલે જિલ્લા કલેકટર શ્રી એસ.કે. મોદી દ્વારા કરાયેલી અપીલની પણ અસર જોવા મળી છે અને ભક્તો સુચારૂરીતે હાલમાં પરિક્રમા કરી રહ્યા છે. આ પરિક્રમાને હવે માત્ર એક સપ્તાહનો સમય બાકી છે. જેના પગલે વહીવટીતંત્ર દ્વારા ભીડને નિયંત્રણ અને પરિક્રમાવાસીઓને તકલીફ ન પડે તે માટે સુચારૂ અને સુદ્રઢ આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. જિલ્લા પોલીસવડાશ્રી પ્રશાંત સુંબે દ્વારા પણ વધારાનો પોલીસ ફોર્સ ડે-નાઈટ ગોઠવવામાં આવ્યો છે. એવી જ રીતે જિલ્લા કલેકટરશ્રીના સૂચનને ધ્યાન રાખી આ પરિક્રમામાં કાયદો વ્યવસ્થા અને સરળ સંચાલન માટે મહેસુલ વિભાગ દ્વારા આસપાસના જિલ્લામાંથી ૪ નાયબ કલેકટરશ્રીઓ અને ૮ જેટલા મામલતદારશ્રીઓને પરિક્રમા માટે ખાસ વધારાની ફરજો સોપીને જિલ્લા કલેકટરશ્રી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. સાથે સાથે વહીવટીતંત્રના જિલ્લાના કર્મચારી,અધિકારીઓને પણ પરિક્રમા પૂર્ણ થાય ત્યાં સુધી ફરજો સોંપવામાં આવી છે. આ તમામ અધિકારી, કર્મચારીઓને પરિક્રમાના નોડલ અધિકારી અને ડી.આર.ડી.એ.ના શ્રી જે. કે. જાદવના સતત માર્ગદર્શન-સંકલન અને મોનિટરિંગ દ્વારા પરિક્રમા સરળ રીતે હાલમાં ચાલી રહી છે. શ્રી જે. કે. જાદવ દ્વારા પણ પાંચ વાર પરિક્રમા કરવામાં આવી છે અને ગઈકાલે તેઓ પરિક્રમા કરીને રેંગણઘાટ પર આવતા હાજર કર્મચારી, અધિકારી દ્વારા ચા પીવડાવી સ્વાગત કરી અભિનંદન પાઠવી તેઓ નોમીનેટેડ આઈ.એ.એસ બનતા તેઓને શુભેચ્છા આપવામાં આવી હતી અને તેમની કામગીરીની સરાહના કરી હતી.

નર્મદા પરિક્રમાનું લોકો શ્રદ્ધાળુઓને ઘેલું લાગ્યું છે. પ્રાકૃતિક નૈસર્ગિક વાતાવરણમાં ખળખળ વહેતી માં નર્મદા દર્શન સાથે પરિક્રમા કરીને લોકો ધન્યતા અનુભવી નર્મદે હરના નાદ સાથે પરિક્રમા કરી રહ્યા છે. આજે ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રાત્રી થી સવારના ૮ કલાકે ૧૧૬૦૦ અને સવારે ૮ થી બપોરના ૧૨ કલાકમાં ૧૩૨૩ હેડ કાઉન્ટ થયા હતા અને કુલ ટોટલ પરીક્રમાવાસી ૭, ૧૪, ૭૮૧ જેટલા નોંધાયા છે. બીજી ભીડ વધી જતા હજારોની સંખ્યામાંથી પસાર થઈ ચૂક્યા છે. આમ નર્મદા પરિક્રમા શ્રદ્ધાળુઓ ભક્તોને આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર બની પરિક્રમામાં પિયરિયાની જેમ લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. તંત્ર પણ તેમની સેવા માટે અને સ્વૈચ્છિક સંસ્થા સંગઠન પણ કામે લાગ્યા છે. આશ્રમો પણ વિસામો ચા પાણી નાસ્તાથી દિલથી સેવા પૂરી પાડીને પુણ્ય કમાઈ રહ્યા છે.

પરિક્રમાવાસીઓને આરામ કરવા માટે વિસામો ખુરશી, મંડપ, પંખા, લાઈટ, સ્નાન માટે ફુવારા, ટોયલેટ, રસ્તો, નાવડી, બેરીકેટિંગ, બાકડા અને માઈક દ્વારા સંગીત અને નર્મદે હરના નાદથી યાત્રા સુખદ અને સુંદર વાતાવરણ ખડુ કરે છે. સુપ્રભાતે અને સાંજે સંગીત સાથે લોકોનો થાક પણ ગાયબ થઈ જાય છે અને લોકો હોશથી જોશથી પરિક્રમા કરી રહ્યા છે જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતના અને અન્ય રાજ્યોમાંથી પણ પરિક્રમા કરવા ભક્તો આવી રહ્યા છે. આજે મહારાષ્ટ્રના નાશિક ખાતેથી પરિક્રમા કરવા આવેલા સાઈકલ સવારોએ સ્વચ્છ નર્મદા-નિર્મલ નર્મદા વૃક્ષો વાવો જળ હી જીવન હૈ અને પર્યાવરણ જાળવણીએ આપણી જવાબદારી છે. તેવા પ્લેકાર્ડ સાથે સંદેશો આપતા પરિક્રમા કરી હતી અને તંત્ર દ્વારા ઊભી કરેલી વ્યવસ્થા જોઈને મિનિ કુંભ વાહ સુંદર વ્યવસ્થા છે તેની સરાહના કરતા થાકતા નથી. આજે માહિતી ખાતાની ટીમ દ્વારા પરિક્રમા કરીને આંખે દેખ્યો પરિક્રમા ચિતાર રજૂ કર્યો છે.



સાથે પરિક્રમા રૂટના રસ્તા પર નાની-મોટી દુકાનો, ફળ, ફ્રૂટ અને ઠંડાપીણા, આઈસ્ક્રીમના સ્ટોલ તથા સખી મંડળની બહેનોની સેવાની અને આરોગ્ય વિભાગની પણ સરાહના કરી રહ્યાં છે. પરિક્રમાવાસીઓને સેવકો દાતાઓ મન દઈને આગ્રહ પૂર્વક જમાડે છે. નાસ્તો, ચા-પાણી આપે છે. જેમાં તરબૂચ, કેળા વેફર, રાજગરાનો શીરો, છાશ, ચા-કોફી, નાસ્તો, ભજીયા, ગાંઠીયા, સેવ-મમરા, વઘારેલી ખીચડી પણ ભાવથી પીરસી રહ્યા છે. પરિક્રમાવાસીઓ તેને પણ પ્રસાદ રૂપે પ્રેમથી આરોગે છે.

રૂટના દરેક ઘાટ પર સિક્યુરિટી, હોમગાર્ડ, પોલીસ અને સ્વયંસેવકો, કર્મચારીઓ-અધિકારીઓ તૈનાત છે અને પરિક્રમાવાસીઓને માર્ગદર્શન કરી મદદ કરી રહ્યા છે અને કંટ્રોલરૂમ અને વહીવટી તંત્રના સંકલનમાં અને વોટશેપ ગ્રુપમાં પળેપળની વિગતો અને માહિતી શેર કરી રહ્યા છે. તેનાથી જ્યાં લાઈટ પાણી ન હોય તો ત્યાં તુરત જ વ્યવસ્થા ઉભી કરીને પરિક્રમાવાસીને તકલીફ ન પડે તેવી સુંદર કામગીરી કરી રહ્યા છે. ખેડૂતોએ પણ તેમના ખેતરો પાર્કિંગ માટે તેમજ મંડપ છાયડાની વ્યવસ્થા ઊભી કરી છે.

પરિક્રમામાં સરકારી કર્મચારી, અધિકારીઓ, પદાધિકારીઓ, મહિલાઓ, બાળકો, સિનિયર સિટીઝન પણ પરિક્રમા નિરાંતે શાંતિપૂર્ણ માહોલમાં પુરા ભક્તિભાવ સાથે નર્મદે હરના નાદ સાથે કરી રહ્યા છે અને લોકો મોબાઈલમાં સેલ્ફી-વિડીયો, ફોટો કેદ કરીને કાયમી યાદગીરી માટે લઈ રહ્યાં છે. આ એક મહિનો ચાલનારી પરિક્રમા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી છે જે ૨૭ મી એપ્રિલે શાંતીપૂર્ણ માહોલમાં સંપન્ન થશે તેવો વહીવટી તંત્ર વિશ્વાસ વ્યક્ત કરી રહ્યાં છે.

# સાળાની પ્રેમિકાના પરિવાર દ્વારા બનેવીની અપહરણ બાદ હત્યા

**હત્યા કરી મૃતદેહ કેનાલમાં ફેંકી દીધો, ગણતરીના કલાકોમાં પાંચની ધરપકડ કરતી પોલીસ**





**સુરત**

સાળાએ યુવતી સાથે પ્રેમ કર્યો અને ભગાવીને લઈ ગયો, પરંતુ સજા જીજાજીને મળી હોવાની ઘટના સામે આવી હતી. યુવતીના પરિવારના સભ્યોએ જીજાજીનું અપહરણ બાદ હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દીધી હતી. આ સમગ્ર મામલે પોલીસે ગણતરીના કલાકોમાં જ યુવતીના ભાઈ સહિત બે આરોપી બાદ છેલ્લા પાંચ દિવસમાં વધુ ત્રણ મળી કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

8 એપ્રિલ 2025ના રોજ સાંજે છ વાગ્યા આસપાસ કાપોદ્રા કપૂરવાડી ખોડિયાર નગર ખાતે શાકભાજી વેચવા માટે ગયેલા પ્રમોદ ચૌધરી નામનો વ્યક્તિ ગુમ થયો હોવા બાબતે આરતીદેવી નામની મહિલાએ 9 એપ્રિલ 2025ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં મિસિંગ ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગુમ થયેલા પ્રમોદ ચૌધરીની હત્યા થઈ હોવાની જાણ પોલીસને 14 એપ્રિલના રોજ થઈ હતી.

પોલીસને જાણવા મળ્યું હતું કે, પ્રમોદ ચૌધરીનો સાળો ધનંજય ચૌધરી એક યુવતીને ભગાવીને લઈ ગયો હતો અને આ બાબતે યુવતીના પરિવારના સભ્યો દ્વારા પ્રમોદ ચૌધરીને 24 કલાકમાં



ઉઠાવી લેવાની ધમકી આપવામાં આવી હતી. તેથી આ સમગ્ર મામલે પોલીસે યુવતીના ભાઈ નિતેશ બૈઈઠાની પૂછપરછ કરી અને ત્યારબાદ પોલીસને જાણવા મળ્યું કે, ગુમ થયેલો પ્રમોદ ચૌધરીને ગુમ થયાના બીજા દિવસે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેની લાશને પીપોદરા કેનાલમાં ફેંકી દેવામાં આવી હતી.

કેનાલમાં પ્રમોદ ચૌધરીની લાશ ઓલપાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા કારેલી ગામ નજીકથી મળી આવી હતી અને ઓલપાડ પોલીસે આ બાબતે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો. લાશના ફોટોગ્રાફ જાહેર કરતા કાપોદ્રા પોલીસને પણ જાણ થઈ હતી કે પ્રમોદની હત્યા થઈ છે અને તેની લાશ ઓલપાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી મળી છે. બીજી તરફ બે દિવસ સુધી ઓલપાડ પોલીસને આ લાશના વાલી વારસાની જાણ ન થઈ હોવાના કારણે પોલીસે લાશના અંતિમસંસ્કાર પણ કરી દીધા હતા.

કાપોદ્રા પોલીસ દ્વારા યુવતીના ભાઈ નિતેશ અને દીક્ષિતની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે, 8 એપ્રિલ 2025ના રોજ નિતેશ અગાઉ જ્યાં ગેરેજમાં કામ કરતો હતો તેના માલિક મોહિત પરવડીયા તેમજ તેના મિત્રો કપિલ, જય ઉર્ફે બાવો અને દીક્ષિત મકવાણાની મદદથી પ્રમોદ ચૌધરીનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ પ્રમોદને માર મારી તેનો સાળો ધનંજય યુવતીને કયા લઈ ગયો છે તેની પૂછપરછ કરી હતી. પ્રમોદને આ બાબતે કઈ ખબર ન હતી, પરંતુ આરોપીઓએ પ્રમોદને વધુ માર મારતા તે બેભાન થઈ ગયો હતો.

તમામ પાંચેયે પ્રમોદના મૃતદેહને કેનાલમાં નાખી દેવાનું નક્કી કર્યું હતું. 9 એપ્રિલ 2025ના રોજ રાત્રે 4:30 વાગ્યા આસપાસ આરોપીઓએ પીપોદરા નજીક કેનાલમાં મૃતદેહ નાખી દીધો હતો અને ત્યારબાદ તમામ ફરાર થઈ ગયા હતા. પોલીસે આ સમગ્ર મામલે નિતેશ અને દીક્ષિતની ગણતરીની કલાકોમાં ધરપકડ કરી હતી અને અન્ય ત્રણ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડી પાડવામાં આવ્યા છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે સૌરાષ્ટ્રથી 25 વર્ષીય મોહિત ઉર્ફે ભાણો ગેરેજ કરશનભાઈ પરવાડીયા, બાદમાં વડોદરાથી 43 વર્ષીય કપિલ લાલજીભાઈ કોલડિયા અને સીમડા નહેર ખાતેથી જય ઉર્ફે બાવો લશ્કરીની ધરપકડ કરી હતી.

# ત્રણ યુવકે ટ્રેનમાંથી એક યુવકને ઉતારીને બેરહમીથી ફટકાર્યો

**વીડિયો વાઈરલ થતાં પોલીસે એકની ધરપકડ કરી**

**સુરત**

સુરતમાં એક અજીબ કિસ્સો સામે આવ્યો છે, ત્રણ જેટલા યુવકો દ્વારા એક યુવકને માર મારવામાં આવ્યો હતો અને તેનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. આ વીડિયો વાઈરલ થવાના પગલે આંખો મામલો સામે આવ્યો હતો અને આ ઘટનામાં પીડિત બનનારે ફરિયાદ નોંધાવતા એક યુવકની વીડિયો આધારે ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય બેની શોધખોળની દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, ગત 3 એપ્રિલના રોજ 22 વર્ષીય અફઝલઅલી સૈયદ મિત્રો સાથે મહારાષ્ટ્ર ખાતેથી અજમેર શરીફ ખાતે જવા માટે ટ્રેનમાં બેસીને નીકળ્યો હતો. આ દરમિયાન ઉધના રેલ્વે સ્ટેશન ખાતે રાત્રીના આશરે ત્રણ વાગ્યાના આજબાજુ ટ્રેન ઉભી રહેતા શોએબ બિલ્ડરે અફઝલ અલને “ચલ બહાર જાકે આતે હૈ” તેમ જણાવીને ટ્રેનમાંથી ઉતારીને ચાલતા-ચાલતા રેલ્વે સ્ટેશન બહાર લઈ ગયો હતો. જ્યાંથી રિક્ષામાં બળજબરીથી બેસાડી લઈને ગયા હતા.

રાત્રીના ચાર વાગ્યાના અરસામાં મહિધરપુરા ગોલવાડ ડી.કે.એમ હોસ્પિટલ પાછળ લીંબડી શેરીના નાકા પાસે જાહેર રોડ ઉપર શોયેબ બિલ્ડર, શોયબ ખાન પઠાણ ઉર્ફે ખુફિયા અને જુનેદ અલીએ 22 વર્ષીય અફઝલઅલી સૈયદને માર માર્યો હતો. પહેલા યુવક સાથે ઝપાઝપી કરવા લાગેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડાના ફટકા તેમજ ટાઈલ્સ વડે પગમાં તેમજ શરીરના અન્ય ભાગ પર મારીને ઈજા પહોંચાડી હતી.

જીવ બચાવવા માટે ત્યાંથી ભાગી જઈને યુવક બહેનના ઘરે લિંબાયત ખાતે જતો રહ્યો હતો. ત્યારબાદમાં બે દિવસ બાદ મૂળ વતન ચોપડા (મહારાસ્ટ્ર) ખાતે યુવક જતો રહ્યો હતો. બાદમાં સોશિયલ મીડિયામાં યુવકને માર મારતો વીડિયો વાઈરલ થયો હતો. જેથી, આ બાબતે યુવકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં શોએબ બીલ્ડર, શોએબ ખાન પઠાણ ઉર્ફે ખુફિયા અને જુનેદ અલી વિરૂધ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી મહિધરપુરા પોલીસ દ્વારા શોએબ પઠાણની ધરપકડ કરી હતી.

# રાજપીપળા ચોકડીથી GIDC સુધીનો રસ્તો 28 દિવસ માટે બંધ

**અંકલેશ્વર**

અંકલેશ્વરમાં રાજપીપળા ચોકડીથી GIDC વિસ્તાર તરફ જતો સદાનંદ હોટલ પાસેનો રોડ 28 દિવસ માટે બંધ કરવામાં આવ્યો છે. આ માર્ગ છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં હતો.

નોટીફાઈડ એરિયા ઓથોરિટીએ રોડની કામગીરી શરૂ કરી હતી. પરંતુ અડધો રોડ બન્યા બાદ કામગીરી અટકી ગઈ હતી. આના કારણે એક તરફનો રોડ બન્યો હતો અને બીજી તરફનો બાકી હતો. આથી ટ્રાફિક સમસ્યા અને ધૂળની સમસ્યા સર્જાઈ હતી.

સ્થાનિક સ્ટે લેનાર વ્યક્તિ સાથે નોટીફાઈડ વિભાગે વાટાઘાટ કરી સમસ્યાનું નિરાકરણ લાવ્યું છે. હવે સ્ટે દૂર થતાં અધિક કલેકટરે 28 દિવસ માટે રોડ બંધ કરવાનું જાહેરનામું બહાર પાડ્યું છે.

વૈકલ્પિક માર્ગ તરીકે ભરૂચથી અંકલેશ્વર GIDC જવા માટે રાજપીપળા ચોકડીથી ઓવરબ્રિજ થઈને દેસાઈ પેટ્રોલ પંપથી સલ્ફયુરિક ચોકડી તરફના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. GIDC વિસ્તારમાંથી બહાર જવા માટે અંકલેશ્વર-વાલિયા રોડ થઈને વાલિયા ચોકડી તરફના માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. સુરતથી અંકલેશ્વર GIDC જવા માટે અંકલેશ્વર-વાલિયા ચોકડીથી GIDC તરફના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

# ભરૂચ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

**ભરૂચ**



ભરૂચ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષતામાં જિલ્લા આયોજન ભવનના સભાખંડમાં મળી હતી. બેઠકમાં વિવિધ પ્રશ્નો અંગે ઝડપી કાર્યવાહી કરવા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠકમાં, જનપ્રતિનિધિશ્રીઓએ ડી.જી.વી.સી.એલ., જમીન શાખા, ખાણ અને ખનીજ વિભાગ, ડી.આઈ.એલ.આર., નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, બીએસએનએલ વિભાગ, દબાણ હટાવની કામગીરી જેવા પ્રજાલક્ષી પ્રશ્નો મુદ્દાઓ ઉપર વિસ્તૃત રીતે ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીશ્રીઓએ જવાબ રજૂ કર્યા હતા.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓનું ચોમાસા પહેલા પેચવર્ક કરવા, ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને પ્રજાજનોના પીવાના પાણીના પ્રશ્નો અને સિંચાઈને પ્રાયોરિટીમાં લઈ તેને હલ કરવા સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત સામે પરામર્શ અને નિરાકરણ માટે જિલ્લા કલેક્ટરશ્રીએ જન પ્રતિનિધિશ્રીઓ દ્વારા રજૂ કરાયેલ પ્રશ્નો ધ્યાને લઈ ઉપસ્થિત લગત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી હતી. વધુમાં, તપાસણીને લગતી બેઠક અને રિવ્યૂ કામગીરી સમયાંતરે કરવા તેમજ પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તે દિશામાં ત્વરીત કામગીરી હાથ ધરવા તાકીદ કરી લોકોની જરૂરિયાતો અને તેમના પ્રશ્નોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા અંગે સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ધારાસભ્ય સર્વેશ્રીઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરીને સુનિશ્ચિત સમય મર્યાદામાં પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીશ્રીઓને નિર્દેશ આપ્યાં હતા.

આ તકે, અધ્યક્ષસ્થાનેથી આગામી ચોમાસાની ઋતુ પહેલાં સુજલામ સૂફલામ યોજના લોકભાગીદારીના કામો કરવા વિભાગના અધિકારીઓને સૂચનો આપ્યા હતા. ચોમાસા પહેલા 'કેચ ધ રેઈન' અભિયાન અંર્તગત રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાના ટૂંકાગાળાનું આયોજન કરી કામગીરી કરવા જણાવ્યું હતું.

ઉક્ત બેઠકમાં શ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વાંસદીયા, સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી ડી.કે.સ્વામી, શ્રી રિતેશભાઈ વસાવા, જિલ્લા પોલીસ વડાશ્રી મયુર ચાવડા, પ્રાયોજના વહીવટદારશ્રી, નિવાસી અધિક કલેક્ટરશ્રી એન.આર. ધાંધલ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિતના સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને

# ભરૂચમાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

**ભરૂચ**

ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વાંસિયા, ઝઘડીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી રિતેશ વસાવા, પ્રાયોજના વહીવટદારશ્રી તેમજ અન્ય પદાધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં ભરૂચ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ યોજના હેઠળ ઘઉ, ચોખા અને ફી સેલ ખાંડનાં જથ્થાની સમીક્ષા તેમજ વ્યાજબી ભાવની દુકાનોના સ્થળફેર કરવા બાબતે આવેલી રજૂઆતોની સમીક્ષા કરી નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોના પ્રશ્નો અને રજુઆતોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ગૌરાંગ મકવાણાનાએ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકારના સભ્યોને વિવિધ માર્ગદર્શક સૂચનો કર્યો હતા. જિલ્લાના રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજ વસ્તુઓનો પુરવઠો સરળતાથી મળી રહે, ગેરરિતીઓ અટકે તે માટે વિવિધ સ્થળોએ પુરવઠા વિભાગ દ્નારા દ્વારા સતત તપાસણીઓ કરી કશુરવારો સામે નિયમોનુસારની જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં, ભરૂચ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કૌશિક પટેલ, ભરૂચ નગર પાલિકા પ્રમુખ વિભૂતીબા યાદવ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તેમજ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વાગરા તાલુકાના નાંદીડા ગામ ખાતે ગેરકાયદે ખનનપ્રવૃત્તિની તપાસ: ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત

### શેરપુરા ખાતેથી સાદી રેતી ખનીજનું બિનઅધિકૃત વહન કરતી ટ્રક જપ્ત કરી અંદજિત ૩૦ લાખની રકમનો મુદ્દામાલ જપ્ત

**ભરૂચ**

ગત તારીખ ૧૭ એપ્રિલ અને ૧૮ મી એપ્રિલ ૨૦૨૫ના રોજ ભૂસ્તશાસ્ત્રીશ્રી ભરૂચની સૂચનાથી ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા રાત્રીના સમયે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના નાંદીડા ગામ ખાતે સાદીમાટી ખનિજના બિનઅધિકૃત ખનન અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન સાદી માટી ખનિજના ખાણકામ વિસ્તારમાં ૦૧ (એક) એક્સકેવેટર મશીન સાદી માટી ખનિજના બિનઅધિકૃત ખનન સાથે સંકળાયેલ હોવાનું જણાયું હતું. જેથી મશીનને સીઝ કરી વાગરા પોલીસ સ્ટેશન ખાતે સિઝ કરવામાં આવ્યુ હતું. એક્સકેવેટર મશીન સહિતના મુદ્દામાલ કિંમત રૂપિયા ૫૦ લાખની છે. સાદી માટી ખનીજના બિનઅધિકૃત ખાણકામ વિસ્તાર તેમજ ૦૧ એક્સકેવેટર મશીન સામે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

વધુમાં, ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા ગત ૧૮મી ૨૦૨૫ નાં રોજ ખનીજ ભરીને વહન કરતા વાહનોની ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન શેરપુરા ખાતેથી સાદી રેતી ખનીજનું બિનઅધિકૃત વહન કરતી ૦૧ ટ્રક GJ-16-AV-9333ને સાદી રેતી ખનીજનું બિનઅધિકૃત વહન કરી બદલ જપ્ત કરવામાં આવી હતી. જ્યાં ૩૦ લાખની રકમનો મુદ્દામાલ જપ્ત કરી જિલ્લા સેવા સદન, ભરૂચ ખાતે જમા કરી કાર્યવાહી કરવામાં આવી હતી. તેમ ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચ તરફથી મળેલી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# મનોદિવંયાગજનોને તિરૂપતિની યાત્રાએ લઈ જવાયા



નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા મનોદિવ્યાંગ લાભાર્થીઓ માટે ખાસ દક્ષિણ ભારતનાં મંદિરો, જેમાં પદ્મનાથ મંદિર, કન્યા કુમારી મંદિર, વિવેકાનંદ મેમોરિયલ, રામેશ્વર, મિનાક્ષી મંદિર, અરવિંદ આશ્રમ, શિવ કાંચી-વિષ્ણુ કાંચી મંદિર, મહાલક્ષ્મી ગોલ્ડન મંદિર, પદમાવતી મંદિર અને તિરૂપતિ મંદિરની યાત્રા તા.8 થી તા.19 એપ્રિલ દરમિયાન આયોજીત કરેલ .આ દરેક મંદિરમાં ભીડ રહેતી હોઈ આવનાર 25 મનોદિવ્યાંગ લાભાર્થીઓ સહ 25 એસ્કોર્ટની પણ વ્યવસ્થા સંસ્થા એ કરેલ.યાત્રીઓ માટે રહેવા, જમવા, ટ્રાન્સપોર્ટ, સાઈટ સીન જોવાની વ્યવસ્થા પણ સંસ્થા એ કરેલ. યાત્રા ટ્રેન અને બસ ધ્વારા કરાવામાં આવી. નિલેશ પંચાલ, આયોજક

# સુરતમાં બરફના ગોળાનાં સેમ્પલ ફેલ, સીરપ અને ક્રીમનો ૩૫ કિલો જથ્થો નષ્ટ કરાયો

### સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિક્રેતાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે

**સુરત**

સુરત શહેરમાં બરફનો ગોળાના ૧૮ પૈકી ૪ સેમ્પલ ફેલ જતાં તંત્ર એલર્ટ થઈ ગયુ છે. ૩૫ કિલો સીરપ અને ક્રીમનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિક્રેતાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

ઉનાળો શરૂ થતાં ઠંડા શરબત, આઈસક્રીમ, બરફના ગોળા, આઈસ ડીશ સહિતની અનેક ઠંડક આપતી વાનગીઓ ખાવા લોકો ઉમટી પડે છે. ત્યારે શહેરમાં બરફનો ગોળો ખાતા લોકોએ સાવચેત થઈ જવાની જરૂર છે. શહેરમાં આઈસ ગોળા ના ૧૮ પૈકી ૪ સેમ્પલ ફેલ થયા હતા. ૧૫ દિવસ અગાઉ વિક્રેતાઓના ત્યાં સેમ્પલ લેવાયા હતા. સુરત મનપાએ અલગ—અલગ ૧૩ જગ્યાએથી નમૂના લીધા હતા. સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્ર એલર્ટ થઈ ગયું છે. ખાદ્ય વિભાગે ૩૫ કિલો સીરપ અને ક્રીમનો નાશ કરવામાં આવ્યો છે. SMC દ્વારા કાયદાકીય કાર્યવાહી શરૂ કરાઈ છે.

અભ્યાસો દર્શાવે છે કે મોટી માત્રામાં ઠંડા પીણા, બરફનાં ગોળા ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. ૬૦,૦૦૦ થી વધુ યુવાનો પર એક સંશોધન કરવામાં આવ્યું હતું. જે લોકો દર અઠવાડિયે ૨ કે તેથી વધુ કોલ્ડ ડ્રિંક્સ પીતા હતા તેમને સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ ૮૭ ટકા વધી ગયું હતું. તે જ સમયે, અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે રજોનિવૃત્તિ પછીની સ્ત્રીઓમાં ઠંડા પીણાના વધુ પડતા સેવનની આદતને કારણે એન્ડોમેટ્રાયલ કેન્સર એટલે કે ગર્ભાશયનું કેન્સર થઈ શકે છે. ઠંડા પીણાં અથવા સીરપમાં ફ્રુક્ટોઝનું પ્રમાણ વધુ હોય છે. વધુ પડતા વપરાશથી ઈન્સ્યુલિન પ્રતિકાર વધી શકે છે. જે ટાઈપ-૨ ડાયાબિટીસ તરફ દોરી શકે છે. આટલું જ નહીં, જેમને ડાયાબિટીસની સમસ્યા હોય તેઓ ઠંડા પીણા પીવાથી બ્લડ શુગર લેવલ વધી શકે છે. અભ્યાસો દર્શાવે છે કે જો તમે દરરોજ ઠંડા પીણાની બોટલ પીતા હોવ તો ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ અનેકગણું વધી જાય છે.

# આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકોમાં સ્થૂળતાને દૂર કરવા સમજ અપાઈ

### જિલ્લામાં પ્રોટીનયુક્ત આહાર, ટેક હોમ રાશન (THR), માતૃશક્તિ, બાલશકિતના ફાયદા વિષયક જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી

**ભરૂચ**

સમગ્ર ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત એપ્રિલ-૨૦૨૫ તા.૮ થી તા.૨૨ સુધી 'પોષણ પખવાડિયું - ૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય અને દેશને પોષણયુક્ત બનાવવાનો છે.



ભરૂચ જિલ્લાની તમામ આંગણવાડીઓમાં 'પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં આઇ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર અને તેમની ટીમ દ્વારા કિશોરીઓને પૌષ્ટિક આહારનાં મહત્વ- શાકભાજી અને પૂરતા ભોજન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. કિશોરીઓને માસિક ધર્મ વ્યવસ્થાપન અંગે અને HB વિશે વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્ષ-૨૦૨૫ના પોષણ પખવાડિયા માટે પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ ૧,૦૦૦ દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જનજાગૃતિ પ્રસાર-પ્રચાર જેવા વિષયો પર કામગીરી કરવામાં આવી રહી છે.

'વિકસિત ભારત'ના નિર્માણમાં કુપોષણ મુક્ત ભારતનું નિર્માણ અત્યંત મહત્વનું છે. પોષણ અભિયાન એક નિર્ણાયક પગલું સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્ષમાં બે વખત, સપ્ટેમ્બર મહિનામાં 'પોષણ માસ' અને માર્ચ-એપ્રિલ મહિનામાં 'પોષણ પખવાડિયું' ઉજવણી કરવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર અને સ્વસ્થ ભારતના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### નવસારી વિહીપ- બજરંગ દળે વકફ મુદ્દે આવેદનપત્ર આપી

# પ. બંગાળની જુલમી હિંસા વખોડી રાષ્ટ્રપતિશાસનની માંગ કરી

કેન્દ્ર સરકાર દ્વારા વકફ કાયદો લાગુ થતા જ પશ્ચિમ બંગાળની મમતા સરકારે સ્વરાજ્યમાં અમલ નહીં કરવાની જાહેરાત કરી ત્યાંના હિન્દુ સમાજને બાંગ્લાદેશી ઘૂષણખોરો, સ્થાનિક મુસ્લિમો દ્વારા હિન્દુ વસ્તીને ત્રાસ આપવાનું શરૂ કરેલ છે, જેમાં મુર્શિદાબાદથી લઈને સમગ્ર બંગાળમાં હિન્દુ વિરોધી તોફાન હિંસા પ્રસરી રહ્યા છે.જેથી બંગાળમાં તાત્કાલિક રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે,બંગાળમાં થયેલી હિંસાની એનાઈ એ દ્વારા તપાસ થવી જોઈએ અને ગુનેગારોને તાત્કાલિક સજા મળવી જોઈએ,બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની કામગીરી કેન્દ્રીય સુરક્ષા દળોને સોંપવામાં આવે, બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને હાંકી કાઢવા, પ.બંગાળ અને બાંગ્લાદેશ વચ્ચેની ૪૫૦ કિલોમીટરની સરહદ પર વાયર નાખવાનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી વિવિધ માંગ



સાથે નવસારી જિલ્લાની વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા નવસારી જિ..ના ૧૪મા કલેકટર ક્ષિપ્રા અગ્રેનો હવાલો સંભાળતા મનપા કમિશનરને મહા મહિમ રાષ્ટ્રપતિજીને સંબોધેલ આવેદનપત્ર જિલ્લા અધ્યક્ષ હર્ષદ પંડ્યા, મંત્રી જયેશ વૈષ્ણવ, વિ. હિ. પરિષદના અશ્વિન બારોટ વિગેરે દ્વારા સુપ્રત કરવામાં આવ્યું હતું, જેમાં ખેરગામ પ્રખંડના જીતુ પટેલ, બજરંગ દળના નરેશ પટેલ વિ.પણ આજના ધરણાં પ્રદર્શન-આવેદન પત્ર સુપ્રત કરવા જોડાયા હતા.

# ગઢડામાં સ્વામી માધવપ્રસાદ સામે ખેડૂતની દોઢ કરોડની જમીન બારોબાર વેચી મારવાનો આક્ષેપ

### મૃતક ખેડૂતના પુત્રએ ગઢડા પોલીસ સ્ટેશનમાં માધવપ્રસાદ સ્વામી સામે ઠગાઈની અરજી આપી

**અમદાવાદ**

ગઢડાના સ્વામી માધવપ્રસાદની ખેડૂત સાથે ઠગાઈ, દોઢ કરોડની જમીન વેચી મારીબોટાદના ગઢડામાં સ્વામી માધવપ્રસાદ સામે ખેડૂતની દોઢ કરોડની જમીન બારોબાર વેચી મારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્વામીએ ખેડૂતને દોઢ લાખ રૂપિયા વ્યાજે આપીને કોરા કાગળમાં સહી કરાવીને જમીન પડાવી લીધાનો જસદણના દડવા ગામના ખેડૂત પરિવારે આક્ષેપ કર્યો છે. સ્વામીએ ખેડૂતની જમીન પરત નહીં કરીને બીજા વ્યક્તિને બારોબાર જમીન વેચી મારવાનો આરોપ લગાવાયો છે. મૃતક ખેડૂતના પુત્રએ ગઢડા પોલીસ સ્ટેશનમાં માધવપ્રસાદ સ્વામી સામે ઠગાઈની અરજી આપી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જસદણના દડવા ગામના એક ગરીબ ખેડૂતને દોઢ લાખ રૂપિયા વ્યાજે આપી દોઢ કરોડની જમીન ગઢડાના સ્વામી માધવપ્રસાદજીએ બારોબાર વેચી મારી છે. દડવા ગામના ખેડૂત પ્રાગજીભાઈ વસાણીને ગઢડાના સ્વામી માધવપ્રસાદજીએ દોઢ લાખ રૂપિયા વ્યાજે આપી કોરા કાગળમાં સહી કરાવી લીધી હતી. ખેડૂતે દોઢ લાખના બદલામાં બે લાખ આપ્યા હતાં તેમ છતાં સ્વામીએ જમીન પરત નહીં કરીને બીજા વ્યક્તિને વેચી મારી હતી.




Printed and Published by DHANANJAY U. ZAVERI Owner DHANANJAY U. ZAVERI and Printed at IMAGE PRINTERS 20-21, bhid bhanjan society, Nr Piyus Point, Bamroli Road, Udhna, Surat-394210 and Published at 13, PRITAM SOCIETY-1, KASAK, BHARUCH-392002, GUJARAT. Editor DHANANJAY U. ZAVERI : YEAR 5, VOL. 238

### દેશના સૈન્યદળોમાં સર્જાઈ છે હેલિકોપ્ટર કટોકટી

# હેલિકોપ્ટર ‘ચેતક’ અને ‘ચિત્તા’ પછી હવે ‘ધ્રુવ’ની ઉડાન બંધ

### ૩૩૦ જેટલા ‘ધ્રુવ’ હેલિકોપ્ટર ઘણા સમયથી ઉડાન ભર્યા વિના જમીન પર

**નવીદિલ્હી**

ALH અનેક પ્રકારની લશ્કરી કામગીરી નિભાવે છે. દુર્ગમ સ્થળોએ જ્યાં ભારેખમ વિમાનો ન પહોંચી શકતા હોય એવા સ્થળોએ પહોંચવા માટે ALH નો ઉપયોગ થતો હોય છે. ચીજવસ્તુઓ પહોંચાડવા માટે તથા રેસ્ક્યુ મિશનો પાર પાડવા માટે ALHનો ઉપયોગ થાય છે. તે જાસૂસી મિશનો પણ પાર પાડે છે. જરૂર પડ્યે તે કોમ્બેટ (યુદ્ધ) માટે પણ વાપરી શકાય એવા હોય છે. ભારતમાં ALH નું નિર્માણ ‘હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ’ દ્વારા કરવામાં આવે છે.

ભારતીય સશસ્ત્ર દળો પાસે ૩૫૦ નંગ ‘ચેતક’ અને ‘ચિત્તા’ હેલિકોપ્ટર છે, પણ અનુક્રમે ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાથી વપરાતા આવેલા એ હેલિકોપ્ટર ખાસ્સા જૂના છે, સિંગલ-એન્જિન છે અને વારંવાર ક્રેશ થઈ જાય છે. તેથી તેમની કમી પૂરી કરવા માટે ૨૦૦૨ માં ‘ધ્રુવ’ના આધુનિક અવતારને સૈન્ય દળોમાં સામેલ કરવામાં આવ્યો હતો. ડબલ એન્જિન ધરાવતું હોવાથી ‘ધ્રુવ’ વધારે કાર્યક્ષમ અને ભરોસેમંદ ગણાય છે, પણ ભારતીય સેના, વાયુસેના, નૌકાદળ અને કોસ્ટ ગાર્ડની કરોડરજ્જુ માનવામાં આવતું આ હેલિકોપ્ટર પણ ક્રેશ થવા માંડતા તેનો વપરાશ બંધ કરવો પડ્યો છે.

૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાતના પોરબંદરમાં કોસ્ટ ગાર્ડનું ‘ધ્રુવ’ હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ‘ધ્રુવ’નો વપરાશ બંધ કરી દેવાયો છે. એ અકસ્માતમાં બે પાઈલટ અને એક એરક્રૂ ડાઈવરનું મોત નીપજ્યું હતું. ત્યારથી ધ્રુવ સહિતના બધા ALH હેલિકોપ્ટર ગ્રાઉન્ડેડ છે. તપાસમાં જાણવા મળ્યું કે ક્રેશ થયેલા હેલિકોપ્ટરમાં ‘સ્વેશપ્લેટ ફ્રેક્ચર’ હતું, જેના કારણે પાઈલટે કાબુ ગુમાવ્યો હતો. દુર્ઘટના બાદ તપાસ કરતાં અન્ય ALH હેલિકોપ્ટરમાં પણ આવું ફેઈલ્યોર થવાના સંકેતો મળી આવ્યા હતા, જેને લીધે હેલિકોપ્ટરોનો વપરાશ બંધ કરી દેવાયો છે.

‘સ્વેશપ્લેટ’ એટલે હેલિકોપ્ટરનું ‘સ્ટીયરિંગ વ્હીલ’, જે પાઈલટના કંટ્રોલ ઈનપુટ્સને રોટર બ્લેડ સાથે જોડે છે અને એને હિસાબે હેલિકોપ્ટરની દિશા નક્કી થાય છે. એમાં બે પ્લેટ હોય છે, એક સ્થિર અને બીજી ફરતી. ‘સ્વેશપ્લેટ’ના કન્ટ્રોલમાં સર્જાયેલી ખામીને ‘સ્વેશપ્લેટ ફ્રેક્ચર’ કહેવામાં આવે છે.

HAL હજુ સુધી આ ખામીનું કારણ સમજી શક્યું નથી. સમસ્યાના નિવારણ માટે બેંગલુરુ ખાતે આવેલી ‘ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ’ (IISc)ની મદદ માંગવામાં આવી છે. એપ્રિલ મહિનાના અંત સુધીમાં એનો રિપોર્ટ આવી જવાની શક્યતા છે. એ પછી સમસ્યાનું નિવારણ કરવાના પગલાં લેવાશે એટલે AHLને ગગનગામી થવામાં ઓછામાં ઓછા ત્રણ મહિનાનો સમય લાગી શકે એમ છે.

ચીન અને પાકિસ્તાનની સરહદો પરના વિસ્તારોમાં નજર રાખવા માટે AHLનો બહુ ઉપયોગ થતો હતો એટલે છેલ્લા ત્રણ મહિનાથી AHLને અભાવે સરહદો લગભગ રેઢી પડી છે, એમ કહી શકાય. સૈન્ય દળોના ગુપ્ત મિશનો પણ ટલ્લે ચડ્યાં છે. પાઈલટોની ટ્રેનિંગમાં પણ અવરોધ ઊભા થયા છે. અસલી હેલિકોપ્ટર ઉડાડવાને બદલે તેઓ ફક્ત સિમ્યુલેટર પર જ પ્રેક્ટિસ કરી રહ્યા છે.

૧૧.૫ લાખ સૈનિકો ધરાવતી થળ સેના (આર્મી) પાસે ધ્રુવ હેલિકોપ્ટર સહિત ૧૮૦ નંગ ALH છે, જેમાં ૬૦ નંગ સશસ્ત્ર ‘રુદ્ર’ હેલિકોપ્ટરનો પણ સમાવેશ થાય છે. વાયુસેના પાસે ૭૫, નૌકાદળ પાસે ૨૪ અને કોસ્ટ ગાર્ડ પાસે ૧૯ ALH છે. સાડા પાંચ ટન વજનના ધ્રુવ હેલિકોપ્ટર ૨૦૦૨ થી સૈન્ય દળોમાં સામેલ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ હેલિકોપ્ટરે કુલ ૪૦,૦૦૦ કલાકની ઉડાન ભરી હતી.

આમ પણ ભારતીય સૈન્ય દળો પાસે હોવા જોઈએ એના કરતાં ઓછા જ હેલિકોપ્ટર હતાં એમાં ALH ના ગ્રાઉન્ડિંગથી સ્થિતિ સર્જાતાં પડ્યા પર પાટું જેવી મુસીબત ઊભી થઈ છે. સશસ્ત્ર દળોએ આગામી ૧૦-૧૫ વર્ષમાં વિવિધ વર્ગોના ૧,૦૦૦ થી વધુ નવા હેલિકોપ્ટરની જરૂરિયાત વ્યક્ત કરી છે. એમાં ૪૮૪ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર અને ૪૧૯ મલ્ટી-રોલ હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. પરંતુ HAL દ્વારા આટલી મોટી માત્રામાં હેલિકોપ્ટર બનાવવાના પ્રોજેક્ટ્સમાં સતત વિલંબ થઈ રહ્યો છે. ગયા મહિને HAL સાથે ૬૨,૭૦૦ કરોડ રૂપિયાનો સોદો થયો છે, જે અંતર્ગત ભારતીય સૈન્ય દળોને વર્ષ ૨૦૨૮ થી ૨૦૩૩ ની વચ્ચે ૧૫૬ ‘પ્રચંડ’ LCH (લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર - હળવા લડાયક હેલિકોપ્ટર) પૂરા પાડવામાં આવશે.




ડોક્ટર ભીમ રાવ આંબેડકર ની ૧૩૪ ની જન્મ જયંતી નિમિત્તે ૧૪ મી એપ્રિલે મુ. બોલુંન્દ્રા તા. ઈડર જી. સાબરકાંઠા મુકામે કલાકાર શ્રી રમેશભાઈ એમ પરમાર દ્વારા ભીમ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભીમ ભજન લોકગીત અને પ્રાદેશિક લોક સાહિત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

# હાસ્ય અને લાગણીઓની જમાવટ સાથે “જય માતાજી લેટસ રોક”નું ટ્રેલર લોન્ચ

મલ્હાર ઠાકર અને ટીકુ તલસાણીયા સહિતની સ્ટારકાસ્ટ સાથે હાસ્ય અને લાગણીઓ ભર પૂર થાળી. અમદાવાદ : આવનારી ફિલ્મ “જય માતાજી લેટસ રોક” ની રિલીઝ ડેટ જાહેર થઇ ત્યારથી જ લોકોમાં ફિલ્મ જોવા અંગેની ઉત્સુકતા વધી ગઈ છે. ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર મલ્હાર ઠાકરની સાથે ટીકુ તલસાણીયા, વંદના પાઠક, શેખર શુક્લા, નીલા મુલ્હેરકર અને વ્યોમા નાંદી જેવા અવ્વલ કક્ષાના કલાકારોની મુખ્ય ભૂમિકા દર્શાવતી 9 મે, 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. દર્શકોની ઉત્સુકતા વધારવા માટે ફિલ્મના મેકર્સ દ્વારા ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરાયું છે. ઉલ્લેખનીય છે કે માતૃગૃહ ખાતે વડીલોની હાજરીમાં ફિલ્મનું પોસ્ટર લોન્ચ કરાયું હતું, જેણે દર્શકોમાં સારો બઝ ક્રિએટ કર્યો.



ફેમિલી ફ્લિક્સના બેનર હેઠળ એન અમદાવાદ ફિલ્મ્સ પ્રોડક્શન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલ આ ફિલ્મના દિગ્દર્શક મનીષ સૈની છે. આ મજેદાર કોમેડી- ડ્રામા ફિલ્મના પ્રોડ્યુસર્સ સિદ્ધાર્થ વડોદરિયા, કાજલ વડોદરિયા અને રવિન્દ્ર સંઘવી છે. મનીષ સૈની અને આકાશ જેએચ શાહ નિર્મિત તથા અને સચિન પટેલ દ્વારા સહનિર્મિત આ ફિલ્મના ડાયલોગ્સ મનીષ સૈની તથા નિરેન ભટ્ટ દ્વારા લિખિત છે. ઉપરાંત, આ ફિલ્મના એસોશિએટ પ્રોડ્યુસર અનિરુદ્ધ સિંહ રહેવાર છે. ઉત્કર્ષ મઝુમદાર, આર્યન પ્રજાપતિ, શિલ્પા ઠાકર વગેરે કલાકારો પણ આ ફિલ્મમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે. આ ફિલ્મનું મ્યુઝિક નાઈટ સોન્ગ રેકોર્ડ્સ દ્વારા આપવામાં આવ્યું છે અને ફિલ્મના ગીતોના શબ્દો ભાર્ગવ પુરોહિત દ્વારા લખાયા છે.

ટ્રેલર જોતાં ખ્યાલ આવે છે કે, આ ફિલ્મમાં 80 વર્ષના દાદીની અનોખી સફર છે , જેમનું શાંત અને સરળ જીવન એક સરકારી યોજનાના કારણે અચાનક ઉથલપાથલ થઈ જાય છે. દાદી હવે જીવન પોતાના ધોરણે જીવવા નક્કી કરે છે, અને એ સાથે શરૂ થાય છે મજા, મસ્તી અને પરિવારિક ઉતાર-ચઢાવથી ભરપૂર સફર.

# જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં ૩ શંકાસ્પદ લોકો જોવા મળ્યા

### એક પુજારીએ સવારે લગભગ ૩.૩૦ વાગ્યે ત્રણ માણસોને બેકપેક લઈને રસાના જંગલ વિસ્તાર તરફ જતા જોયા અને પોલીસને જાણ કરી

**જમ્મુ**

સ્થાનિક પોલીસના એક ખાસ ઓપરેશન ગ્રુપે સેના અને સીઆરપીએફના જવાનો સાથે મળીને તાત્કાલિક વિસ્તારને ઘેરી લીધો અને શંકાસ્પદોને શોધવા માટે મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કર્યું.રવિવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં જંગલ વિસ્તાર નજીક ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે એક પુજારીએ સવારે લગભગ ૩.૩૦ વાગ્યે ત્રણ માણસોને બેકપેક લઈને રસાના જંગલ વિસ્તાર તરફ જતા જોયા અને પોલીસને જાણ કરી.

તેમણે કહ્યું કે સ્થાનિક પોલીસના એક ખાસ ઓપરેશન ગ્રુપે સેના અને સીઆરપીએફના જવાનો સાથે મળીને તાત્કાલિક વિસ્તારને ઘેરી લીધો અને શંકાસ્પદોને શોધવા માટે મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કર્યું. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે શંકાસ્પદો વિશે હજુ સુધી કોઈ સુરાગ મળ્યા નથી. તેમણે કહ્યું કે અંતિમ અહેવાલ મળે ત્યાં સુધી, જંગલ વિસ્તારમાં શોધખોળ કામગીરી ચાલુ હતી.

દરમિયાન, બિલાવરમાં શંકાસ્પદોની શોધ ચાલુ છે. આ કારણે, કાંડીથી ડુંગરાળ વિસ્તાર સુધીના ગામડાઓ અને જંગલોમાં સેના અને સીઆરપીએફના જવાનો દ્વારા સતત ઈંચ-ઈંચ શોધખોળ કરવામાં આવી રહી છે. જોકે, પોલીસ હજુ પણ ખાલી હાથ છે.બીજી તરફ, વિસ્તારમાં ચર્ચા છે કે શનિવારે પણ રામકોટ વિસ્તારના રાજવલતામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. પરંતુ સુરક્ષા દળોનું કહેવું છે કે સર્ચ ઓપરેશન દરમિયાન, વિસ્તારને સુરક્ષિત રાખવા માટે કવર ફાયરનો ઉપયોગ કરવામાં આવે છે, અને લોકો તેને એન્કાઉન્ટર સમજીને ડરી રહ્યા છે.

### મુંબઈમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# ૧ રૂપિયાની નોટના ચક્કરમાં ૧૦ લાખનો ચૂનો લાગ્યો

**મુંબઈ**

મુંબઈમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક સરકારી વીમા કંપનીના કેશિયરને અમુક શખસોએ એક રૂપિયાની નોટને બદલે ભારે ઈનામ આપવાનું કહી છેતરપિંડી આચરી અને ૧૦ લાખથી વધારે રૂપિયા પડાવી લીધા.

પીડિત વીમા કંપનીના કેશિયરે આ વિશે માહિતી આપતા પોલીસને જણાવ્યું કે, મુંબઈમાં સાંતાક્રૂઝ પશ્ચિમી નિવાસી ૪૫ વર્ષીય શખસે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વીમા કંપનીની ચર્ચગેટ બ્રાન્ચમાં કામ કરનારા વ્યક્તિએ પોલીસને જણાવ્યું કે, ૨૩ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા પર રીલ જોતા સમયે મારી નજર એક જાહેરાત પર પડી. જાહેરાતમાં એક રૂપિયાની નોટ લાવનારને ૪.૫૩ લાખ રૂપિયાનું ઈનામ આપવાનું વચન આપવામાં આવ્યું હતું. તેમાં એક વોટ્સએપ નંબર પણ હતો. મેં વોટ્સએપ નંબર પર એક રૂપિયાની નોટનો ફોટો મોકલ્યો, ત્યારબાદ પંકજ સિંહ નામના વ્યક્તિએ મારો સંપર્ક કર્યો. તેણે જણાવ્યું કે, તે સિક્કાની દુકાનમાં કામ કરે છે. ફોન કરનારા વ્યક્તિએ એક ફોર્મ ભરવાનું કહ્યું અને રજિસ્ટ્રેશન માટે ૬૧૬૦ રૂપિયા જમા કરાવ્યા. ફોન કરનારે વચન આપ્યું હતું કે, પહેલાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ પરત કરવામાં આવશે.’

વધુમાં તેમણે જમાવ્યું કે, ‘થોડીવાર બાદ ફરી ફોન આવ્યો અને પહેલાં આપેલી રકમ ખોટી છે અને ૬૧૦૭ રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે. ત્યારે પણ મને વચન આપવામાં આવ્યું કે, પહેલાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ પરત મળી જશે.

# બિહારમાં કોન્સ્ટેબલે સાથી જવાનને ૧૧ ગોળીઓ મારતાં મોત થયુ

### બેરેકમાં અચાનક ગોળીઓનો અવાજ સંભળાયો અને અફરાતફરીની સ્થિતિ સર્જાઈ

બિહાર

બિહારના બેતિયા પોલીસ લાઈનમાં શનિવારે (૧૯મી એપ્રિલ) રાતે એક ભયાનક ઘટના બની હતી. જેના કારણે સમગ્ર પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર પોલીસ લાઈનમાં તહેનાત કોન્સ્ટેબલ સર્જીતે તેની ઈન્સાસ રાઈફલ વડે સહકર્મી સોનુ કુમાર પર તાબડતોબ ૧૧ ગોળીઓ વરસાવી હતી જેના લીધે સોનુ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયો હતો.

આ ઘટના ગત રાતે લગભગ ૧૦ વાગ્યે બની હતી, જ્યારે મોટાભાગના જવાનો ડ્યુટી પરથી ઘરે પાછા ફરીને આરામ કરી રહ્યા હતા.

આ દરમિયાન બેરેકમાં અચાનક ગોળીઓનો અવાજ સંભળાયો અને અફરાતફરીની સ્થિતિ સર્જાઈ. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી કોન્સ્ટેબલ તેની રાઈફલ લઈને પોલીસ લાઈનની છત પર ચઢી ગયો હતો જેના કારણે જવાનો અને અધિકારીઓમાં દહેશત ફેલાઈ હતી. આરોપી કોન્સ્ટેબલ ઘટનાને અંજામ આપ્યા બાદ સતત હથિયાર લહેરાવતો રહ્યો હતો અને તે આત્મસમર્પણ કરવાના મૂડમાં પણ નહોતો. પોલીસ અધિકારીઓએ તેને કાબૂમાં લેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અંતે પોલીસ કસ્ટડીમાં લઈને તેને મફસ્સિલ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો. જ્યાં એસડીપીઓ વિવેક દીપે તેમની પૂછપરછ હાથ ધરી હતી.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુ ચર્ચામાં

# મહારાષ્ટ્રમાં ઠાકરે બંધુ હાથ મિલાવવાની સંભાવનાએ જોર પકડ્યું

### કોઈ રાજકીય મજબૂરી છે કોઈ બીજું સમીકરણ છે

**મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુ ચર્ચામાં છે. શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે અને તેના પિતરાઈ ભાઈ MNS (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) ચીફ રાજ ઠાકરેની સાથે આવવાની ચર્ચા તેજ થઈ રહી છે. જોકે, આ સંભાવના નિવેદનબાજી પર આધારિત છે. ઠાકરે પરિવારનો વિવાદ ખતમ થઈ ગયો કે શું? તે વિષય પર પણ વિશ્લેષણો થઈ રહ્યા છે. બંને ભાઈના હાથ મિલાવવાની સંભાવના પાછળ કોઈ રાજકીય મજબૂરી છે કોઈ બીજું સમીકરણ છે જે બંનેને પોતાના મતભેદ ભૂલવા મજબૂર કરી રહ્યું છે તે વિશે અટકળો ચાલી રહી છે.

હકીકતમાં, મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવારનો દબદબો માનવામાં આવે છે. ખાસકરીને મુંબઈ અને મરાઠવાડાના શહેરી વિસ્તારોમાં તેમની પકડ આજે પણ મજબૂત માનવામાં આવે છે. ઠાકરે પરિવારનો આધાર મરાઠી અસ્મિતા, હિન્દુત્વ અને શહેરી વોટબેંક પર રહ્યો છે. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ બાલ ઠાકરેના દીકરા છે. જોકે, ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેને બાલ ઠાકરેની શૈલીવાળા લોકપ્રિય નેતાના રૂપે માનવામાં આવે છે.

વર્ષ ૨૦૦૬માં બંને ભાઈઓ વચ્ચે મતભેદના કારણે વિવાદ થયો અને બંનેના રસ્તા અલગ થઈ ગયા. રાજ ઠાકરેએ શિવસેનાથી અલગ થઈને સ્વજી બનાવવામાં આવી. યુવાઓ અને આક્રામક ભાષણોને કારણે રાજ ઠાકરે લોકપ્રિય થયા, પરંતુ પોતાની પાર્ટી ક્યારેય શિવસેના જેટલી મોટી ન બની શકી. હાલ વિધાનસભા ચૂંટણીમાં તે ખાતું પણ નથી ખોલાવી શક્યા અને પાર્ટી પર સિમ્બોલ ગુમાવવાનું જોખમ પણ ઊભું થયું છે. હાલ રાજ ઠાકરેનું વલણ હિન્દુત્વ અને રાષ્ટ્રવાદ પર કેન્દ્રિત છે.

બીજીબાજુ, ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેએ ભાજપથી અલગ થઈને મહાવિકાસ અઘાડીની સરકાર બનાવી હતી. આ ગઠબંધનમાં NCP અને કોંગ્રેસ પ્રમુખ રૂપ હતી. આ બંને પાર્ટી એક સમયે શિવસેનાના વિચારધારાની વિરોધી હતી. આ જ કારણે અમુક હિન્દુત્વ સમર્થકોમાં નારાજગી જોવા મળી. જેની અસર ચૂંટણીમાં પણ જોવા મળી. એકનાથ શિંદેએ ૨૦૨૨માં બળવો કર્યો અને ૪૦થી વધારે ધારાસભ્યો સાથે એનડીએનો ભાગ બની ગયા.

### ગેરકાયદેસર પિસ્તોલની ડિલિવરી માટે સ્થાન બદલતા હતા

# વોટ્સએપ દ્વારા હથિયારો વેચતી અને ઓનલાઈન બુક કરાવતી ગેંગનો પર્દાફાશ

### પોલીસે ધરપકડ કરાયેલા તસ્કરો પાસેથી ૮ પિસ્તોલ, ૩ બંદૂકો, કારતૂસ, ૧૧ મોબાઈલ, બે કાર અને એક બાઈક જપ્ત કરી છે

**મુઝફ્ફરનગર**

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરની ખાલાપર પોલીસે આંતરરાજ્ય સ્તરે હથિયારોની દાણચોરી કરતા ૧૧ દાણચોરોની ધરપકડ કરી છે. ગેંગના સભ્યો વોટ્સએપ પર પિસ્તોલનો ફોટો બતાવીને ગ્રાહકોને મધ્યપ્રદેશમાં બનેલી બેરેટા પિસ્તોલનું ઓનલાઈન બુકિંગ કરાવે છે. તેઓ ગેરકાયદેસર પિસ્તોલની ડિલિવરી માટે સ્થાન બદલતા હતા. પકડાયેલા ગુનેગારોમાં મેરઠના ૭, સહારનપુરના ૧ અને મુઝફ્ફરનગરના ૩ દાણચોરોનો સમાવેશ થાય છે. પોલીસે ધરપકડ કરાયેલા તસ્કરો પાસેથી ૮ પિસ્તોલ, ૩ બંદૂકો, કારતૂસ, ૧૧ મોબાઈલ, બે કાર અને એક બાઈક જપ્ત કરી છે.

પોલીસ લાઈન ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, એસપી સિટી સત્યમરાયણ પ્રજાપતે જણાવ્યું હતું કે શુક્રવારે ખાલાપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મહાવીર સિંહ ચૌહાણને માહિતી મળી હતી કે એક આંતરરાજ્ય શસ્ત્ર સપ્લાયર ગેંગ પિસ્તોલ પહોંચાડવા માટે શામલી ફ્લાયઓવર અંડરપાસ નીચે આવવાની છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, વિસ્તારને ઘેરી લીધો અને ૧૧ દાણચોરોની ધરપકડ કરી. દાણચોરોની કારની તલાશી લેતી વખતે, પોલીસે મધ્યપ્રદેશમાં બનેલી બેરેટા મોડેલની ૮ પિસ્તોલ, ૩ દેશી બનાવટની પિસ્તોલ અને ૧૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા. પોલીસે તેની પાસેથી એક બાઈક પણ જપ્ત કરી છે.

પોલીસે હથિયારોના દાણચોરો રોબિન, રોહિત, શોભાપુરના રહેવાસીઓ, કાંકરખેડા પોલીસ સ્ટેશન મેરઠના રહેવાસી, અભય, વિશુ, મંડી ચમરન સરથાણા વિસ્તારના રહેવાસી, વિશાલ નિવાસી ભમોરી, સરથાણા પોલીસ સ્ટેશન, વિવેક, પ્રમોદ, ગોટકા ગામનો રહેવાસી સરુરપુર, મેરઠ જિલ્લાના રેડગાંવ પોલીસ સ્ટેશન, બદરાગાંવ પોલીસ સ્ટેશનના રહેવાસી. કબીર, સેથપુરી ભાઈકરહેડી વિસ્તારના રહેવાસી, ભોપા, જિતેન્દ્ર, મુજાહિદપુર, રતનપુરી પોલીસ સ્ટેશનના રહેવાસી અને ઉજૈફા, લાલ મોહમ્મદના રહેવાસી, પોલીસ સ્ટેશન, ખતૌલી પોલીસ સ્ટેશનની પાછળ. પોલીસે પૂછપરછ બાદ ધરપકડ કરાયેલા તસ્કરોનું ચલણ કર્યું છે.

### માનવતાને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો

# એક વોર્ડ બોયે મૃત મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરી

### હોસ્પિટલના વોર્ડ બોયનું આ શરમજનક કૃત્ય CCTV માં કેદ થયું હતું, જેના ફૂટેજ આ દિવસોમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે

**ઉત્તર પ્રદેશ**

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાંથી માનવતાને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. અહીં સરકારી હોસ્પિટલમાં કામ કરતા એક વોર્ડ બોયે એક મૃત મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરી લીધી છે. હોસ્પિટલના વોર્ડ બોયનું આ શરમજનક કૃત્ય CCTV માં કેદ થયું હતું, જેના ફૂટેજ આ દિવસોમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ CCTV ફૂટેજમાં, વોર્ડ બોય મૃત મહિલાના કાનમાંથી બુટ્ટી ચોરી કરતો સ્પષ્ટપણે જોઈ શકાય છે. તે જ સમયે, આ વાયરલ CCTV ફૂટેજે સીએમઓને પણ તપાસના દાયરામાં લાવી દીધા છે.

માનવતાને શરમાવે તેવી આ ઘટના શામલીની સરકારી જિલ્લા હોસ્પિટલની છે. મળતી માહિતી મુજબ, શ્વેતા નામની એક મહિલા તેના પરિવાર સાથે શામલી થઈને મેરઠ જઈ રહી હતી. આ દરમિયાન, તે પોલીસ સ્ટેશન આદર્શ મંડી વિસ્તારના બાયપાસ રોડ પર પહોંચી, જ્યાં મહિલાની કારનો અકસ્માત થયો.

આ માર્ગ અકસ્માતમાં મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. પોલીસે તાત્કાલિક ઘાયલ મહિલાને શામલીની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી. અહીં ઈમરજન્સી વોર્ડમાં, તપાસ બાદ, ડોક્ટરોએ મહિલાને મૃત જાહેર કરી.

આ દરમિયાન, હોસ્પિટલમાં કામ કરતા એક વોર્ડ બોયે ચતુરાઈથી મહિલાના પરિવારના સભ્યોની હાજરીમાં તેના કાનના બુટ્ટી ચોરી લીધા. જ્યારે મહિલાના પરિવારના સભ્યોએ જોયું કે તેના કાનમાંથી કાનની બુટ્ટી ગાયબ છે, ત્યારે તેઓએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો. આ પછી, હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવ્યા. સીસીટીવી ફૂટેજમાં એક વોર્ડ બોય મૃતક મહિલાના કાનમાંથી બુટ્ટી ચોરી કરતો જોવા મળ્યો હતો.

ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે વોર્ડ બોય પહેલા ચૂપચાપ એક કાનની બુટ્ટી ચોરી લે છે અને તેને પોતાના ખિસ્સામાં રાખે છે. આ પછી, મૃત મહિલાના શરીરને ચાદરથી ઢાંકવાના બહાને, તે તેની ગરદન બીજી તરફ ફેરવે છે અને તેના બીજા કાનમાંથી બુટ્ટી પણ ચોરીને પોતાના ખિસ્સામાં રાખે છે.

### પત્નીના ત્રાસથી કંટાળી વધુ એક એન્જિનિયરની આત્મહત્યા

# ન્યાય ના મળે તો મારી અસ્થિ ગટરમાં વહાવી દેજો

**મોહિતે વિડીયો રેકોર્ડ કર્યો હતો જેમાં તે કહી રહ્યો છે કે,‘ મારી પત્ની પ્રિયા અને સાસરિયાઓના માનસિક ત્રાસને કારણે હું આત્મહત્યા કરવા મજબૂર બન્યો છું’**

**ઉત્તર પ્રદેશ**

ઉત્તર પ્રદેશના ઈટાવામાં એન્જિનિયર મોહિત યાદવને પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા પહેલા તેણે એક વીડિયો બનાવ્યો હતો. જેમાં મોહિતે કહ્યું કે, ‘કાશ! છોકરાઓ માટે પણ કોઈ કાયદો હોત... ‘ તેણે તેની પત્ની પર ગર્ભપાત કરાવવાનો અને દહેજના ખોટા આરોપ લગાવવાની ધમકી આપી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. હકીકતમાં શુક્રવારે રાત્રે રેલ્વે સ્ટેશન નજીક આવેલી જોલી હોટેલના રૂમ નંબર ૧૦૧ માં દોરડાથી લટકતી હાલતમાં મળી આવેલા ઔરૈયા જિલ્લાના એન્જિનિયર મોહિત યાદવના આત્મહત્યા કેસમાં પોલીસને મૃતકના મોબાઈલ ફોનમાંથી એક વીડિયો મળ્યો છે. આત્મહત્યા કરતા પહેલા મોહિતે રેકોર્ડ કર્યો હતો જેમાં તે કહી રહ્યો છે કે,’ મારી પત્ની પ્રિયા યાદવ અને સાસરિયાઓના માનસિક ત્રાસને કારણે હું આત્મહત્યા કરવા મજબૂર બન્યો છું.’

વીડિયોમાં મોહિત એમ પણ કહી રહ્યો છે કે, ‘કાશ છોકરાઓ માટે કાયદો હોત તો, હું આ પગલું ન ભરત.’ વીડિયોમાં તેણે પોતાનું દર્દ અને યાતના વ્યક્ત કરી અને કહ્યું કે, જ્યારે તમને આ વીડિયો મળશે, ત્યારે હું આ દુનિયા છોડીને જતો રહ્યો હોઈશ. મમ્મી-પપ્પા, મને માફ કરજો, હું તમારી અપેક્ષાઓ પૂરી કરી શક્યો.

વીડિયોમાં મોહિતે એમ પણ કહ્યું હતું કે, ‘મારી પત્નીનું બિહારના સમસ્તીપુર જિલ્લામાં શિક્ષકની નોકરીમાં પસંદગી થઈ ત્યારે મારી પત્ની ગર્ભવતી હતી. નોકરી મળતાં મારા સાસરિયાઓએ તેનો ગર્ભપાત કરાવ્યો હતો. અને તેના ઘરેણાં પણ છીનવી લીધા હતા. આ ઉપરાંત મારી પત્ની મારા પર ઘર અને મિલકત તેના નામે કરવા માટે મને દબાણ કરી કરતી હતી અને ઈનકાર કરવા પર તેણે આખા પરિવારને ખોટા દહેજના આરોપોમાં ફસાવવાની ધમકી આપી હતી.’

તેણે એમ પણ કહ્યું કે, ‘અમે બંનેએ કોઈપણ માંગણી વિના પરસ્પર અમારી મરજીથી લગ્ન કર્યા હતા, અમે સાત વર્ષથી રિલેશનશિપમાં હતા, પત્નીના પિતા મનોજ કુમારે ખોટી પોલીસ ફરિયાદ નોંધાવી, પત્નીના ભાઈએ મને મારી નાખવાની ધમકી આપી.’

### વિદ્યાર્થીએ જનોઈ દૂર કરવાનો ઈનકાર કરી દીધો

# જનોઈ ન ઉતારતા વિદ્યાર્થીને પરીક્ષા ન આપવા દીધી

**બીદરના સાંઈ સ્ફૂર્તિ પીયુ કોલેજમાં ૧૭ એપ્રિલે CET (કૉમન એલિજિબિલિટી ટેસ્ટ)ની પરીક્ષા આપવા ગયો હતો, જ્યાં તેને જનોઈ ઉતારવાની માંગ કરવામાં આવી હતી**

**કર્ણાટક**

કર્ણાટકમાં એક વિદ્યાર્થીને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા પહેલાં જનોઈ ઉતારવાનું કહેવામાં આવ્યું હતું. વિદ્યાર્થી સુચિવ્રત કુલકર્ણીએ આરોપ લગાવ્યો હતો કે, કે બીદરના સાંઇ સ્ફૂર્તિ પીયુ કોલેજમાં ૧૭ એપ્રિલે CET (કૉમન એલિજિબિલિટી ટેસ્ટ)ની પરીક્ષા આપવા ગયો હતો, જ્યાં તેને જનોઈ ઉતારવાની માંગ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીએ જણાવ્યું કે, પરીક્ષા કેન્દ્રમાં હાજર સ્ટાફે કહ્યું કે, જો કોઈ જનોઈ નહીં ઉતારે, તો તેને પરીક્ષા કેન્દ્રમાં બેસવા નહીં દેવાય. વિદ્યાર્થીએ ધાર્મિક પ્રતિક જણાવતા જનોઈ દૂર કરવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાગ તેને પરીક્ષા આપવાથી રોકી દેવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીને પરીક્ષા ન આપવા દેવાના મામલે સાઈ સ્ફૂર્તિ પીયુ કોલેજના આચાર્ય ડૉ. ચંદ્ર શેખર બિરાદર અને સ્ટાફ સતીશ પવારને તાત્કાલિક પ્રભાવે બરતરફ કરી દેવામાં આવ્યા હતાં. જણાવી દઈએ કે, વિદ્યાર્થી સુચિવ્રત કુલકર્ણીની માતાએ પણ આ મામલે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું કે, મારા દીકરાને કહ્યું હતું કે, જનોઈ નહીં ઉતારી શકે કારણકે તે ધાર્મિક માન્યતા સાથે જોડાયેલું છે. બાદમાં તેને પરીક્ષામાંથી બહાર કાઢી દેવામાં આવ્યો. હું સરકાર પાસે માંગ કરૂ છે કે કાં તો મારા દીકરા માટે ફરી પરીક્ષા કરાવવામાં આવે અથવા સારી કોલેજમાં એડમિશન કરાવી આપે નહીંતર તેની ફી સરકાર અથવા સંબંધિત કોલેજ દ્વારા આપવામાં આવે.

### ઈમિગ્રેશન નીતિઓ વિરૂદ્ધ લોકોમાં રોષ

# ટ્રમ્પની હિટલર સાથે તુલના, લોકોએ કહ્યું - અમે ઘણું બધું ગુમાવ્યું

**વોશિંગ્ટન ડી.સી.માં દેખાવકારોએ ટ્રમ્પ સરકાર પર બંધારણીય સિદ્ધાંતો, ખાસ કરીને ન્યાયની પ્રક્રિયાના અધિકારને નબળો પાડવાનો આરોપ મૂક્યો હતો**

**વોશિંગ્ટન**

ન્યૂયોર્ક, વોશિંગ્ટન અને અમેરિકાના સેકડોં શહેરમાં હજારો દેખાવકારોએ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની આકરી નીતિઓ વિરૂદ્ધ શનિવારે દેખાવો કર્યા હતા. ન્યૂયોર્કમાં વિરોધીઓએ શહેરની મુખ્ય લાઈબ્રેરીની બહાર એકત્રિત થઈ ‘No Kings in America’ (અમેરિકામાં કોઈ રાજા નહીં) અને ‘Resist Tyranny’ (તાનાશાહીનો વિરોધ) જેવા સુત્રોચ્ચાર કરતાં પોસ્ટર અને બેનર લગાવી દેખાવો કર્યા હતાં.ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિઓનો અમેરિકન્સ દ્વારા જ વિરોધ થઈ રહ્યો છે. તેની ઈમિગ્રેશન નીતિઓ વિરૂદ્ધ લોકોમાં રોષ જોવા મળ્યો હતો. લોકોએ જોર-જોરથી સુત્રોચ્ચાર કર્યા હતા કે, ‘કોઈ ભય નથછી, અમે ઈમિગ્રન્ટ્સનું અહીં સ્વાગત કરીએ છીએ.’ આ સુત્રોચ્ચાર અમેરિકાની ઈમિગ્રેશન એજન્સી ICE (ઈમિગ્રન્ટ્સ એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ)ના વિરોધમાં હતાં. જે ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરી અટકાયત કરી રહી છે.

વોશિંગ્ટન ડી.સી.માં દેખાવકારોએ ટ્રમ્પ સરકાર પર બંધારણીય સિદ્ધાંતો, ખાસ કરીને ન્યાયની પ્રક્રિયાના અધિકારને નબળો પાડવાનો આરોપ મૂક્યો હતો. રિપોર્ટ અનુસાર, વ્હાઈટ હાઉસની બહાર દેખાવો કરી રહેલાં ૪૧ વર્ષીય બેન્જામિન ડગલસે જણાવ્યું હતું કે, આ કાયદો શાસન અને નાગરિકો પર અત્યાચાર ન કરવાના મૂળ સિદ્ધાંતો પર સીધો પ્રહાર કરે છે. અમુક લોકોને જાણી જોઈને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. જેથી વિદેશી પ્રત્યે વિરોધ ભડકાવી શકાય અને લાંબા સમયથી ચાલી રહેલા સુરક્ષાના કાયદાને નબળો પાડી શકાય. ન્યૂયોર્કના અન્ય એક દેખાવકાર કેથી વેલી (ઉ.વ. ૭૩ વર્ષ)એ જણાવ્યું કે, અમારી પર મોટું સકંટ છે. મારા માતા-પિતાએ હિટલરના ઉદયની જે વાર્તાઓ સંભળાવી હતી, આજે ટ્રમ્પના દોરમાં એ જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તેમાં તફાવત માત્ર આટલો છે કે, ટ્રમ્પ હિટલર અને અન્ય નાઝી નેતાઓની તુલનાએ વધુ મુર્ખ છે. તેમનો માત્ર ઉપયોગ થઈ રહ્યો છે, તેમની પોતાની ટીમમાં ફાટ પડેલી છે.

### PM મોદીના સ્પેશિયલ પેકેજનું શું થયું?: ખડગે

# ખડગેએ નીતિશ કુમાર સત્તા માટે વારંવાર પલટી મારતાં હોવાનો આક્ષેપ કર્યો

**આ બંને ગઠબંધન માત્ર સત્તા માટે એક-બીજાની સાથે છે નીતિશ કુમાર ખુરશી માટે વારંવાર ગઠબંધન બદલી નાખે છે**

**બિહાર**

બિહારમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણીના કારણે રાજકારણ ગરમાયું છે. રવિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બિહારના બક્સરના દલસાગર સ્ટેડિયમમાં આયોજિત ‘જય બાપુ, જય ભીમ, જય સંવિધાન રેલી’ને સંબોધિત કરતાં નીતિશ કુમાર અને ભાજપના ગઠબંધનની ટીકા કરી હતી. ખડગેએ નીતિશ કુમાર સત્તા માટે વારંવાર પલટી મારતાં હોવાનો આક્ષેપ કર્યો હતો.

ખડગેએ કહ્યું કે, ‘બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપનુ ગઠબંધન નકામું છે. આ બંને ગઠબંધન માત્ર સત્તા માટે એક-બીજાની સાથે છે. નીતિશ કુમાર ખુરશી માટે વારંવાર ગઠબંધન બદલી નાખે છે. નીતિશ કુમારે હાલ એ લોકો સાથે ગઠબંધન કર્યું છે, જેમણે મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. બિહારના લોકોએ મુખ્યમંત્રી નીતિશને સવાલ કરવો જોઈએ કે, વડાપ્રધાન મોદીએ ૨૦૧૫માં રાજ્યને રૂ. ૧.૨૫ લાખ કરોડનું પેકેજ આપવાનું વચન આપ્યું હતું. તેનું શું થયું. વડાપ્રધાન જૂઠાણાની ફેક્ટરી ચલાવી રહ્યા છે. બિહારમાં એનડીએ સરકારનો પર્દાફાશ કરવો પડશે. આ વખતે વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનને મત આપવા અપીલ છે.’ નેશનલ હેરાલ્ડ કેસ પર ઈડીની સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર કાર્યવાહી મુદ્દે ખડગેએ જણાવ્યું કે, ઈડી દ્વારા ભાજપ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર ચાર્જશીટ દાખલ કરી બદલાનું રાજકારણ રમી રહ્યું છે. પરંતુ અમે ભયભીત થઈશું નહીં. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ દેશ માટે જીવ આપી દીધો હતો.મલ્લિકાર્જુન ખડગેએ આરોપ મૂક્યો હતો કે, ભાજપ અને આરએસએસ નબળા લોકોનો વિરોધ કરે છે. તે જાતિ, ધર્મના નામે લોકોમાં ભાગલા પડાવી રહ્યો છે. આ લોકો મહિલાઓ, ગરીબ અને પછાતવર્ગના હિત વિશે વિચારતા નથી. ભાજપ અને સંઘ જાણીજોઈને વક્ફ સંશોધન બિલ લાવ્યું છે. જેથી સમુદાયો વચ્ચે દ્વેષની લાગણી ફેલાવી શકાય.

### આસામ પોલીસના એસટીએફએ બે લોકોની ધરપકડ કરી

# આસામમાંથી રૂ. ૭૧ કરોડની યાબા ટેબલેટ અને હેરોઇન જપ્ત

**તપાસ દરમિયાન પોલીસને આ બંને વાહનોમાંથી ૨,૭૦,૦૦૦ યાબા ટેબલેટ અને સાબુના ૪૦ બોક્સમાં છુપાવેલુ ૫૨૦ ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું**

**ગુવાહાટી**

આસામના કામરૂપ જિલ્લામાં એક સર્ચ ઓપરેશન દરમિયાન ૭૧ કરોડ રૂપિયાનું હેરોઈન અને પ્રતિબંધિત યાબા ટેબલેટ જપ્ત કરવામાં આવી છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ચોક્કસ બાતમીને આધારે આસામ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)એ અમિનગાવ વિસ્તારમાં એક ઓપરેશન શરૂ કર્યુ હતું. આ ઓપરેશનમાં બાજુના રાજ્યમાંથી આવેલા બે વાહનોને રોકવામાં આવ્યા હતાં. તપાસ દરમિયાન પોલીસને આ બંને વાહનોમાંથી ૨,૭૦,૦૦૦ યાબા ટેબલેટ અને સાબુના ૪૦ બોક્સમાં છુપાવેલુ ૫૨૦ ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું.

યાબા ટેબલેટ ક્રેઝી ડ્રગ તરીકે પણ ઓળખાય છે. ભારતમાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે કારણકે તેમાં મેથામ્ફેટામાઈન હોય છે. પોલીસના જણાવ્યા અનુસાર પકડવામાં આવેલા બે લોકો બાજુના રાજ્યમાંથીઆ ડ્રગ્સનો જથ્થો લાવ્યા હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર જપ્ત કરવામાં આવેલા યાબા ટેબલેટનું બજાર મૂલ્ય ૬૭ કરોડ રૂપિયા અને હેરોઈનનું મૂલ્ય ચાર કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે.

### ખાલિસ્તાનીઓનું મનોબળ ઊંચું છે

# કેનેડાના એક ગુરુદ્વારામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકાતા ખાલિસ્તાનીઓમાં રોષ

**ખાલસા દીવાન સોસાયટી ગુરુદ્વારાને રોસ સ્ટ્રીટ ગુરુદ્વારા તરીકે પણ ઓળખવામાં આવે છે**

**કેનેડા**

કેનેડામાં જસ્ટિન ટ્રૂડોએ વડાપ્રધાન પદ છોડ્યા પછી પણ ખાલિસ્તાનીઓનું મનોબળ ઊંચું છે. અહીં વાનકુવરમાં, ખાલિસ્તાની કટ્ટરપંથીઓએ એક ઐતિહાસિક ગુરુદ્વારા પર પોતાના સૂત્રો લખ્યા. ગુરુદ્વારા પર ભારત વિરોધી સૂત્રો પણ લખેલા હતા. ખાલસા દીવાન સોસાયટી ગુરુદ્વારાને રોસ સ્ટ્રીટ ગુરુદ્વારા તરીકે પણ ઓળખવામાં આવે છે. ખાલિસ્તાનીઓના આ કૃત્ય બાદ, ગુરુદ્વારાના પ્રવક્તાએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, અલગતાવાદી શીખોના એક જૂથે આપણા પવિત્ર ગુરુદ્વારાની દિવાલોને અપવિત્ર કરી છે અને તેના પર ખાલિસ્તાની સૂત્રો લખ્યા છે.

ગુરુદ્વારાએ કહ્યું કે આ ખાલસા સજના દિવસે આપણે એકતાની સુગંધ ખાઈએ છીએ. એક જૂથ દ્વારા કરવામાં આવેલું આ કૃત્ય નિંદનીય છે. કટ્ટરપંથી શક્તિઓ શીખોમાં વિભાજન કરવા માંગે છે અને આ ભય પેદા કરવાનો પ્રયાસ છે. તેમણે કહ્યું કે, કટ્ટરપંથીઓ આપણા વડીલોના બલિદાનને સમજી શકતા નથી. તેમણે કહ્યું કે આપણા વડીલોએ વિવિધતા અને સ્વતંત્રતા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. અમે તેમના વિભાજન કરવાના પ્રયાસોને સફળ થવા દઈશું નહીં.તમને જણાવી દઈએ કે આ ગુરુદ્વારા ૧૯૦૬માં બનાવવામાં આવ્યું હતું. ગયા રવિવારે ગુરુદ્વારામાં નગર કીર્તન અને વૈશાખી પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાલિસ્તાન સમર્થકોને આ કાર્યક્રમોમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. ગુરુદ્વારા ઉપરાંત, ખાલિસ્તાનીઓએ સુરી અને બ્રિટિશ કોલંબિયામાં મંદિરોને પણ નિશાન બનાવ્યા છે. અહીં પણ ખાલિસ્તાની સૂત્રો લખેલા જોવા મળ્યા.મંદિરના પ્રવક્તા પુરુષોત્તમ ગાયલે જણાવ્યું હતું કે લક્ષ્મીનારાયણ મંદિર કેનેડામાં હિન્દુઓ અને શીખો વચ્ચે એકતા જાળવવા માટે સક્રિય રીતે કાર્ય કરે છે. એટલા માટે મંદિરને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. આ કોઈ સંયોગ નથી પણ આ સૂત્રો યોજનાબદ્ધ રીતે લખવામાં આવ્યા છે. કેટલાક લોકો આપણી વચ્ચે ભાગલા પાડવાનું કાવતરું ઘડી રહ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં, હિન્દુ અને શીખ સમુદાયના લગભગ ૬૦ લોકો રોસ સ્ટ્રીટ ગુરુદ્વારામાં એકઠા થયા હતા. તેમણે જાહેરાત કરી હતી કે ભાગલા પાડનારાઓના કાવતરાને નિષ્ફળ બનાવવામાં આવશે. કેનેડામાં ૨૦૨૩ અને ૨૪માં અનેક મંદિરો પર હુમલા થયા હતા. પોલીસ હજુ સુધી તે બદમાશોની ધરપકડ કરી શકી નથી. ખાલિસ્તાનીઓએ લક્ષ્મી નારાયણ મંદિરમાં પણ હોબાળો મચાવ્યો હતો.

# હમાસે માગણીઓ ફગાવતા ઈઝરાયલ રઘવાયું, આડેધડ બોમ્બમારામાં ૯૨ના મોત

**ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસના આતંકી પર યુદ્ધવિરામ વાટાઘાટો તોડવાનો આરોપ મૂક્યો હતો**

**હમાસ**

ગાઝા યુદ્ધવિરામ પર ફરી એકવાર લાંબા અને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસના આતંકી પર યુદ્ધવિરામ વાટાઘાટો તોડવાનો આરોપ મૂક્યો હતો અને ગાઝાને પરિણામો ભોગવવાની ધમકી આપી હતી. નેતન્યાહૂના આદેશ પર ઈઝરાયલી સેના ગાઝામાં વિનાશ મચાવી રહી છે. નેતન્યાહૂએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જ્યાં સુધી હમાસ અમારી માંગણીઓ સ્વીકારે નહીં ત્યાં સુધી ગાઝા પર હુમલો ચાલુ રહેશે. ગાઝા પરના હુમલાઓ એટલી હદે વધી ગયા છે કે ગુડ ફ્રાઈડે પછી છેલ્લા બે દિવસમાં ઈઝરાયલી હુમલાઓમાં ઓછામાં ઓછા ૯૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. જ્યારે ૨૧૯થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃત્યુ પામેલાઓમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

અહેવાલો અનુસાર, ખાન યુનિસમાં થયેલા હવાઈ હુમલામાં ૧૫ બાળકો માર્યા ગયા. બધા બાળકો તંબુમાં સૂતા હતા.આ દરમિયાન રફાહમાં થયેલા એક અલગ હુમલામાં, એક માતા, તેની પુત્રી અને બે અન્ય લોકો માર્યા ગયા. મૃતદેહોને યુરોપિયન હોસ્પિટલમાં લાવવામાં આવ્યા.

બીજી તરફ હમાસે ઈઝરાયલના અસ્થાયી યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. હમાસ કહે છે કે તે કાયમી યુદ્ધવિરામ અને કેદીઓની મુક્તિના બદલામાં એક વ્યાપક સમાધાન ઈચ્છે છે, ફક્ત અસ્થાયી રાહત નહીં. ઈઝરાયલી હુમલાઓ છતાં હમાસ પોતાની જીદ છોડવા તૈયાર નથી.

હમાસના આ ઈનકાર પછી ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શનિવારે સ્પષ્ટ કર્યું કે, ‘જ્યાં સુધી હમાસ અમારા પ્રસ્તાવો સ્વીકારે નહીં ત્યાં સુધી યુદ્ધ બંધ નહીં થાય. ગાઝામાં લશ્કરી કાર્યવાહી સંપૂર્ણ તાકાત સાથે ચાલુ રહેશે.’ તેમનું નિવેદન ગાઝામાં મોટા ‘સુરક્ષા ક્ષેત્રો’ કબજે કરવા અને તેના ૧૮ મહિના લાંબા યુદ્ધને વધુ તીવ્ર બનાવવાની ઈઝરાયલની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે.

### સુપ્રીમ કોર્ટને ડરાવવાનો નિર્લજ્જ પ્રયાસ

# ભાજપના નેતાઓની ટિપ્પણી પર મહુઆ મોઈત્રા વરસ્યાં

**આ નિવેદન બાદ તૃણમુલ કોંગ્રેસ મહુઆ મોઈત્રાએ ભાજપ પર આકરા પ્રકારો કર્યો હતા**

**નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટ અને ભારતના મુખ્ય ન્યાયાધીશ પર ભાજપના સાંસદ નિશિકાંત દુબેના વિવાદાસ્પદ નિવેદનને લઈને રાજકીય ક્ષેત્રે ગરમાવો આવી ગયો છે. આ નિવેદન બાદ તૃણમુલ કોંગ્રેસ મહુઆ મોઈત્રાએ ભાજપ પર આકરા પ્રકારો કર્યો હતા.

મહુઆ મોઈત્રાએ રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોમ X પર આકરી પ્રતિક્રિયા આપતા લખ્યું કે, ‘યાદ રાખો, પીટબુલ પોતાના માલિકની મંજૂરી વિના કંઈ કરતો નથી. આખો દેશ જોઈ રહ્યો છે કે ન્યાયતંત્ર પર કેવી રીતે પ્રોક્સી હુમલા કરવામાં આવી રહ્યા છે. બેન્ચને ડરાવવાનો બેશરમ કોશિશ. આ ભારતનો સૌથી ખરાબ સમય છે. જ્યારે અશિક્ષિત ગુંડાઓ દ્વારા શાસન કરવામાં આવી રહ્યું છે.’

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ‘જો દરેક બાબત માટે સુપ્રીમ કોર્ટમાં જવુ પડતું હોય તો, સંસદ અને રાજ્ય વિધાનસભાઓ બંધ કરી દેવી જોઈએ.’ તેમણે સુપ્રીમ કોર્ટ પર ધાર્મિક યુદ્ધ ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો અને દેશને અરાજકતા તરફ લઈ જવાનું કાવતરું ગણાવ્યું હતું.

દુબેના આ ટિપ્પણી પર વિવાદ વધતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પાર્ટીને આ નિવેદનથી અલગ કરી સ્પષ્ટતા આપતા કહ્યું કે, ‘ સાંસદ નિશિકાંત દુબે અને દિનેશ શર્મા દ્વારા આપવામાં આવેલા નિવેદનો પાર્ટીના સત્તાવાર અભિપ્રાય નથી.

### જેલ અધિકારીઓ પર કરે છે ક્રૂર હુમલો

# બ્રિટનની જેલો પર ઈસ્લામિક કટ્ટરવાદી કેદીઓનો કબજો

**બ્રિટન**

બ્રિટનની જેલો પર ઈસ્લામિસ્ટ ગેંગનો કબજો થઈ રહ્યો છે, જેને પગલે આવી ગેંગને કાબુ કરવા માટે જેલના સુરક્ષાગાર્ડો દ્વારા તેમના પર વધુ બળ પ્રયોગ કરવો પડી રહ્યો છે. આ ઈસ્લામિસ્ટ ગેંગો અન્ય કેદીઓ પર ધર્માંતરણ માટે દબાણ કરી રહી છે.

જો આ કેદીઓ ના માને તો તેમની સાથે ઈસ્લામિસ્ટ ગેંગો હુમલા કરીને પરેશાન કરે છે. સાથે જ જેલ બહાર છૂટે તો હુમલાની ધમકીઓ પણ આપી રહી છે. આ દાવો બ્રિટનના મીડિયાના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. આ ઈસ્લામિસ્ટ ગેંગ એટલી ખુંખાર બની ગઈ છે કે કેટલીક જેલોમાં સુરક્ષાકર્મીઓ પર જીવલેણ હુમલા કરી રહી છે.

ધ ગાર્ડીયનના રિપોર્ટ મુજબ માન્ચેસ્ટર એરેનાની જેલમાં કેદ હાશેમ આબેદીએ જેલના ત્રણ અધિકારીઓ પર ગરમ તેલ રેડી દીધુ હતું, સાથે જ જાતે બનાવેલા ચાકુથી હુમલો કર્યો હતો. જેને પગલે બે અધિકારીઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. અન્ય એક રિપોર્ટ મુજબ બ્રિટનની હાઈ સિક્યોરિટી જેલો જેમ કે એચએમપી ફ્રેંકલેન્ડ, વ્હાઈટમૂર અને ફુલ સટન વગેરેમાં ઈસ્લામી જુથોએ કબજો કરી રાખ્યો છે. આ જુથને બ્રધરહૂડ નામ આપવામાં આવ્યું છે. જેમાં એક સરખી ઈસ્લામિક કટ્ટરવાદી વિચારધારાવાળા કેદીઓ એક થઈને અન્ય કેદીઓને નિશાન બનાવે છે.

આ કેદીઓને ઈસ્લામ અપનાવવા માટે દબાણ કરે છે કે બ્રેઈનવોશ કરે છે. ૨માં આતંકવાદ સંબંધી કાયદાની સ્વતંત્ર સમિક્ષા કરનારા જોનાથન હોલ કેસીએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે જેલ પ્રશાસન ઈસ્લામી જુથોના પ્રભાવને લાંબા સમય સુધી ઘટાડીને દેખાડવાનો પ્રયાસ થયો છે. જેલોમાં ધાર્મિક આધાર પર આ કટ્ટરવાદીઓ સક્રિય છે. કેટલીક જેલોમાં તો શરિયા કોર્ટો પણ આ કેદીઓ ચલાવવા લાગ્યા છે. જેમાં ઈસ્લામિક કાયદાના ભંગ બદલ કોરડા મારવા જેવી સજા પણ આપે છે. ખાસ કરીને નવા અને યુવા વર્ગના કેદીઓને નિશાન બનાવવામાં આવે છે. જે કેદીઓ નબળા હોય તેના પર પ્રભાવ વધારવા પ્રયાસ થતો હોય છે. બીજી તરફ ધ ગાર્ડીયનની રિપોર્ટ મુજબ જેલ પ્રશાસન હાલ આવા ઈસ્લામિક કટ્ટરવાદી અને કાબુ બહારના કેદીઓ પર વિશેષ નજર રાખી રહ્યું છે. કેટલાક સંજોગોમાં બળપ્રયોગ પણ કરવો પડી રહ્યો છે.

# પાંચ વર્ષ સુધીના બાળકને અનુશાસનમાંથી મુકત રાખો

ભારતની શિક્ષણ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે. ન માત્ર પ્રાચીન, તે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પણ છે. આટલી પ્રાચીન શિક્ષણ પરંપરામાં બાલ શિક્ષણના સંદર્ભમાં એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. એ છે બાળકને શાળામાં બેસાડવાની ઉંમર. ભૂતકાળમાં વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ માટે પ્રવેશની ઉંમર ક્યાંક સાત વર્ષની હતી, તો ક્યાંક છ વર્ષની હતી. કોઈપણ પરિસ્થિતિમાં પાંચ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોનો વિદ્યાલયમાં પ્રવેશ થતો ન હતો.

કોઈપણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી માતા-પિતા કે ઘરથી દૂર કરવું જોઈએ નહીં. પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં. જ્યારે આપણે અઢી ત્રણ વર્ષના બાળકને મોન્ટેસરી, નર્સરી કે કે.જી.ના નામે વિદ્યાલયમાં મોકલીએ છીએ. ત્યાં તો પાઠ્યક્રમ લાગુ કરી દેવામાં આવે છે. સ્કૂલ બેગ, પુસ્તકો, ગૃહકાર્ય, પરીક્ષા વગેરે લાગુ પડી જાય છે. એનો સીધો અર્થ એ થાય કે આપણે બાળકને સમયથી બે ત્રણ વર્ષ વહેલું ભણાવવાનું શરૂ કરાવીને એને એક પ્રકારના બંધનમાં 'કેદ' કરી લઈએ છીએ.

જો કે નવી શિક્ષણ નીતિ - 2020 મુજબ હવે છ વર્ષની ઉંમરનું બાળક જ પહેલાં ધોરણમાં પ્રવેશ પાત્ર બનવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. ઉંમરના ત્રણ તબક્કા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીનો પહેલો તબક્કો, છ થી પંદર વર્ષ સુધીનો બીજો તબક્કો અને સોળ વર્ષથી જીવનના અંત સુધીનો ત્રીજો તબક્કો. આ ત્રણેય તબક્કા જીવન વિકાસની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના આધાર પર નક્કી કરવામાં આવ્યા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીમાં સંસ્કાર ગ્રહણ ક્ષમતા સૌથી વધુ હોય છે. આ વાત સાથે ભારતીય અને પાશ્ચાત્ય તમામ મનોવૈજ્ઞાનિકો સંમત છે. ક્યાંક ક્યાંક આ ઉંમર છ વર્ષની પણ બતાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂરાં થયા પછી બુદ્ધિનો વિકાસ શરૂ થાય છે અને પંદર વર્ષ પૂરાં થતાં થતાં બુદ્ધિની ક્ષમતા પણ પૂરી થઈ જાય છે. એનાથી આગળ બુદ્ધિ વિકાસ થતો નથી. તેના પછી જે પણ બુદ્ધિ વધે છે તે અનુભવ અને કાર્યના માધ્યમથી જ વધે છે.

પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ સંસ્કાર છે. પંદર વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ શિક્ષણ છે અને સોળ વર્ષની ઉંમરથી આગળ વિકાસનું માધ્યમ સ્વાધ્યાય છે. યોગની ભાષામાં જો કહેવામાં આવે તો પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસ પ્રક્રિયાનું અધિષ્ઠાન 'ચિત્ત' છે, પંદર વર્ષની ઉંમર સુધી 'મન' અને સોળ વર્ષથી આગળ વિકાસની પ્રક્રિયાનું અધિષ્ઠાન 'બુદ્ધિ' છે. આપણે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને આ મૂળભૂત વાતો સાથે જોડવી જોઈએ. આ સંદર્ભમાં આપણે શિક્ષણ વ્યવસ્થાનું વિભાજન કરવું જોઈએ. પાંચ વર્ષની ઉંમર સુધી ઘરમાં માતા-પિતા દ્વારા સંસ્કાર મેળવે, છથી પંદર વર્ષ સુધી આચાર્ય દ્વારા વિદ્યાલયમાં શિક્ષણ મેળવે અને સોળ વર્ષથી આગળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર શિક્ષણ મેળવે.

આપણા પૂર્વજો અને મહાપુરુષો આપણા પ્રેરણા સ્ત્રોત છે, એ પણ શિશુ અવસ્થાના શિક્ષણનો એક ભાગ છે. આ જ નૈતિક શિક્ષણ છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે. બાળકને જે જે માધ્યમથી પ્રેરણા આપીએ, અનુભવ કરાવીએ છીએ એ આનંદદાયક હોવા જોઈએ. આ દૃષ્ટિએ ખેલ, ગીત, વાતો વગેરે ખૂબ જરૂરી છે. બાળકોને રમવામાં, ગાવામાં, નાચવા - કૂદવામાં, પાણીમાં પલળવામાં, ઘાસ કે રેતીમાં આળોટવામાં, વાતો સાંભળવામાં, સંગીત સાંભળવામાં અને મોટાઓનું અનુકરણ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. અલબત્ત, આ બધાં સંસ્કારનાં આડકતરાં પણ જરૂરી માધ્યમ છે.

સંસ્કાર પ્રક્રિયામાં સૌથી વધુ અનુભવ અને પ્રેરણાનું મહત્ત્વ છે. બાળકને રંગના નામ યાદ ન રહે તો ચિંતાની વાત નથી. આંખોને વિવિધ પ્રકારના રંગ, રંગની રચના, રંગનું સમાયોજન વગેરે દેખાવું જોઈએ. ગીતના શબ્દો યાદ ના રહે તો ચિંતા નથી. તથ્ય યાદ ન રહે તો પણ ચિંતા નથી, પરંતુ ગીતનો ભાવ અને સ્વર અંદર ઊતરવા જોઈએ. પાણીમાં લાકડાં તરે છે અને લોખંડ ડૂબી જાય છે, એ જોવું જરૂરી છે. અર્થાત પોતાની ચારે બાજુની સૃષ્ટિનો અનુભવ કરવો,

તેમની સાથે તાદાત્મ્ય સાધવું, આનંદથી પુલકિત થઈ જવું, બધા તરફથી પ્રેમની વર્ષા થઈ રહી છે, એનો અનુભવ કરવો એ જ તેના અંત:કરણને સમૃદ્ધ કરવાનો એક માત્ર સચોટ ઉપાય છે.

# સફેદ વાળથી છુટકારો જોઈએ છે? તો અપનાવો આ ઉપાય



આજના સમયમાં વાળ સફેદ થવા એ ખૂબ જ સામાન્ય ઘટના છે, જે ઉંમર વધવાની સાથે થાય છે. જોકે તણાવ, ખરાબ ખાવાની આદતો અને જીવનશૈલી સંબંધિત સમસ્યાઓને કારણે નાની ઉંમરે પણ વાળ સફેદ થવા લાગે છે. જેના કારણે લોકોમાં ચિંતા જોવા મળતી હોય છે. આ માટે લોકો બજારમાંથી મળતા કલર અને મહેંદીનો ઉપયોગ કરતાં હોય છે, પરંતુ વાળને રંગવાથી તે થોડા સમય માટે કાળા દેખાય છે અને જ્યારે મહેંદીનો રંગ ઓછો થઈ જાય છે, ત્યારે સફેદપણું ફરીથી દેખાય છે. જો તમે કુદરતી રીતે તમારા વાળ કાળા કરવા માંગો છો, તો કેટલાક આયુર્વેદિક અને ઘરેલું ઉપચાર અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ.

**વાળ કાળા કરવાના કુદરતી ઉપાયો**

આમળા- આમળા વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. તે વાળને કાળા કરવા ઉપરાંત, તેમને મજબૂત પણ બનાવે છે. આમળા પાવડર અથવા તાજો આમળા વાળમાં લગાવવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

લીંબુ- લીંબુની અંદર વિટામિન C હોય છે જે વાળને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. લીંબુનો રસ મધમાં ભેળવીને વાળ પર લગાવવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

કોફી- કોફીમાં રહેલા તત્વો વાળને કાળા કરવામાં મદદ કરે છે. કોફીને પાણીમાં ઉકાળીને તેનાથી વાળ ધોવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

બદામનું તેલ - બદામનું તેલ વાળને પોષણ આપે છે અને તેને મજબૂત બનાવે છે. મેંદીને બદામના તેલમાં ભેળવીને વાળમાં લગાવવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

ડુંગળીનો રસ- ડુંગળીમાં સલ્ફર હોય છે, જે વાળના ગ્રોથને પ્રોત્સાહન આપે છે અને વાળને કાળા કરવામાં મદદ કરે છે. ડુંગળીનો રસ વાળમાં લગાવવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

હળદર- હળદરમાં એન્ટીઑક્સિડન્ટ હોય છે, જે વાળને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. દહીંમાં હળદર ભેળવીને વાળમાં લગાવવાથી વાળનો રંગ ઘાટો થઈ શકે છે.

નોંધ: અત્રે આપવામાં આવેલી ટિપ્સ માત્ર એક સૂચન છે, અનુસરતા પૂર્વે તબીબી સલાહ અવશ્ય લેવી.

# ટ્રેનમાં ઘી લઈ જઈ શકાય? શું કહે છે રેલવેનો નિયમ?



ભારતીય રેલવે એ દુનિયાનું સૌથી વિશાળ ચોથા નંબરનું રેલવે નેટવર્ક છે. રેલવે ટ્રેનમાં પ્રવાસ કરવાના કેટલાક નિયમ હોય છે, જેનું પાલન કરવું ખૂબ જ જરૂરી હોય છે. આજે અમે અહીં તમને રેલવેના આવા જ એક નિયમ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. આ નિયમ છે ટ્રેનમાં ઘી લઈ જઈ શકાય કે નહીં?

ટ્રેનમાં ઘી લઈ જવા માટે અલગથી નિયમ બનાવવામાં આવ્યો છે. જે જાણી લેવો તમારા માટે ફાયદાનો સોદો સાબિત થશે. અનેક લોકોનું માનવું છે કે ટ્રેનમાં ઘી લઈને જઈ શકાય છે તો વળી કેટલાક લોકોનું એવું માનવું છે કે ટ્રેનમાં ઘી ના લઈ જઈ શકાય. બંનેમાંથી શું સાચું છે ચાલો જાણી લઈએ.

પહેલાં તો તમારી જાણ માટે કે ઘીનો સમાવેશ જ્વલનશીલ પદાર્થોમાં કરવામાં આવે છે એટલે અનેક જગ્યાએ ઘી લઈ જવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જો ભારતીય રેલવેની વાત કરીએ તો એને લઈ જવા માટેના કેટલાક ખાસ નિયમો છે, જેનું પાલન કરવું આવશ્યક છે. તમને જણાવીએ કે કયા સંજોગોમાં તમે ટ્રેનમાં ઘી લઈ જઈ શકો છો.

ટ્રેનમાં તેલ, પેન્ટ અને ઘી જેવી વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ હોય છે. પણ ઘી લઈ જવા માટે રેલવે દ્વારા કેટલીક મર્યાદાઓ અને શરતો મૂકવામાં આવી છે. આ શરત પ્રમાણે કોઈ પણ પ્રવાસી પોતાની સાથે ટ્રેનમાં 20 કિલો જેટલું ઘી લઈ જઈ શકે છે. પરંતુ જે ઘી લઈ જાવ છો એ બરાબર પેક હોવું જોઈએ. ટીનમાં વ્યવસ્થિત રીતે પેક કરેલું 20 કિલો જેટલું ઘી પ્રવાસી ટ્રેનમાં લઈ જઈ શકે છે.

છે ને એકદમ કામની માહિતી? આ માહિતી તમારા મિત્રો અને પરિવારના સભ્યો સાથે શેર કરીને તેમના જનરલ નોલેજમાં પણ વધારો કરજો હં ને? જેથી ભવિષ્યમાં તમે કે તમારા નજીકના લોકો કોઈ મુશ્કેલી ના મૂકાય. આવી જ બીજી માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.

# સુભાષચંદ્ર બોઝનો સેંકડો કરોડોનો ખજાનો ગયો કયાં?

સુભાષચંદ્ર બૉઝ. પ્રભાવતી દત્ત અને જાનકીનાથ બૉઝના આ સુપુત્ર નેતાજી જેવા વિશેષણથી ઓળખાયા, માન-સન્માન પામ્યા. ઓરિસાના કટકમાં 1897ની 23મી જાન્યુઆરીએ પૃથ્વી પર અવતરણ થયું એ નિશ્ચિત. સત્તાવાર રીતે 1945ની 18મી ઑગસ્ટે જાપાનના ફોર્મોસા (હાલના તાઈવાન)માં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું, પરંતુ ખરેખર એ દિવસે, એ સ્થળે તેઓ મૃત્યુ પામ્યા હતા? વિમાન અકસ્માતે જીવ લીધો હતો? દાવા ખૂબ થયા કે તેઓ ભારતમાં અલગ અલગ સ્થળે વેશપલ્ટો કરીને 1945 બાદ જીવ્યા હતા.

ખૂદ ભારત સરકારે આ વિમાન અકસ્માત અને એમાં નેતાજીના આકસ્મિક નિધનને સમર્થન આપ્યું હતું. સાથોસાથ એ પણ ઉમેર્યું હતું કે અકસ્માતમાં ખૂબ દાઝી ગયા બાદ હાલના તાઈપેઈની હૉસ્પિટલમાં થોડા કલાકમાં તેમણે આખરી શ્વાસ લીધા હતા. તેમની અંતિમવિધિ તાઈવાનમાં કરાઈ હતી. આના સમર્થનમાં અનેક પુરાવા-સાક્ષી ય હાજર કરાયા હતા.

પરંતુ આના વિરોધાભાસમાં દાવો કરાયો કે સુભાષબાબુ વિમાન-અકસ્માતમાં બચી ગયા હતા. આ કથિત મોત બાદ પણ તેઓ ભારતના કલકત્તા, અલાહાબાદ અને ઔરંગાબાદમાં દેખાયાના દાવા કરાયા હતા. અમુક લોકોએ તેમને રશિયામાં જોયેલા અને ત્યાં રાજ્યાશ્રય મેળવ્યાના દાવા કર્યા હતા. કોઈએ એમને ચીનમાં જોયા હતા, તો કેટલાંકે એમને સાઉથ ઈસ્ટ એશિયાના મલેશિયા, સિંગાપોર અને ઈન્ડોનેશિયામાં જોયાની રજૂઆત કરી હતી. થિયરી તો એવી ય ચર્ચાઈ કે બ્રિટિશ કે ભારત સરકારે જ સુભાષચંદ્ર બૉઝની હત્યા કરાવી હતી, પરંતુ એમના ફરી દેખાવા કે હત્યા અંગે કોઈ નક્કર પુરાવા-સાક્ષી નહોતા.

અંતે નેતાજીના મોત અંગે વિવાદ વધતા ભારત સરકારે 1956માં શાહ નવાઝ સમિતિની સ્થાપના કરી હતી. આ શાહનવાઝ ખાન અગ્રણી કૉંગ્રેસી હોવા અગાઉ બૉઝની ઈન્ડિયન નેશનલ આર્મીના સભ્ય પણ હતા. આ સમિતિએ બે વર્ષ તપાસ-પૂછપરછ બાદ અહેવાલ સુપરત કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં જ માર્યા ગયા હતા અને તેમના અન્ય સ્થળે જીવતા દેખાવા અંગે એકેય નક્કર પુરાવા નથી. છતાં વિવાદે શાંત પડવાનું નામ ન લીધું. 1970માં ખોસલા પંચે તપાસ કરી. ચાર વર્ષ સુધી દુર્ઘટનાગ્રસ્ત પ્લેનના જાપાની પાઈલોટ અને તેમની સારવાર કરનારા જાપાની ડૉક્ટર સહિતના ઈન્ટરવ્યુ બાદ શાહનવાઝ પંચ જેવો જ ચુકાદો આપ્યો. અગાઉના પંચમાં બૉઝ પરિવારના કોઈને સામેલ ન કરવાનો વિરોધ થયો હતો. સાથોસાથ બન્ને પંચને નેતાજી અંગેની કલાસિફાઈડ અર્થાત ગુપ્ત સરકારી ફાઈલ ન જોવા દેવાનો વિરોધ થયો હતો.

આ વિવાદને શાંત પાડવા 1999માં મુખર્જી પંચને જવાબદારી સોંપાઈ. સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ હેઠળના પંચે ધડાકો કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં માર્યા નહોતા ગયા અને ટોકિયોના રેનકોજી મંદિરમાં નેતાજીના ગણાવીને રખાયેલા અસ્થિ પણ એમના નથી. એટલું જ નહીં, વિમાન અકસ્માતમાં નેતાજીનુ મોત તો માત્ર 'કવર અપ' એટલે ઢાંકપિછોડો હતો. કેન્દ્ર સરકારે આ વિવાદાસ્પદ અહેવાલનો સ્વીકાર ન કર્યો. આ અહેવાલને અટકળ-ધારણા આધારિત બતાવાયો. એટલું જ નહીં, અત્યાર સુધીની ભારત સરકારોએ નેતાજી સુભાષચંદ્ર બૉઝ અંગેની કલાસિફાઈડ ફાઈલ્સ હજી જાહેર કરી નથી અને એ માટે ગળે ઊતરે એવાં કારણો પણ આપી શકી નથી. સરકારે આ બધી ફાઈલ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાને સોંપી છે, પરંતુ તેની પાછળનો ઈરાદો ફાઈલની જાળવણી અને ડિજિટાઈઝેશનનો જ છે. આ બન્ને કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી તેને જાહેર જનતા સમક્ષ કે પબ્લિક ડોમેઈનમાં નહીં મુકાય? પછી 2016માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજી પરની એકસો ફાઈલ જાહેર કરી હતી, જેમાં નેતાજી વિમાન અકસ્માતમાં બચી ગયાના કોઈ પુરાવા નહોતા. આનાથી સૌને સંતોષ થયો એમ માની ન શકાય.

નેતાજી સુભાષચંદ્ર બૉઝના અવસાન અંગેના જોરદાર વિવાદ વચ્ચે એક બાબત દબાઈ ગઈ કે ભૂલાવી દેવાઈ જેના પર અહીં ફોક્સ કરીશું. 2016માં નેતાજી પરની અમુક ડિકલાસિફાઈડ ફાઈલમાં અમુક ચોંકાવનારી બાબતો બહાર આવી હતી. ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ રક્ષિત અને સાઉથ બ્લૉકમાં બંધ તાળામાં રહ્યાં, પીળા પડી ગયેલા અમુક પાનાંમાં નેતાજીએ ભારતની સ્વંતત્રતા માટે સશસ્ત્ર લડાઈ કાજે આમ જનતા પાસેથી દાનમાં મેળવેલા રોકડ, સોના અને અલંકારોને પગ આવી ગયા હતાં તેનો ઘટસ્ફોટ થયો હતો.

હા, નેતાજીના અવસાન બાદ ઈન્ડિયન નેશનલ આર્મી માટે એકઠા કરાયેલા મોટા ભંડોળનું થયું શું? એ કોણ ઓહિયા કરી ગયું? પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ (પી એમ ઓ) અને વિદેશ મંત્રાલયમાંની નેતાજી ફાઈલ્સમાં છુપાયેલા ઘણાં રહસ્યોમાંનું એક આ ખજાના બાબતનું છે. શક્યતા છે કે 1945માં નેતાજીના મોત કે મોતની જાહેરાત બાદ આ લૂંટ ચલાવાઈ હોવી જોઈએ.

ડિકલાસિફાઈડ ફાઈલના દસ્તાવેજો મુજબ ઈન્ડિયન નેશનલ આર્મીના મોટા ભંડોળ-જે આજે સેંકડો કરોડોનું થાય. એ અંગે ત્યારની સરકાર જાણતી હતી પણ તેણે કંઈ કરતા કંઈ ન કર્યું. નહેરુ સરકારને માહિતી અને ચેતવણી મળી હતી. ત્રણ-ત્રણ વાર ચેતવણી મળી હતી કે નેતાજી પોતાની પાછળ વિયેતનામના સાયગોન (હાલના હો મિંચ શહેર)માં મોટો ખજાનો-સોનું, કિંમતી રત્નો-મૂકી ગયા છે. સરકારે કંઈ ન કર્યું અને શંકાસ્પદ ષડયંત્રકારીઓએ એ ખજાનો પચાવી પાડ્યો. આનાથી ય બદતર બાબત એ બની કે આ ખજાનાની ઉચાપતના એક શકમંદ અને આઈ.એન.એ.ના ભૂતપૂર્વ સભ્યનું સરકારે સન્માન કર્યું હતું.

# સોકેટમાં ખાલી ચાર્જર લગાવીને મૂકવાથી ખર્ચાય છે આટલી ઈલેક્ટ્રિસિટી



મોબાઈલ ફોન એ આજના સમયની તાતી જરૂરિયાત બની ગયા છે. એક સમય હતો કે જ્યારે લોકોની જરૂરિયાત રોટી, કપડાં ઔર મકાન પૂરતી સિમીત હતી, પણ હવે તેમાં મોબાઈલ ફોન અને એની સાથે સાથે ચાર્જર પણ એમાં ઉમેરાઈ ગયું છે. આપણામાંથી ઘણા લોકોને આદત હોય છે કે ફોન ચાર્જ થઈ ગયા બાદ પણ ચાર્જરને સોકેટમાં પ્લગ ઈન કરી રાખે છે. પરંતુ શું તમને ખબર છે કે તમે આ રીતે ચાર્જર પ્લગ ઈન કરી રાખો તો કેટલી ઈલેક્ટ્રિસિટી ખર્ચ થાય છે? ચાલો આજે તમને આ વિશે જણાવીએ-

જ્યારે પણ આપણે બહાર જઈએ છીએ ત્યારે ફોનની સાથે સાથે ચાર્જર પણ લઈ જઈએ છીએ. પરંતુ ઘણા લોકો એવા પણ હોય છે કે જેમને આખો વખત ફોનને ચાર્જ કરતાં રહેવાની ટેવ હોય છે. આવા લોકો ચાર્જરને હંમેશા સોકેટમાં લગાવી રાખી મૂકે છે, તો કેટલાક લોકો તરત જ ચાર્જમાંથી ફોન તો કાઢી લે છે પણ ખાલી ચાર્જર ઓન રાખી મુકે છે.

આવી સ્થિતિમાં પ્લગ ઈન કરેલો કોઈ પણ પણ સ્વિચ ઓન ચાર્જર કોઈ કનેક્ટેડ ડિવાઈસ વિના પણ ઈલેક્ટ્રિસિટી યુઝ કરે છે. હવે તમને થશે કે આ રીતે ચાર્જર કેટલી ઈલેક્ટ્રિસિટી યુઝ કરતું હશે, તો આ રહ્યો તમારા સવાલનો જવાબ. સોકેટમાં ચાર્જર લાગેલું હોય લગભગ એક વોટ વિજળીનો ઉપયોગ કરે કરે છે.

તમારી જાણ માટે સોક્ટમાં ખાલી ચાર્જર રાખી મૂકવાથી ચાર્જરની લાઈફ પણ ધીરેધીરે ઘટવા લાગે છે અને તે ઝડપથી ખરાબ થવા લાગે છે. આવા ચાર્જર યુઝ કરવાને કારણે ફોનની બેટરી લાઈફ પણ ઘટી જાય છે.

જો તમારા ઘરમાં પણ કોઈને આવી ટેવ હોય તો આજે જ એમને આ સ્ટોરી મોકલાવીને આવું કરતા રોકો, કારણ કે તેઓ ઈલેક્ટ્રિસિટીની સાથે સાથે ચાર્જરને પણ બગાડી રહ્યા છે. છે ને એકદમ કામની માહિતી?

# ભારતમાં અહીં ભાડે મળે છે પત્ની?!



હેડિંગ વાંચીને તમે પણ તમારું માથું પકડી લીધું હશે, બરાબર ને? ભારત તેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને કારણે જ દુનિયાના નક્શા પર ઊભી રહ્યું છે ત્યારે અહીં પત્ની ભાડે મળવાની વાત સાંભળવા મળે એ જ કેટલું ચોંકાવનારું છે ને? ચાલો આજે તમને આ અનોખી જગ્યા વિશે જણાવીએ-

સાંભળવામાં થોડું વિચિત્ર લાગશે પણ આવું થાય છે અને એ પણ ભારતના મધ્ય પ્રદેશ રાજ્યના શિવપુરી નામના ગામમાં. આ ગામમાં એક પ્રથાના નામે મહિલાઓ ભાડે મળે છે. મળતી માહિતી અનુસાર આ વિચિત્ર પ્રથાના ભાગરૂપે પુરુષ કુંવારી અને પરિણીત મહિલાઓ માટે એગ્રિમેન્ટ કરી શકે છે. ભાડા માટે 10 અથવા 100 રૂપિયાના સ્ટેમ્પપેપર પર એગ્રિમેન્ટ સાઈન કરવા પડે છે.

મધ્ય પ્રદેશના શિવપુરી ગામમાં થોડા દિવસથી લઈને એક વર્ષ માટે મહિલાઓને ભાડે લઈ શકાય છે. એક વર્ષ પછી ફરી કરાર કરવા માટે નવેસરથી બોલી લગાવવી પડે છે. આ બોલીમાં મહિલાઓનું મૂલ્ય તેમના દેખાવ અને કુશળતા પરથી નક્કી કરવામાં આવે છે. આ પ્રથા હેઠળ 15,000 રૂપિયાથી લઈને 15,00,000 સુધીની બોલી લગાવવામાં આવે છે.

આ ગામમાં પુરુષો ઘણી વખત જીવનસાથી બનાવવા માટે તો ઘણી વખત ઘરકામ કરાવવા માટે આ પ્રથાને હથિયાર બનાવવા માટે મહિલાઓ આ રીતે એગ્રિમેન્ટ પર ભાડે લે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આજે 21મી સદીમાં પણ આ વિચિત્ર અને ઘૃણાસ્પદ લાગતી પ્રથા ચાલી આવી છે. આ પ્રથાને લઈને આ પહેલાં પણ નૈતિક અને ધાર્મિક દ્રષ્ટિએ અનેક સવાલો અને વિવાદો થઈ ચૂક્યા છે.

જોકે, આ પ્રથા ક્યારથી અને કોણે શરૂ કરી એ વિશે કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી, પરંતુ આજના સમયમાં પણ આવી પ્રથા ચાલી આવી છે એ જ એક આશ્ચર્યજનક વાત છે, જ્યાં મહિલાઓને કોઈ સામાન કે ચીજ-વસ્તુની જેમ ખરીદવામાં અને વેચવામાં આવે છે.

(નોંધઃ આવી કોઈ પ્રથાને અમારુ અખબાર પ્રોત્સાહન આપતું નથી.)

# ગરમીમાં રાહતદાયક છે શેરડીનો રસ

ધોમ-ધખતા તાપમાં બહાર નીકળીએ ત્યારે સુંદર ઘૂઘરીનો અવાજ સંભળાય તો કેવું મીઠું-મધુરું લાગે! મન બે ઘડી તે અવાજની દિશામાં પોરો ખાવા રોકાઈ જ જાય. જી હા, ઘૂઘરીઓનાં અવાજ તરફ નજર જાય ત્યારે ખ્યાલ આવે કે ત્યાં ગરમીમાં શરીરને ઝટપટ ઠંડક આપે તેવો શેરડીનો મીઠો-મધુરો રસ તૈયાર થઈ રહ્યો છે. શેરડીનો તાજો રસ તેમાં વળી ઉપરથી સ્વાદિષ્ટ મસાલાનો છંટકાવ કરવામાં આવે ત્યારે રસ પીને મન તૃપ્ત બની જતું હોય છે. શેરડીનો રસ ગરમીમાં ઠંડક આપવામાં પ્રથમ નંબર ધરાવે છે. જી હા, શેરડીનો રસ સંપૂર્ણ સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને બનતો હોવો જોઈએ. વળી રસમાં બરફનો ઉપયોગ થયો ના હોય તેની ખાસ કાળજી લેવાઈ હોય. ઓછા ખર્ચે સ્વાદસભર શેરડીનો રસ આરોગ્ય માટે ઘણો જ ગુણકારી ગણાય છે.



શેરડીની વાત કરીએ તો લગભગ 36 પ્રકારની વિવિધતા જોવા મળે છે. શેરડીના રસમાં સુક્રોસ નામક શર્કરા સમાયેલી હોય છે. જે શરીરમાં ગ્લુકોઝનો સંચાર કરે છે. ગરમીમાં શરીરમાં પાણીની ઊણપથી બચાવે છે. જેથી રસ પીધા બાદ તરત જ શરીર તરોતાજા બની જતું હોય છે. જો આપ માનતા હોવ કે શેરડીનો રસ પીવાથી શરીરમાં મોટાપાના શિકાર બની જવાય છે. તો તે વાતને નકારી શકાય નહીં. દિવસમાં જો 3-4 ગ્લાસ રસ ગટગટાવી જવામાં આવે તો મોટાપાની શક્યતા રહેલી છે. દિવસમાં 1ગ્લાસ શેરડીનો રસ પીવાથી વજન વધતું નથી. કેમ કે શેરડીમાં પ્રાકૃતિક મીઠાશ રહેલી હોય છે. શરીરમાં સુક્રોસ નામક શર્કરાને કારણે શર્કરાની માત્રા જળવાઈ રહે છે. શેરડીનો રસ પીવાથી મેટાબોલિઝમ વધે છે. જેથી વજન ઘટવાની શક્યતા વધી જતી હોય છે. શેરડીના રસના એક ગ્લાસમાં 250 કૅલરી તથા 30 ગ્રામ પ્રાકૃતિક શર્કરા રહેલી હોય છે. શેરડીના રસમાં ફાઈબર, પ્રોટીન હોય છે. પરંતુ તેમાં ઝિંક, ફોસ્ફરસ, સોડિયમ, પોટેશિયમ, કૅલ્શિયમ, મૅગ્નેશિયમ જેવાં ખનીજ તત્ત્વોથી ભરપૂર હોય છે.

### શેરડીના રસના સ્વાસ્થ્યવર્ધક લાભ

### શેરડીનો રસ શક્તિવર્ધક ગણાય છે

ગરમીમાં જ્યારે બહાર નીકળવાનું થાય ત્યારે વ્યક્તિને થાક, નબળાઈનો અનુભવ વધુ થતો હોય છે. કેમ કે પરસેવા દ્વારા શરીરમાંથી પાણી બહાર નીકળી જતું હોય છે. થોડા થોડા અંતરે પાણી કે પ્રવાહી પીવામાં ના આવે તો શરીરમાં નબળાઈ આવી જતી હોય છે. આવા સંજોગોમાં શેરડીનો રસ પીવાથી શરીરમાં ત્વરિત ઊર્જા અનુભવાય છે. શરીરને યોગ્ય સમયે ઊર્જા આપવામાં પ્રાકૃતિક શર્કરા અગત્યનો ભાગ ભજવે છે. તેથી જ ગરમીના દિવસોમાં શેરડીનો રસ સર્વોત્તમ પીણું ગણાય છે. કુદરતી શર્કરાને શરીર સરળતાથી પચાવીને વ્યક્તિને તાજગી બક્ષે છે.

### લિવર માટે ગુણકારી

શેરડીનો રસ પિત્તાશય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કમળાની બીમારીનો તે રામબાણ ઉપાય ગણાય છે. અનેક સંશોધન બાદ જાણવા મળ્યું છે કે શેરડીના રસ ક્ષારીય પ્રકૃતિ ધરાવે છે. જેને કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન જાળવવામાં મદદ મળે છે. લિવરને સંક્રમિત થતાં બચાવે છે. બિલિરૂબિનવા સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કમળામાં શરીરમાંથી પ્રોટીનની માત્રા ઝડપથી ઘટવા લાગે છે. લોહીમાં બિલીરૂબિનની માત્રા વધવા લાગે છે. શેરડીના રસનું સેવન કરવાથી શરીરમાંથી ઘટેલું પ્રોટીન પાછું બનવા લાગે છે.

### ઍનિમિયાની સમસ્યાથી બચાવે છે

ઍનિમિયાની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે શેરડીનો તાજો રસ અત્યંત લાભદાયક ગણાય છે. શેરડીમાં ભરપૂર માત્રામાં આયર્ન સમાયેલું હોય છે. જે લોહીમાં હિમોગ્લોબિનના સ્તરને વધારવામાં મદદ કરે છે.

### ગર્ભાવસ્થામાં લાભકારી

ગર્ભાવસ્થામાં શેરડીનો રસ પીવો ગુણકારી ગણાય છે. કેમ કે શેરડીના રસમાં ફૉલિક એસિડ, વિટામિન બી-9 હોય છે. જે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. ગર્ભાવસ્થા દરમિયાન કબજિયાતની તકલીફ થતી હોય છે. તેનાથી રાહત મેળવી શકાય છે.

### પાચનતંત્રને સુધારે છે

પાચન સંબંધિત તકલીફમાં શેરડીનો રસ ટૉનિક તરીકે ઉપયોગી બને છે. કેમ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે જે પેટના પીએચ સ્તરને સંતુલિત રાખવામાં મદદ કરે છે. શેરડીના રસમાં ફાઈબરનું પ્રમાણ સારું હોય છે. જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફમાં ગુણકારી ગણાય છે.

### કૅન્સરની સામે લડવામાં મદદરૂપ

શેરડીના રસમાં ભરપૂર માત્રામાં મેગ્નેશિયમ, કૅલ્શિયમ, પોટેશિયમ, આયર્ન તથા મેંગેનિઝ હોવાને કારણે તે ક્ષારીય(અલ્કલાઈન) બનાવે છે. ફૅલ્વોનોઈડના ગુણો હોવાને કારણે પ્રોસ્ટેટ કૅન્સર તથા બ્રેસ્ટ કૅન્સરના સેલ્સને ઘટાડવામાં મદદ કરે છે.

### મોંની દુર્ગંધ તથા દાંતનો સડો રોકવામાં લાભકારક

દાંતમાં સડો થવાને કારણે મોંમાંથી દુર્ગંધ આવવા લાગે છે. અનેક લોકો તેને લીધે લઘુતાગ્રંથી અનુભવતા હોય છે. તેમના માટે શેરડીનો રસ વરદાન સમાન ગણાય છે. કેમકે શેરડીના રસમાં કૅલ્શિયમ, ફોસ્ફરસ, જેવા ખનીજની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે દાંતના ઈનેમલ એટલે કે ઉપરના પડને બનાવી રાખવામાં મદદ કરે છે. જેને કારણે દાંત તેમજ પેઢાંની મજબૂતાઈ વધે છે. દાંતને સડાથી બચાવે છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

ભૂખ્યા પેટે શેરડીનો રસ પીવાથી વજન ઘટાડી શકાય છે. કેમ કે શેરડીના રસમાં ફાઈબરની માત્રા હોય છે. ડાયેટરી ફાઈબર વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. લિપિડને નિયંત્રિત કરવાની સાથે ગ્લુકૉઝને તોડીને શરીરમાં શક્તિ વધારવામાં મદદ કરે છે.

### ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી

શેરડીના રસમાં શર્કરાની માત્રા મર્યાદિત પ્રમાણમાં હોય છે. જેથી તેનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી ગણાય છે. પ્રાકૃતિક શર્કરાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જે લોહીમાં શર્કરાની માત્રા વધતી રોકે છે. એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે શેરડીના રસમાં વિવિધ પૉલીફેનોલ્સ હોય છે જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

શેરડીને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં ઈખ કે ગન્ના, અંગ્રેજીમાં શુગરકૅન કે નૉબલ કૅન, સંસ્કૃતમાં ગુડમૂલ, અધિપત્ર કે વિપુલ રસ, ઉત્તરાખંડમાં રિખૂ, કોંકણીમાં અન્ય, કધનડમાં ઈક્ષુ, ગુજરાતીમાં નૈશાકર કે શેરડી, બંગાળીમાં આક, મરાઠીમાં કબ્બી કે આઓસ, મણીપુરીમાં ચૂ, નેપાળીમાં ઉખૂ, અરેબીકમાં કસબીશકર.

ભારતમાં શેરડીની ખેતી દેશની અર્થવ્યવસ્થા માટે શ્રેષ્ઠ કૃષિ ઉત્પાદન ગણાય છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશમાં મોટા પાયે શેરડીની ખેતી થાય છે. પ્રાચીન ગ્રંથોમાં શેરડીના રસનો ઉલ્લેખ જોવા મળે છે. શેરડીના રસની તુલના અમૃત સાથે કરવામાં આવતી હતી. શેરડીના રસની તુલના 'ધ નૅક્ટર ફ્રૉમ ગૉડ'તરીકે કરવામાં આવેલી છે. શેરડીનો રસ હવે તો અત્યાધુનિક મશીનો દ્વારા મળતો થયો છે. જેમાં સ્વચ્છતાની સંપૂર્ણ કાળજી લેવાય છે.

શેરડીના રસનો ઉપયોગ કરીને વિવિધ વાનગી તેમજ પીણાં બનાવી શકાય છે જેમ કે ખીર, સ્મુધી, મોજિતો, ચણાના લોટનું પીટલું.

### શેરડીના રસનો મોજિતો :

સામગ્રી: 2 નંગ લીંબુ સ્લાઈસમાં કાપેલાં, અડધો કપ ફુદીનાના પાન, 1 ગ્લાસ શેરડીનો રસ અથવા શેરડીના રસનું સિરપ, 4-5 બરફના ટુકડા, સોડા વૉટર.

બનાવવાની રીત: એક લાંબા ગ્લાસમાં લીંબુની સ્લાઈસ તથા ફુદીનાના પાનને મસળીને ગોઠવવાં. શેરડીનો રસ અથવા તેનું સીરપ નાખીને બરાબર ભેળવી લેવું. ગ્લાસમાં બરફના ટુકડા નાખવા. ઉપરથી સોડા વૉટર નાખીને બરાબર ભેળવવું. લીંબુની સ્લાઈસ તથા ફૂદીનાના નાના પાનથી સજાવવું. સ્વાદિષ્ટ હટકે સ્વાદસભર મોજિતોની મજા માણવી.

# ભારે ગરમીથી બચવા 'હિટ પ્રોફાઈલિંગ' કરવું પડશે

(ગરમી માત્ર આપણા દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તબાહી મચાવી રહી છે. ઘણા દેશો તેનો ઉકેલ લાવવા માટે અનેકવિધ પગલાં લઈ રહ્યા છે અને તેમને આંશિક સફળતા પણ મળવા લાગી છે. આપણા દેશમાં તેનાથી છુટકારો મેળવવા માટે જે વ્યૂહરચના બનાવવી જોઈએ તેના માટે શહેરોની હિટ પ્રોફાઈલિંગ ખૂબ જ જરૂરી છે. આ કામ અઘરું છે, પણ સારી વાત એ છે કે સરકારે તેની શરૂઆત કરી દીધી છે.)

આ વખતે દેશમાં ગરમીનું મોજું અત્યંત જીવલેણ હશે, એક ડઝન રાજ્યોમાં તાપમાન અત્યારથી જ 40 ડિગ્રીથી ઉપર છે, ભવિષ્યમાં તાપમાન પચાસને પાર કરશે અને હિટવેવના દિવસો બમણા થશે. આગામી દસ વર્ષમાં ગરમી આપણા માટે સૌથી મોટો પડકાર બનશે. આ તમામ માહિતી હવામાન વિભાગે આપી છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દાયકામાં હિટ વેવને કારણે મૃત્યુની સંખ્યામાં 62 ટકાનો વધારો થયો છે અને જાનહાનિ ઉપરાંત સંપત્તિને નુકસાન પણ દસ ગણું વધ્યું છે. આનું કારણ અત્યંત ગરમ 'અર્બન હિટ આઈલેન્ડ'ની સંખ્યામાં દર વર્ષે થતો વધારો. આ ચિંતાજનક પરિસ્થિતિનો સામનો કરવો અત્યારે મુશ્કેલ લાગે છે પરંતુ જો આપણી પાસે તેના વિરુદ્ધ અસરકારક વ્યૂહરચના હોય તો તે થોડું સરળ બની જશે. તેથી કોઈ પ્રકારની વ્યૂહરચના ઘડવા માટેનો આધાર અને પૂર્વશરત છે.

શહેરી ગરમી ટાપુઓની રચનાની આગાહી કરવા માટે શહેરો અને તેમના તમામ વિસ્તારોની વ્યાપક 'હિટ પ્રોફાઈલિંગ', જેનાથી અર્બન હિટ આઈલેન્ડની રચનાની આગાહી કરી શકાય, શંકાસ્પદ જોખમથી બચી શકાય.

ગયા વર્ષે જૂનમાં દિલ્હીના મુંગેશપુર વિસ્તારમાં 52.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન એ ભારતમાં સૌથી વધુ ગરમીનો આંકડો બન્યો. કેટલાકે આ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કહ્યું કે હવામાન વિભાગની મેજરમેન્ટ સિસ્ટમ અને સાધનોમાં ખામી છે. એટલું જ નહીં તાપમાનનો પારો 50 ને પાર કરી ગયો હોવાની પુષ્ટિ કરવા માટે એક સમિતિને મુંગેશપુર મોકલવામાં આવી હતી. આ વાતની પુષ્ટિ થઈ ગઈ. આમાં કંઈ આશ્ચર્યજનક ન હતું. તે જ સમયે, દિલ્હીના નરેલામાં તાપમાન 50 ડિગ્રીએ પહોંચી ગયું હતું જ્યારે અન્ય સ્થળોએ 37 થી 45 ડિગ્રી હતું. હવામાન વિભાગે કદાચ આ તરફ અગાઉ બહુ ધ્યાન આપ્યું ન હતું, પરંતુ હવે એ કંઈ અસામાન્ય ઘટના નથી. 2020માં, હિટ મેપિંગ પ્રોજેક્ટ અંતર્ગત હ્યુસ્ટનની હેરિસ કાઉન્ટીમાં સૌથી ગરમ અને સૌથી ઠંડા સ્થળ વચ્ચે 17-ડિગ્રીનો તફાવત હતો. એ જ રીતે ન્યુયોર્કના સાઉથ બ્રોંક્સમાં એક જ દિવસ અને રાતના તાપમાનમાં ત્યાનાં સેન્ટ્રલ પાર્કથી 20 થી 22 ડિગ્રીનો ફરક હતો. હવે આવાં ઉદાહરણો ભારતનાં તમામ શહેરોમાં પણ છે. જ્યારે એવું કહેવામાં આવે છે કે આજે કોઈ ચોક્કસ શહેરનું સરેરાશ મહત્તમ સામાન્ય તાપમાન 39 ડિગ્રી છે, તે જ સમયે તે જ શહેરના કેટલાક વિસ્તારનું તાપમાન 48 ડિગ્રી અથવા કેટલાક વિસ્તારમાં 35 ડિગ્રી પણ હોઈ શકે છે. જો ઉનાળા દરમિયાન શહેરોના વિવિધ ભાગોમાં સતત 'હિટ પ્રોફાઈલિંગ' કરવામાં આવે તો તે સ્પષ્ટ થશે કે વિવિધ શહેરોમાં ક્યાં ક્યાં એવી સ્થિતિ જોવા મળે છે કે અન્ય શહેરની તુલનામાં અત્યંત અસામાન્ય તાપમાન દર્શાવે છે, જેને કારણે સંબંધિત વિસ્તાર ક્યારે અને કેટલી વાર 'અર્બન હીટ આઈલેન્ડ' બની જાય છે.

અહીં કોઇ વિસ્તારની હિટ પ્રોફાઈલનો અર્થ એ છે કે વિસ્તારના તાપમાનમાં સમય-સંબંધિત ફેરફારોની પેટર્ન અથવા વર્ણન અને 'અર્બન હિટ આઈલેન્ડ'નો અર્થ છે શહેરોનો તે ચોક્કસ ભાગ જે સામાન્ય રીતે તેની આસપાસના અથવા નજીકના ગ્રામીણ વિસ્તારો કરતાં વધુ ગરમ હોય છે. 'હિટ પ્રોફાઈલિંગ'નો વ્યાપક ડેટા આપણને જણાવશે કે શહેરના ચોક્કસ વિસ્તારમાં 'અર્બન હિટ આઈલેન્ડ' જેવી પરિસ્થિતિઓ કેવી રીતે નિર્માણ થાય છે. તેના ડેટા અભ્યાસના તારણો કહી શકે છે કે કયા પરિબળો વિસ્તારને અર્બન હિટ આઈલેન્ડ બનાવી દે છે. એ પણ કે, આવી પરિસ્થિતિઓ લાંબાગાળાનું શું નુકસાન થાય છે અને વર્તમાન ગ્લોબલ વોર્મિંગના યુગમાં તેનાથી છુટકારો મેળવવા સંબંધિત વિભાગ અને સરકાર શું કરી રહી છે, શું કરવા જઈ રહી છે અને શું કરવું જોઈએ? અન્ય દેશો, જે ગરમીની સમસ્યા સામે આપણી જેમ ઝઝૂમી રહ્યા છે, અથવા આપણા કરતાં વધુ પરેશાન છે, તેઓ આ સમસ્યાથી છુટકારો મેળવવા શું કરી રહ્યા છે. તેમની પાસેથી શીખી લઈએ કે તેનાથી છુટકારો મેળવવા આપણે કઈ ફૂલપ્રૂફ વ્યૂહરચના અને નવી ટેકનિક અપનાવવી જોઈએ. આ બધા પ્રશ્નોના જવાબ એક છે, હિટ પ્રોફાઈલિંગ. દેખીતી રીતે, આપણે દેશના, શહેરોના વિવિધ વિસ્તારોમાં અને ખૂબ મોટા પાયે હીટ પ્રોફાઈલિંગ કરવું પડશે અને તેના ડેટાના પૃથક્કરણ પછી એ સમજવું પડશે કે કોઈ ચોક્કસ વિસ્તારનું અર્બન હિટ આઈલેન્ડ બનવાના મુખ્ય કારણો કયાં છે. આ સમજ્યા વિના, વધતી જતી ગરમીથી બચવા માટે કોઈ નક્કર અને દૂરગામી વ્યૂહરચના અશક્ય છે. કારણ કે હિટ પ્રોફાઈલિંગ પછી, તેમાંથી મેળવેલા ડેટાના આધારે, જ્યારે આપણે કોઈ ચોક્કસ વિસ્તારમાં પરિબળો અને કારણોનું વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે આપણે જાણીશું કે શહેરના તે ચોક્કસ વિસ્તારમાં તીવ્ર હિટ વેવ માટે જવાબદાર કારણો શું છે જે જીવન અને સંપત્તિ માટે જોખમ ઊભું કરે છે. કયાં ક્ષેત્રોમાં કયાં કારણો પર ધ્યાન કેન્દ્રિત કરવું, ક્યાં તાત્કાલિક રાહતની વ્યવસ્થા કરવી અને ક્યાં લાંબા ગાળાની વ્યૂહરચનાનો અમલ કરવો. નિ:શંકપણે, આવી કોઈપણ વ્યાપક નક્કર વ્યૂહાત્મક યોજનાને અમલમાં મૂકતા પહેલા, આપણી પાસે તે હોવું જોઈએ અને તેના નિર્માણ માટે આપણી પાસે હિટ પ્રોફાઈલિંગ સંબંધિત પર્યાપ્ત ડેટા અને માહિતી હોવી જરૂરી છે. હાલમાં, સામાન્ય રીતે હવામાન વિભાગનાં માપન સાધનો દ્વારા શહેરનું સરેરાશ તાપમાન નોંધવામાં આવે છે. આના પરથી એ જાણી શકાતું નથી કે કોઈ શહેરના ક્યાં વિસ્તારમાં ગરમીને કારણે જાનમાલનું મોટું નુકસાન થવાનું જોખમ છે અને કયો વિસ્તાર ખતરાથી બહાર છે. આવી સ્થિતિમાં, શહેરોની હિટ પ્રોફાઈલિંગ સરળ નથી કારણ કે ઉનાળામાં તીવ્ર ગરમીથી પ્રભાવિત ન થનારાં રાજ્યો, ગરમીથી પ્રભાવિત થતાં રાજ્યો કરતાં વધારે છે. આ માટે સરકારે માનવ સંસાધન અને સાધનસામગ્રી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મોટા પાયે ખૂબ જ વ્યાપક વ્યવસ્થા ગોઠવવી પડશે.

આવી સ્થિતિમાં કાનપુર આઈઆઈટી દ્વારા નવા મોડલનું નિર્માણ એક સારા સમાચાર છે. આ મોડલ દ્વારા કોઈપણ શહેરના અલગ-અલગ સ્થળોએ તાપમાનનો સચોટ ડેટા અને આગાહી ઉપલબ્ધ થશે, એટલું જ નહીં, તે આવી સ્થિતિમાં શું કરવું જોઈએ તે પણ જણાવશે. તાત્કાલિક વ્યવસ્થા જેવી કે, ચેતવણી આપવી, સંબંધિત વિસ્તારમાં પાણી અને વીજળીનો અવિરત પુરવઠો, છાયાની જોગવાઈ, આરોગ્ય સુવિધાઓમાં વધારો, જનજાગૃતિનાં પગલાં અને અન્ય સંબંધિત વ્યવસ્થાઓ, લાંબા ગાળાનાં પગલાં જેવા કે વૃક્ષારોપણ, જળાશયોમાં વધારો, હરિયાળી વિસ્તાર, મકાન બાંધકામની યોગ્ય ટેકનોલોજીનો અમલ, કેટલીક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ વગેરે..

પરંતુ સમસ્યા એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત આ મોડલ હજુ પ્રાયોગિક તબક્કામાં છે. આમાં, એક ખાસ પ્રકારનું સેન્સર વિકસાવવાનું અને તેને માઈક્રો લેવલ પર ઈન્સ્ટોલ કરવાનું બાકી છે. આજે, શહેરોમાં હિટ આઈલેન્ડ કેમ રચાય છે તેની વિગતવાર માહિતીથી દરેક જણ પરિચિત છે. ઈન્ટરનેટ દ્વારા લોકો એ પણ જાણે છે કે સિંગાપોરથી સિએરા લિયોન, એથેન્સ અને બાંગ્લાદેશથી લઈને ઓસ્ટ્રેલિયા અને અમેરિકા જેવા દેશોએ ડીઆઈ એટલે કે થર્મલ ડિસકમ્ફર્ટ ઈન્ડેક્સના એટલાસ બનાવ્યા છે, ચીફ હિટ ઓફિસરની નિમણૂક કરી છે અને તે અધિકારીઓએ તેનો સામનો કરવા માટે શું કર્યું છે અને તેમને કેટલી સફળતા મળી છે. સવાલ એ છે કે આપણે શહેરોની હિટ પ્રોફાઈલિંગ દ્વારા આ કટોકટીનો સામનો કરવા માટે કેટલા તૈયાર છીએ, જે આ સમસ્યાનો ઈલાજ બની શકે છે. સારી વાત એ છે કે સરકારે આ દિશામાં ગંભીર પ્રયાસો શરૂ કરી દીધા છે.

# સુકન્યા સમૃદ્ધિ યોજનાના અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દા જાણો




ગયા અઠવાડિયે, આપણે 'સુકન્યા સમૃદ્ધિ યોજના' (SSY) વિશે વાત શરૂ કરી. ખાતું ખોલાવવા માટેની પાત્રતાથી લઈને બીજા અનેક મુદ્દા આપણે જોયા. આજે બાકીની કેટલીક અગત્યની વાત જાણી લેવી જરૂરી છે.

આ SSY હેઠળ ઓફર કરવામાં આવતો વ્યાજદર સરકારી સિક્યોરિટીઝની ઊપજના આધારે સરકાર નક્કી કરે છે. વર્તમાન વ્યાજ દર 8.2% રાખવામાં આવ્યો છે. વ્યાજની ગણતરી વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ આધારે કરવામાં આવે છે. આ રીતે ગણવામાં આવેલું વ્યાજ નાણાકીય વર્ષના અંતે એકવાર ખાતામાં જમા કરવામાં આવે છે.

### ન્યૂનતમ ડિપોઝિટ રકમમાં ડિફોલ્ટ:

વ્યક્તિએ પંદર વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછી રૂ. 250 ની રકમ જમા કરવી જરૂરી છે. હવે, જો લઘુતમ ડિપોઝિટ કરવામાં આવે નહીં તો ખાતું નિષ્ક્રિય થઈ જાય છે. એકાઉન્ટ સક્રિય કરવા માટે જમા કરવાની રકમની સાથે રૂ. 50નો દંડ ભરવો પડે છે. જો આ દંડ પણ ચૂકવવામાં આવે નહીં તો જમા રકમ પર વ્યાજ આપવામાં આવતું નથી.

આવી સ્થિતિમાં, ડિપોઝિટની સંપૂર્ણ રકમ પર ઓછા દરે વ્યાજ ચૂકવવામાં આવશે, અર્થાત્ નિશ્ચિત વ્યાજદર લાગુ નહીં પડે, સેવિંગ્સ ખાતામાં મળતો વ્યાજદર લાગુ પડશે

### SSY એકાઉન્ટમાંથી મુદત પૂર્વે ઉપાડ:

આ યોજના હેઠળ મુદત પૂર્વે ઉપાડ માત્ર અમુક પરિસ્થિતિઓમાં અને અમુક શરતોના આધારે જ માન્ય છે, જે આ મુજબ છે:

1) કન્યા 18 વર્ષની થઈ જાય પછી જ એકાઉન્ટમાંથી આંશિક ઉપાડની મંજૂરી છે.

2) ધારક કુલ બચતના, એટલે કે દીકરીનાં લગ્ન અથવા ઉચ્ચ શિક્ષણના હેતુને પૂર્ણ કરવા માટે પાછલા નાણાકીય વર્ષના અંતે ખાતામાં ઉપલબ્ધ બેલેન્સના 50% સુધી ઉપાડી શકે છે.

3) આંશિક ઉપાડની સુવિધા મેળવવા માટે, વ્યક્તિએ SSY ખાતાની પાસબુક સાથે યોગ્ય રીતે ભરેલું ઉપાડ ફૉર્મ જ્યાં એકાઉન્ટ હોય એ બેન્ક અથવા પોસ્ટ ઑફિસની શાખામાં સુપરત કરવું આવશ્યક છે.

4) જો ઉચ્ચ શિક્ષણના હેતુ માટે ઉપાડ કરવામાં આવ્યો હોય તો ઉપાડ માટેની અરજી સાથે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ નિશ્ચિત થયાનો દસ્તાવેજી પુરાવો અથવા ફીની સ્લિપ બીડાણમાં હોવી જોઈએ. કધયાએ એનું શિક્ષણ દસમા ધોરણ સુધી પૂર્ણ કર્યું હોવું પણ જરૂરી છે.

5) નિર્ધારિત નિયમો અનુસાર, નિર્દિષ્ટ મર્યાદા અને ફી અથવા અન્ય શુલ્કની શરતોને આધીન રહીને મહત્તમ 5 વર્ષ માટે દર વર્ષે મહત્તમ એક ઉપાડ કરી શકાય છે.

### SSY એકાઉન્ટ મુદત પૂર્વ બંધ કરાવવું:

આ એકાઉન્ટ માત્ર અહીં દર્શાવેલા સંજોગોમાં મુદત પૂર્વ બંધ કરાવી શકાય છે:

1) જ્યારે બાળક બિન-નિવાસી અથવા બિન-નાગરિક બને છે, ત્યારે ખાતું આપમેળે બંધ થઈ જાય છે. જો કે, સ્ટેટસમાં ફેરફાર થયાના એક મહિનાની અંદર ફેરફારની જાણ સંબંધિત બેન્ક અથવા પોસ્ટ ઓફિસને કરવાની જરૂર હોય છે.

2) આ ખાતું અકાળે બંધ કરવાની મંજૂરી ખાતું ખોલવાની તારીખથી 5 વર્ષ પછી આપી શકાય છે. જો કે, કોઈ તબીબી કટોકટી અથવા જીવન માટે જોખમી સ્થિતિ હોય તો જ આ ઉપાડની મંજૂરી માત્ર કરુણાના ધોરણે આપવામાં આવે છે.

3) જો ખાતું અન્ય કોઈ કારણોસર સમય પહેલાં બંધ કરાવી દેવાય, તો જજઢનો વ્યાજ દર લાગુ થશે નહીં. તે કિસ્સામાં, બચત ખાતાનો વ્યાજ દર થાપણો પર લાગુ થશે.

4) કન્યાના મૃત્યુના કિસ્સામાં, મૃત્યુ પ્રમાણપત્ર રજૂ કરીને ખાતામાં રહેલી રકમ ઉપાડી શકાય છે.

5) કન્યા 18 વર્ષની થઈ જાય પછી એનાં લગ્ન માટે એકાઉન્ટ મુદત પહેલાં બંધ કરી શકાય છે. આ સંબંધેની અરજી લગ્નના એક મહિના પહેલાં અને લગ્ન પછીના 3 મહિનાની વચ્ચે, એની ઉંમરના પુરાવા અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે શાખામાં સુપરત કરવી જરૂરી હોય છે.

**વ્યક્તિએ પંદર વર્ષ સુધી દર વર્ષે ઓછામાં ઓછી રૂ. 250ની રકમ જમા કરવી જરૂરી છે**

# ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ સાથે જોડાઓ



જગતના શ્રેષ્ઠ પત્રકાર એટલે ભગવાન શ્રી કૃષ્ણ એમ કહેવામાં જરાય ખોટું કે અતિશયોક્તિ ભરેલ નથી. શ્રીમદ ભાગવત ગીતામાં અર્જુનને આપેલ ઉપદેશ એ નિર્ભિક પત્રકારત્વથી વિશેષ કંઇ જ નથી, સત્યના માર્ગે ચાલવું અને જનહિતમાં સામે પક્ષે પોતીકા હોય તોય અસત્ય સામે લડી અથવા તેમને ખુલ્લા પાડવા એ જ પત્રકારનો કર્મ અને ધર્મ છે. ત્યારે સાંપ્રત સમયમાં કેટલેક અંશે અને કારણે પત્રકારોમાં નિર્ભયકતા ઘટી છે. અને ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદની રચના પાછળનો ઉદ્દેશ્ય પત્રકારો માટે સમાજને પ્રેરણા આપી સમાજમાં પત્રકારનો દરજ્જો પ્રસ્થાપિત કરવાનો રહેશે જેથી સમાજ જીવનના પ્રશ્નોને વાચા મળી શકે.

પત્રકાર એટલે સમાજ જીવનનો આયનો કહેવાય પણ જો પત્રકારત્વ પક્ષપાત વિનાનું નિર્ભિક હોય તો જ, પત્રકારત્વ ને દોષોથી અભડાવવા ન દેવું હોય તો પત્રકારની મૂળભૂત જરૂરિયાતનો ખર્ચ વેતન કે જાહેરાતના માધ્યમથી અથવા પુરસ્કાર થકી સમાજ ચૂકવી શકે પણ વાસ્તવમાં આમ બનતું ન હોવાથી પાયાની જરૂરીયાત પૂરી કરવામાં પરોવાયેલા પત્રકાર પોતાની નિષ્કામ ફરજ પ્રત્યે ઉદાસીન બની કર્મના મર્મને જરૂરીયાત સામે ઝુકવા મજબૂર બને છે.

ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદની રચનાનો મુખ્ય ઉદ્દેશ્ય પત્રકાર સાથે સમાજને જોડી પત્રકારની મૂળભૂત જરૂરીયાત એટલે કે આવકના સ્તોત્ર ઉભા કરવા, તેને જાળવી રાખવા અને પત્રકારને પત્રકારત્વ સાથે સમાજ ઉપયોગી કાર્યોમાં જોડવા ઉપર પ્રાધાન્ય આપવાનું રહેશે.

ધનંજય ઝવેરી
ચેરમેન
ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ

**Account Details For Donations**

| | |
|---|---|
| Bank | : State Bank of India |
| A/c No. | : 20509905899 |
| IFSC Code | : SBIN0009164 |
| Branch | : Pritam Nagar Branch Bharcuh |
| GPAY / PHONEPAY | : 9978406923 |

ડોનેશન-ઈચ્છા અનુસાર
મેમ્બરશીપ ડોનેશન – રૂા.૧૧૦૦.૦૦
(એક લાખ રૂપિયાનો અકસ્માત મૃત્યુ સહાય આપવામાં આવશે.)
ડોનર મેમ્બરશીપ આઈકાર્ડ આપવામાં આવશે.

શરતો ને આધીન

ગુજરાતના તમામ જિલ્લાઓ, તાલુકા અને શહેરોમાં ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદમાં સંગઠનની રચના માટે સંગઠક (co-ordinetor)ની નિમણૂક તાત્કાલિક કરવાની હોવાથી જે તે સ્થળે પત્રકાર હોય તેવા મિત્રો સંગઠકની જવાબદારી નિભાવવા કોલ કરે. (શરતો લાગુ) MO. 9978406923 • 9904733000 • 9904734000

ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદના સંગઠન અને સભ્યોની કામગીરી ગુજરાત સહિત દેશભરના પત્રકારોના વિકાસના મૂળમાં દેશના નાગરિકોનો વિકાસ રહેલ છે. સમાજને શિક્ષિત અને જાણકાર ન બનાવીએ તો ક્યારેય કોઈનો વિકાસ શક્ય નથી.

મીડિયા કર્મીઓનું પ્રથમ કામ જનસંવાદ અને જનજરૂરિયાતની વાત ઉજાગર કરવાનું છે જે બાબતે ભારતવર્ષ. પત્રકાર વિકાસ પરિષદ પોતાના મેમ્બરોને સજાગ કરશે અને પત્રકારોને પ્રશિક્ષણ આવી પોતાના વિકાસમાં પોતાની ફરજો ચરિતાર્થ કરવા પ્રેરણા આપશે.

મીડિયા પોતાના વ્યવહારિક હક્કની માંગણી ત્યારેજ કરી શકે જ્યારે પોતાની ફરજો નિભાવવા સક્ષમ અને પ્રામાણિક પ્રયત્નો કરે અને પ્રજાકીય પ્રશ્નો ને વાચા આપવા સાથે પ્રશ્નોના નિરાકરણ માટે પ્રજાની સાથે જોડાઈ વ્યક્તિગત પ્રયત્નો કરે, સામુહિક પ્રયત્નો કરે અને તે માટેજ સંગઠન હોવું જરૂરી છે.

ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદના સભ્યો શું કરશે?

સૌથી પહેલા પરિષદમાં તમામ મીડિયા કર્મીઓ અંગદ કારણો નેવે મૂકી હું જ મોટો છું ના અહમને અભરાઈએ ચડાવી સંગઠનમાં જાણકારીઓ થી એકબીજાને અવગત કરાવે, આઝાદી પહેલા કોઈ અખબારનરેશ ન હતા પણ ગુલામીમાંથી દેશ અને નાગરિકોને મુક્ત કરાવવાની ઝંખના હતી આઝાદીના લડવૈયાઓએ પ્રજાને ખાનગી રીતે અવગત કરી આઝાદીની ચળવળ ઉપાડી તો ત્યાં હસ્તલિખિત કાગળ એજ પ્રસાર માધ્યમ બન્યું હતું હાલ પરિસ્થિતિ બદલાઈ છે સમાચાર મધ્યમોનો વિકાસ થયો છે, સોશિયલ મીડિયાએ ક્રાંતિ તરફ કૂચ કરી છે ત્યારે પહેલા રાજ્ય અને જિલ્લાઓના મીડિયાના નાના મોટા માધ્યમો એક બની પ્રજાની જરૂરિયાત કે પ્રશ્નોથી પ્રજાને પ્રાથમિક સુવિધાઓ વિશે જાણકારી આપી સરકારી યોજનાઓ અને સુખાકારીના સાધનોથી અવગત કરાવે જે માટે છેવડાના માનવી સુધી મીડિયા વ્યક્તિગત પહોંચે તે જરૂરી છે લઘુ અખબાર કે સોશ્યલ મીડિયા એ ઉત્તમ સાધન બની રહે. રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગામડા સુધી રોજ નહિ તો અઠવાડિયે કે મહિને પણ વિડીયા સંવાદ ગોઠવે, સરકારી યોજનાઓની જાણકારી સરકારી તંત્ર સાથે રાખી કે વ્યક્તિગત રીતે પ્રજા સમક્ષ મૂકે અને અમલીકરણ ન થાય તો પ્રજાને જાગ્રત કરી ગ્રામપંચાયત તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત કે સક્ષમ અધિકારી સુધી પ્રજાના આગેવાન સાથે રજુઆત કરે અને ત્યારબાદ નિરાકરણ ન આવે તો શક્ય હોય સામુહિક મીડિયા પ્રશ્નોને વાચા આપે તોજ તંત્ર કામગીરી કે યોજનાઓના અમલીકરણ કરવા મજબુર બને પણ તે માટે ચેતના, જાગૃતતા, અને જનસંવાદ જરૂરી છે આમ થશે તો જ આધુનિક આઝાદીનું પગલું ભરાશે. પ્રશ્નોને માત્ર મીડિયામાં વાચા આપવા સાથે શહેરથી લઈ છેવાડાના માનવી સુધી મીડિયા કર્મીઓએ પહોંચવાની તાતી જરૂર છે, જે માટે ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ હરકોઈ શક્ય પ્રયત્નો કરવા કટિબદ્ધ બનશે.

આવો સૌ ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ સાથે જોડાઈ સામાજિક ચેતના અને વિકાસનું માધ્યમ બનીએ.

ધનંજય ઝવેરી (9978405923), ચેરમેન
ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ

ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ સાથે જોડાઓ.

શા માટે ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ સાથે જોડાવું ?

ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદના પ્રીએમ્બલમાં જણાવ્યાં મુજબ દેશમાં પત્રકારો માટે એકતા અને અધિકારોની સુરક્ષા માટે અનેક સંગઠનો રચાયા છે. જેની સરખામણીમાં ક્યાંય પ્રજાના પ્રશ્નો સિવાય પત્રકારો અને પ્રજાના બેરોજગારી જે આવકના સ્તોત્ર વિશે બુમરાણ ભલે મચે પણ પ્રશ્નના નિરાકરણ માટે કદી પ્રયત્ન થયો છે ખરો? પત્રકારો દ્વારા કે સોશિયલ મીડિયા દ્વારા ફક્ત જાહેરાત કરી કરાવી ગ્રાહક સુધી પહોંચવાનો પ્રયત્ન થયા છે અને થતા રહેશે પણ એ આવક વન ટાઈમ થાય પણ ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ દ્વારા આમ થતી આવકને *મલ્ટી લેવલ માર્કેટિંગ*માં તબદીલ કરી પત્રકાર અને જાહેરાતદાતાના સબંધ એક નવો ઓપ આપ્યો છે જેની વેબસાઈટ bpvp.org રજૂ કરી છે જ્યાં પત્રકાર અને સમાજના દરેક વર્ગને સાંકળવા 360 ઉપરાંત કેટેગરીઓ નક્કી કરી કોઈ પણ જરૂરિયાતની કેટેગરીમાં ફક્ત રૂ.1100/-થી જોડાઈ પોતાની જરૂરિયાતની એક કેટેગરી માં જાહેરાત કરી તેની લિંક પોતે ગ્રાહક કે અન્યને સમાજમાં ફેરવી ગ્રાહક મેળવવા ઉપરાંત( જો આપની ઈચ્છા વધુ કમાવવાની હોય તો જ) આજ રીતે અન્યને સમજાવી bpvp.org ની વેબસાઈટ ઉપર પોતાના આઈડીથી જોડવાથી પત્રકારો કે સમાજના દરેક વર્ગને નીચે બતાવ્યા મુજબ દસ લેવલની આવક પ્રાપ્ત થશે.

**BHARAT VARSH PATRAKAR VIKAS PARISHAD**

DONATION AND ADVERTISEMENT PLAN OF Rs. 550/-

INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

| DOWNLINE LEVEL | No. OF DOWNLINES | INCOME IN Rs. | TOTAL INCOME IN Rs. | 5 % ADMIN CHARGE | TOTAL INCOME | 5 % TDS DEDUSTION | TOTAL AMOUNT AFTER TDS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 300 | 1500 | 75 | 1425 | 71.25 | 1353.75 |
| 2 | 25 | 10 | 250 | 12.5 | 237.5 | 11.88 | 225.63 |
| 3 | 125 | 10 | 1250 | 62.5 | 1187.5 | 59.38 | 1128.13 |
| 4 | 625 | 10 | 6250 | 312.5 | 5937.5 | 296.88 | 5640.63 |
| 5 | 3125 | 10 | 31250 | 1562.5 | 29687.5 | 1484.38 | 28203.13 |
| 6 | 15625 | 10 | 156250 | 7812.5 | 148437.5 | 7421.88 | 141015.63 |
| 7 | 78125 | 10 | 781250 | 39062.5 | 742187.5 | 37109.38 | 705078.13 |
| 8 | 390625 | 10 | 3906250 | 195312.5 | 3710937.5 | 185546.88 | 3525390.63 |
| 9 | 1953125 | 10 | 19531250 | 976562.5 | 18554687.5 | 927734.38 | 17626953.13 |
| 10 | 9765625 | 10 | 97656250 | 4882812.5 | 92773437.5 | 4638671.88 | 88134765.63 |
| | | | | | | TOTAL : | 110169754.4 |

Note : THIS ILLUSTRATION IS BASED ON ASSUMPTION THAT EVERY MEMBER MAKES 5 DOWNLINES

જે જાહેરાત થકી મેળવેલ ગ્રાહકને વેચેલ માલ કે આપેલ સેવાની આવક કરતા લાંબેગાળે વધુ રહેશે. વળી આ ભરાયેલ ફી એક વર્ષની હોવાથી જ્યારે ફરી વખત આઈડી રીન્યુ થાય કે ડાઉન લાઈનમાં કોઈ નવી વ્યક્તિ જોડાય ત્યારે ફરી લેવલ મુજબની ઈન્કમ દર સોમવારે IMPS થી આપના એકાઉન્ટમાં જમા થશે. જોડાયેલ વ્યક્તિનો કોડ એક્ટિવ હશે તો તેવા પત્રકાર કે ગ્રાહકને વર્ષ દરમ્યાન બનેલી દુર્ઘટનાને કારણે મૃતક વ્યક્તિના પરિવારને જરૂરી વિધિ પુરી કરતા જ અકસ્માત મૃત્યુ સહાય રૂપિયા એક લાખ રજીસ્ટર્ડ વારસદારને ચૂકવાશે. તદુપરાંત કોડ કે આઈડી એક્ટિવ રહેશે અને દર વર્ષે રીન્યુ થતો રહેશે તો મૃત્યુ પામેલા વ્યક્તિના રજીસ્ટર વારસદારને લેવલ ઈન્કમ અને બાકીના તમામ લાભ મળતા રહશે જેની ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ બાંહેધરી આપે છે.

જે મિત્રો જોડાશે તેઓએ ફક્ત મિનિમમ પાંચ વ્યક્તિ જોડવાના રહેશે. જેથી મૃત્યુ સહાય તેમજ લેવલ ઈન્કમ શરૂ થઈ શકે બાકી આપ ધારો તેટલા વ્યક્તિ પોતાની ડાઉન લાઇનમાં જોડી શકશો. નીચેનું કોષ્ટક ઉદાહરણ જેમાં દર્શાવેલ આવકમાંથી TDS 5% ત્યાર બાદની આવકમાં 5% એડમીન ચાર્જ કાપી સંસ્થા દર સોમવારે આપની આવક Impsથી આપના એકાઉન્ટમાં જમા આપશે.

**વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો.**

ધનંજય ઝવેરી, ચેરમેન
M. 9978406923, 9904734000
અંકીતાબેન (MSW) : 9904733000

BPVP

## ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદ

ગુજરાતના નાગરિકો આનંદો...
ભારતવર્ષ પત્રકાર વિકાસ પરિષદને ફક્ત 3.550/-નું ડોનેશન આપી મેળવો

સંસ્થાનું આઈ કાર્ડ - એક લાખની અકસ્માત મૃત્યુ સહાય
એક વર્ષ માટે આપની જાહેરાત bpvp.org ઉપર મૂકી શકશો.
યોગ્ય લાગે તો પ્રચાર કરી અન્યને આપના આઈડીથી જોડશો તો આપને મળશે દસ લેવલની ઈન્કમ

આજે જ કોલ કરી વેબ સાઈટ સમજો.
M. 9978406923 - 9904734000
Web : www.bpvp.org

## જંગ-એ-ગુજરાત
અખબાર

જાહેરાત, પ્રેસનોટ અને આપને નડતી સમસ્યા, લોકપ્રશ્નો પ્રસિદ્ધ કરાવવા
આપની આજુબાજુ ચાલતા ભ્રષ્ટાચાર, અસામાજિક તત્વોને ઉજાગર કરવા સંપર્ક કરો

| | |
|---|---|
| ભરૂચ ઓફિસ | ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨<br>9904733000, 7574888860 |
| સુરત ઓફિસ | ૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.<br>9978406923 |
| રાજપીપળા ઓફિસ | ભરત શાહ : દરબાર રોડ, રાજપીપળા<br>9726577953, 9408975050 |

## જંગ-એ-ગુજરાત ગુજરાતના સુજ્ઞ નાગરિકો જોગ

આથી અમો "જંગ એ ગુજરાત"ના તંત્રીની સવિનય રજુઆત છે કે આપની આસપાસ ક્યાંય અજુગતું બનતું હોય, દારૂ, જુગાર, અસામાજિક તત્વોની કનડગત કે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોય જેવી કે રાશન કાર્ડના અનાજની કાળાબજારી, બે નંબરના બાયોડિઝલ જેવા પદાર્થોનું વેચાણ કે અન્ય કોઈ પણ સમસ્યા હોય તો અમને વોટ્સએપ દ્વારા ફોટા સહિત મોકલી આપશો જે "જંગ એ ગુજરાત" અખબાર બેખોફ લખી પ્રશાસનને માહિતગાર કરાવી તાત્કાલિક પગલાં ભરાવશે. આપનું નામ નંબર ગુપ્ત રહેશે. જેની મેનેજમેન્ટ ખાતરી આપે છે. સહકારની અપેક્ષાએ આપનો...

ધનંજય ઝવેરી
તંત્રી "જંગ એ ગુજરાત" ન્યુઝ પેપર
9978406257, 9978406923